અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ જાન્યુઆરી ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૯ | અંક : ૨૦૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આઈટી-ટેક્નોલોજી શેરોમાં આકર્ષક ખરીદી

## શેરબજાર રિકવરી મોડમાં, સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટ સુધર્યો

### ભારતીય શેર બજાર કારોબારી સપ્તાહના ત્રીજા દિવસે લીલા નિશાન પર બંધ

### એચડીએફસી બેંકના ત્રિમાસિક પરિણામો પછી શેરબજારમાં તીવ્ર ઉછાળો

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

ભારતીય શેર બજાર કારોબારી સપ્તાહના ત્રીજા દિવસે લીલા નિશાન પર બંધ થયુ છે. એચડીએફસી બેંકના ત્રિમાસિક પરિણામો પછી શેરબજારમાં તીવ્ર ઉછાળો આવ્યો છે, સેન્સેક્સ ૫૬૬ પોઈન્ટ વધ્યો જ્યારે નિફ્ટી ૨૩,૧૫૫ પર બંધ થયો છે.

ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૫૬૬ પોઈન્ટના ઉછાળા સાથે ૭૬,૪૫૨.૯૩ પર બંધ થયો. તેમ જ એનએસઈ પર નિફ્ટી ૦.૫૭ ટકાના વધારા સાથે ૨૩,૧૫૫.૩૫ પર બંધ થયો છે.

આજના ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીમાં ટોચના ગેઈનર્સની યાદીમાં ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો, ટેક મહિન્દ્રા, સન ફાર્માના શેરનો સમાવેશ થયો હતો. જ્યારે ભારત ઈલેક્ટ્રોનિક્સ, ટાટા મોટર્સ, ટ્રેન્ટ, અદાણી એન્ટરપ્રાઈઝ, એસબીઆઈના શેર ટોચના ઘટાડાવાળા શેરોની યાદીમાં સામેલ હતા.

આજે આઈટી સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં ટ્રેડ થયા હતા. રિયલ્ટી ઈન્ડેક્સમાં ૪ ટકાનો ઘટાડો થયો છે. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો ૨ ટકાથી વધુ ઘટ્યા જ્યારે નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો ૧.૫ ટકા ઘટ્યા છે. પાછલા સત્રના ઘટાડા બાદ સૂચકાંકો સાત મહિનાના નીચલા સ્તરે પહોંચ્યા બાદ રોકાણકારો સાવધાનીપૂર્વક પાછા ફર્યા હોવાથી આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં વધારો થયો હતો. બુધવારે ભારતીય રૂપિયો ૨૫ પૈસા વધીને ૮૬.૩૩ પ્રતિ



ડોલર પર બંધ થયો હતો, જ્યારે મંગળવારે તે ૮૬.૫૮ પ્રતિ ડોલર પર બંધ થયો હતો.

ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં ખુલ્યું. બીએસઈ પર સેન્સેક્સ ૨૪૯ પોઈન્ટના વધારા સાથે ૭૬,૧૦૯.૨૫ પર ખુલ્યો. તેમ જ એનએસઈ પર નિફ્ટી ૦.૩૮ ટકાના ઉછાળા સાથે ૨૩,૧૧૧.૩૫ પર ખુલ્યો હતો. ભારતીય શેરબજાર ગઈકાલે મોટા કડાકા સાથે સાત માસના તળિયે નોંધાયા બાદ આજે સુધર્યા છે. આઈટી અને ટેક્નોલોજી શેરોમાં મોટાપાયે લેવાલીના પગલે સેન્સેક્સ ઈન્ટ્રા ડે ૬૨૪.૭૭ પોઈન્ટ ઉછળ્યો હતો. જે અંતે ૫૬૬.૬૩ પોઈન્ટ ઉછળી ૭૬૪૦૪.૯૯ પર અને નિફ્ટી ૧૩૦.૭૦ પોઈન્ટ ઉછળી ૨૩૧૫૫.૩૫ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સ પેકમાં સામેલ આઈટી શેર ઈન્ફોસિસ ૩.૧૭ ટકા, ટીસીએસ ૨.૮૯ ટકા અને ટેક મહિન્દ્રા ૨.૨૮ ટકા ઉછળા સાથે બંધ રહ્યો હતો. એચસીએલ ટેક. ૧.૩૫ ટકા ઉછળ્યો હતો. આઈટી સેગમેન્ટના અમુક શેરોમાં આકર્ષક ખરીદીના પગલે ઈન્ડેક્સ ૧.૮૮ ટકા ઉછળ્યો હતો. જો કે, આઈટી ઈન્ડેક્સમાં સામેલ ૨૦ શેરમાં સુધારો અને ૩૬ શેરમાં ઘટાડો નોંધાયો હતો.

બીએસઈ ખાતે આજે કુલ ટ્રેડેડ ૪૦૫૯ શેર પૈકી ૧૧૫૯ શેર સુધર્યા હતા, જ્યારે ૨૭૮૬ શેર ઘટાડે બંધ રહ્યા હતા.

૮૧ શેર વર્ષની ટોચે અને ૧૫૫ શેર વર્ષના તળિયે પહોંચ્યા હતા. આ સિવાય ૩૧૩ શેરમાં લોઅર સર્કિટ અને ૧૮૨ શેરમાં અપર સર્કિટ નોંધાઈ હતી. જે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ રહેવા સાથે સાવચેતીનું વલણ રાખવા સંકેત આપે છે.

શેરબજારમાં આજે સ્મોલકેપ શેરોમાં ૧૫ ટકા સુધીનું ગાબડું જોવા મળ્યું હતું. બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં લિસ્ટેડ ૯૩૭ સ્ક્રિપ્સ પૈકી ૭૬૧માં મોટા કડાકા સાથે ઈન્ડેક્સ ૮૦૭.૮૬ પોઈન્ટ તૂટ્યો હતો. બીજી તરફ રિયાલ્ટી શેરોમાં મંદીનુ જોર વધ્યું છે. લોધા ડેવલપર્સ ૫.૮૫ ટકા, ગોદરેજ પ્રોપર્ટીઝ ૫.૧૮ ટકા, ઓબેરોય રિયાલ્ટી ૫.૦૦ ટકા તૂટ્યો છે. છેલ્લા ત્રણથી ચાર ટ્રેડિંગ સેશનમાં રિયાલ્ટી શેરો સતત તૂટી રહ્યા છે.

એનર્જી, મેટલ, અને પીએસયુ શેરોમાં પ્રોફિટ બુકિંગના પગલે સેન્ટિમેન્ટ ખરડાયા હતા. એફઆઈઆઈની સતત વેચવાલી તેમજ આર્થિક મંદીની ભીતિ વચ્ચે રોકાણકારો સાવચેત બન્યા છે. રોકાણકારો ટ્રમ્પની નીતિ અને આગામી બજેટમાં રજૂ થનારી જાહેરાતો મુદ્દે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે.

### ગભરાટમાં અનેક લોકોએ બિલ્ડિંગ પરથી કૂદકા માર્યા

## તુર્કીના સ્કી રિસોર્ટમાં ભીષણ આગ

### હોટેલમાં ફાટી નીકળેલી આગમાં ૫૧ લોકોને ઇજા થઈ હતી, ઇજાગ્રસ્તોમાં કેટલાકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે



। (એજન્સી) અંકારા, તા.૨૨ ।

તુર્કિયેમાં જાણીતી ૧૨ માળની સ્કિ રિસોર્ટની હોટેલમાં ભીષણ આગને પગલે ૭૫ લોકોના મોત થયા છે. ઈસ્તંબુલની પૂર્વમાં ૩૦૦ કિમી. દૂર આવેલા રિસોર્ટની ઘટનામાં વ્યાપક નુકસાનના અહેવાલ છે. હોટેલમાં ફાટી નીકળેલી આગમાં ૫૧ લોકોને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોમાં કેટલાકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. બોલુ પ્રાંતના કર્તાલકાયા રિસોર્ટની ગ્રાન્ડ કર્તાલ હોટેલમાં વહેલી સવારે ૩:૨૭ કલાકે આગ લાગી હોવાના સમાચાર મળ્યા હતા. ફાયરબ્રિગેડે ૪.૧૫ કલાકે કામગીરી શરૂ કરી દીધી હતી. તુર્કિયેના આંતરિક મંત્રી અલી યર્લિકાયાએ જણાવ્યું હતું કે, ‘‘અમે બહુ દુઃખ અનુભવી રહ્યા છીએ. આગમાં ૬૬ લોકોએ જીવ ગુમાવ્યો છે.’’ આરોગ્ય મંત્રી કેમાલ મેમિસોગ્લુએ જણાવ્યું હતું કે, ‘‘ઈજાગ્રસ્તોમાં એક વ્યક્તિ ગંભીર સ્થિતિમાં છે. જ્યારે ૧૭ લોકોને સારવાર પછી રજા આપ વામાં આવી છે.’’સરકારે આગની તપાસ માટે છ સભ્યોની નિમણૂક કરી છે. આગ હોટેલના રેસ્ટોરન્ટમાંથી શરૂ થઈ હોવાની આશંકા છે. અગાઉ ગવર્નર અબ્દુલઝીઝ અયદીને જણાવ્યું હતું કે, ‘‘બે વ્યક્તિએ ગભરાટમાં બિલ્ડિંગ પરથી કૂદકો માર્યો હતો, જેમાં તેમનું મૃત્યુ થયું હતું. કેટલાક લોકોએ રુમમાંથી ચાદરો અને બ્લેન્કેટ દ્વારા નીચે ઉતરવાનો પ્રયાસ કર્યો હતો.’’ પ્રમુખ રિસેપ તય્યિપ અર્ડોગને જણાવ્યું હતું કે, ‘‘સવારે બોલુ ખાતેની હોટેલમાં આગ લાગવાથી આપણા ભાઈઓ અને બહેનોએ જીવ ગુમાવ્યો છે. ઘટના માટેના દોષિતોને શોધવા તમામ જરૂરી પગલાં લેવાશે.’’

### ન્યૂઝ બ્રિફ

#### ફડણવીસ સરકારના નિર્ણય સામે શિવસૈનિકો લાલઘૂમ

। મુંબઈ, તા.૨૨ ।

મહારાષ્ટ્રમાં નાસિક અને રાયગડના પ્રભારી મંત્રીઓ મુદ્દે વિવાદ સતત વધી રહ્યો છે. શિવસેનાના નેતા અને રોજગાર ગેરેંટી મંત્રી ભરત ગોગાવલેના સમર્થકોએ પક્ષના અધ્યક્ષ એકનાથ શિંદેના ઘરે ધરણા શરૂ કર્યા છે. મંગળવાર સાંજે સાઉથ મુંબઈમાં સ્થિત એકનાથ શિંદેના નિવાસ મુક્તાગિરીની બહાર ગોગાવલેના સમર્થકોએ સુત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. શિવસેનાના કોઈપણ નેતાને પ્રભારી મંત્રી ન બનાવતાં પક્ષ સતત વિરોધ કરી રહ્યું છે.

#### કોટામાં NEET ની તૈયારી કરતી યુવતીનો આપઘાત

। કોટા, તા.૨૨ ।

રાજસ્થાનના કોટા જિલ્લામાં બુધવારે બપોરે વધુ એક વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હતી. આ ઘટના શહેરના જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની છે, જ્યાં વિદ્યાર્થી અફશા શેખ નામની યુવતીએ પંખા સાથે લટકીને આત્મહત્યા કરી હતી. આપઘાત કરી લેનાર અફશા ગુજરાતના અમદાવાદ શહેરની રહેવાસી હતી અને છ મહિના પહેલા કોટા આવી હતી જેથી તે રાજીવ નગર વિસ્તારમાં આવેલી હોસ્ટેલમાં રહીને NEET પરીક્ષાની તૈયારી કરી શકે. અફશાનો મૃતદેહ હોસ્ટેલના રૂમમાં પંખાથી લટકતો મળી આવ્યો હતો, જેને પોલીસે એમબીએસ હોસ્પિટલના પીએમ રૂમમાં રાખ્યો હતો. પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

### મોદી કેબિનેટે ખેડૂતોના હિતમાં એક મોટો નિર્ણય લીધો

## કાચા શણના MSPમાં લગભગ ૬% વધારો કરવાનો નિર્ણય લેવાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

મોદી સરકારે સૌપ્રથમ સરકારી કર્મચારીઓને આઠમાં પગાર પંચની ભેટ આપી હતી. હવે સરકારે ખેડૂતોને ભેટ આપી છે. સરકારી કર્મચારીઓ પછી, હવે ખેડૂતોને પણ રાહત થશે. બુધવારે મોદી કેબિનેટે આ સંદર્ભમાં એક મહત્વ પૂર્ણ નિર્ણય લીધો છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે, આજે પીએમ મોદીના નેતૃત્વમાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતો અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારે કાચા શણના MSPમાં લગભગ ૬% વધારો કરવાનો નિર્ણય લીધો છે.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કેબિનેટ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ‘વર્ષ ૨૦૨૫-૨૬ માટે કાચા શણના MSPમાં લગભગ ૬ ટકાનો



વધારો કરવામાં આવ્યો છે. આ કિંમત કરતાં ૬૭ ટકા વધુ છે. ગયા વર્ષ કરતાં આ ૩૧૫ રૂપિયા વધુ છે. ૨૦૨૫ થી ૨૦૨૬ ના સત્ર માટે કાચા શણનો ભાવ પ્રતિ ક્વિન્ટલ ૫૬૫૦ રૂપિયા રહેશે. તેમણે કહ્યું કે, મોદી સરકારે શણના વપરાશ માટે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આનાથી ખેડૂતોને ફાયદો થશે.

#### મોદી કેબિનેટના અન્ય નિર્ણયો

આ બેઠકમાં ૨૦૨૫-૨૬ સીઝન માટે (કાચા શણ) ના લઘુત્તમ ટેકાના ભાવ (MSP)માં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાષ્ટ્રીય આરોગ્ય મિશનને ૨૦૨૫ અને ૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશભરમાં આયુષ્માન આરોગ્ય મંદિર કેન્દ્રો ખુલી ગયા છે. ૧ લાખ ૭૨ હજાર કેન્દ્રો ખોલવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં ૪.૫ લાખ લોકોએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ડાયાલિસિસનો લાભ લીધો છે.

#### ગયા અઠવાડિયે કેન્દ્રીય કર્મચારીઓને ભેટ મળી

ગુરુવારે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનરોના ભથ્થામાં સુધારો કરવા માટે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી હતી. આ પગલાથી લગભગ ૫૦ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને લગભગ ૬૫ લાખ પેન્શનરોને ફાયદો થશે.

### કેબિનેટ મંત્રીઓ સાથે કરી પૂજા-અર્ચના

## મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ત્રિવેણી સંગમમાં કર્યું શાહી સ્નાન

### મુખ્યમંત્રીએ ત્રણ નવી મેડિકલ કોલેજ બનાવવાની જાહેરાત કરી અને કહ્યું કે પ્રદેશમાં રોકાણના પણ ઘણા પ્રસ્તાવ આવ્યા છે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે ૨૨ જાન્યુઆરી બુધવારે પોતાના કેબિનેટ મંત્રીઓની સાથે પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. યુપી સરકારના મંત્રીઓનો ગંગા સ્નાનનો વીડિયો પણ સામે આવ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫માં એક વિશેષ કેબિનેટ બેઠકની અધ્યક્ષતા કરી. યુપીના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે અહીં આજે કેબિનેટની બેઠક થઈ છે જેમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. આજે પવિત્ર સંગમમાં સ્નાન કરીને હું ગંગા અને યમુનાને પ્રણામ



કરું છું... અખિલેશ યાદવજીને માનસિક અને દ્રષ્ટિ દોષ થઈ ગયો છે. તેની સારી રીતે સારવાર કરાવો. કુંભના સમયે આવા નિવેદન આપવા, અહીં રાજકારણ કરવું ખૂબ ખરાબ વાત છે. હું પ્રાર્થના કરીશ કે ભગવાન તેમને સદ્બુદ્ધિ આપે. પ્રયાગરાજ મહાકુંભમાં યુપી કેબિનેટની બેઠક બાદ સીએમ યોગીએ ઘણી મોટી જાહેરાતો કરી છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં ત્રણ નવી મેડિકલ કોલેજ બનાવવાની જાહેરાત કરી અને કહ્યું કે પ્રદેશમાં રોકાણના પણ ઘણા પ્રસ્તાવ આવ્યા છે. આ દરમિયાન પ્રયાગરાજ, વારાણસી અને આગ્રાને મોટી ભેટ આપી છે.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે મહાકુંભમાં અત્યાર સુધી ૯.૧૫ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં આસ્થાની ડુબકી લગાવી છે. સમગ્ર મંત્રી પરિષદ તરફથી મહાકુંભમાં આવતાં તમામ ભક્તો શ્રદ્ધાળુઓનું સ્વાગત છે. આજની બેઠકમાં ઘણા મુદ્દા પર ચર્ચા થઈ. પ્રદેશના વિકાસ સાથે જોડાયેલા નીતિગત નિર્ણય થયા છે. તેમાં ત્રણ જિલ્લામાં મેડિકલ કોલેજ બનાવવા પર મોહર લગાવાઈ છે. જે હેઠળ બાગપત, હાથરસ અને કાસગંજમાં મેડિકલ કોલેજ બનાવવામાં આવશે.

### એકઝાટકે ૧૭ ના મોત થતાં સરકાર ચિંતિત

## જમ્મુ-કાશ્મીરમાં અચાનક ફેલાઇ રહસ્યમીય બીમારી

। (એજન્સી) જમ્મુ, તા.૨૨ ।

દેશમાં વધુ એક રહસ્યમયી બીમારી ફેલાવવાના રિપોર્ટ સામે આવ્યા છે. હાલમાં ઉત્તર ભારતમાં જમ્મુ-કાશ્મીરમાં એક રહસ્યમયી બીમારીની એન્ટ્રી થઈ છે. જમ્મુના રાજૌરીમાં આ રહસ્યમય બીમારીની ઝપેટમાં આવવાથી ૧૭ લોકોના મોત થયાં હડકંપ મચી ગયો છે, આ મરનારાઓમાં એક જ પરિવારના ૮ લોકો પણ સામેલ છે.

અચાનક થઈ રહેલા મોતના કારણે સરકારી તંત્ર એક્શનમાં આવ્યુ છે. રવિવારે એક ઉચ્ચ સ્તરીય આંતર-મંત્રી ટીમ જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં પહોંચી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે દૂરના બાધલ ગામમાં ત્રણ સંબંધિત પરિવારોના મૃત્યુ પાછળના કારણોની તપાસ માટે આંતર-મંત્રી ટીમની રચના કરવાનો આદેશ આપ્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, જમ્મુની SMGS હૉસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા મોહમ્મદ અસલમના ૬ બાળકોમાંથી છેલ્લી યાસ્મીન કૌસરનું આજે સાંજે અવસાન થયું હતું. કૌસરના પાંચ ભાઈ-બહેન અને દાદા-દાદી ગયા અઠવાડિયે મૃત્યુ પામ્યા હતા. ૭ થી ૧૨ ડિસેમ્બરની વચ્ચે ગામના બે પરિવારોના નવ અન્ય સભ્યોના મૃત્યુ થયા.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ કહ્યું, જમ્મુ અને કાશ્મીર આરોગ્ય વિભાગ અને અન્ય વિભાગોએ મૃત્યુની તપાસ કરી, પરંતુ હજુ સુધી ચોક્કસ કારણ જાણી શકાયું નથી.


### કેજરીવાલે મધ્યમ વર્ગ લોકો માટે મોટી જાહેરાત કરી

## અમારી સરકાર બનશે તો અમે મધ્યમ વર્ગને ટેક્સમાં રાહત આપવાનું કામ કરીશું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બુધવારે (૨૨ જાન્યુઆરી) ના રોજ મધ્યમ વર્ગ લોકો માટે મોટી જાહેરાત કરી. તેમણે કહ્યું કે જો દિલ્હીમાં ચોથી વખત અમારી સરકાર બનશે તો અમે મધ્યમ વર્ગને ટેક્સમાં રાહત આપવાનું કામ કરીશું. તેમણે કહ્યું કે મધ્યમ વર્ગ પર ટેક્સનો બોજ સૌથી વધુ છે. તેમણે એમ પણ કહ્યું કે મધ્યમ વર્ગ માત્ર એટીએમ બની ગયો છે.

તેમણે કહ્યું કે હજારો સામાન્ય લોકો જેઓ સાથે મળીને દેશ ચલાવે છે તે મધ્યમ વર્ગ છે. આપણા દેશમાં મધ્યમ વર્ગ સૌથી વધુ પરેશાન છે. મધ્યમ વર્ગના લોકોની ૫૦ ટકાથી વધુ આવક ટેક્સ ભરવામાં જાય છે. આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બુધવારે (૨૨ જાન્યુઆરી) ના રોજ મધ્યમ વર્ગ લોકો માટે મોટી જાહેરાત કરી. તેમણે કહ્યું કે જો



દિલ્હીમાં ચોથી વખત અમારી સરકાર બનશે તો અમે મધ્યમ વર્ગને ટેક્સમાં રાહત આપવાનું કામ કરીશું. તેમણે કહ્યું કે મધ્યમ વર્ગ પર ટેક્સનો બોજ સૌથી વધુ છે. તેમણે એમ પણ કહ્યું કે મધ્યમ વર્ગ માત્ર એટીએમ બની ગયો છે. તેમણે કહ્યું કે હજારો સામાન્ય લોકો જેઓ સાથે મળીને દેશ ચલાવે છે તે મધ્યમ વર્ગ છે. આપણા દેશમાં મધ્યમ વર્ગ સૌથી વધુ પરેશાન છે. મધ્યમ વર્ગના લોકોની ૫૦ ટકાથી વધુ આવક ટેક્સ ભરવામાં જાય છે.

### ૧૦ ટકા ટેરિફ લગાવવાની કરી જાહેરાત

## અમેરિકાના રાષ્ટ્રપતિએ ચીન વિરુદ્ધ લીધો મોટો નિર્ણય

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમની સરકાર ૧ ફેબ્રુઆરીથી ચીન પર ૧૦ ટકા ટેરિફ લાદવાનું વિચારી રહી છે. ટ્રમ્પે કહ્યું કે ચીન પર ટેરિફ લાદવાનો નિર્ણય એ હકીકત પર આધારિત હશે કે તે મેક્સિકો અને કેનેડામાં ફેન્ટાનિલ મોકલી રહ્યું છે કે નહીં. ફેન્ટાનિલ એક એવું માદક દ્રવ્ય છે જે હેરોઈન કરતાં ૫૦ ગણું વધુ શક્તિશાળી અને વ્યસનકારક છે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઓરેકલના ચીફ ટેકનોલોજી ઓફિસર લેરી એલિસન, સોફ્ટબેંકના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર માસાયોશીસોન અને ઓપન એઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું હતું કે "અમે ચીન પર ૧૦ ટકા ટેરિફ લાદવા જઈ રહ્યા છીએ જે મેક્સિકો અને કેનેડાને ચીન તરફ ફેન્ટાનાઈલ મોકલવાના ફેક્ટ પર આધારિત હશે. એક સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે તેઓ ૧ ફેબ્રુઆરીથી ડ્યુટી લાગુ કરવાનું વિચારી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, "અમે મેક્સિકો અને ચીન પર ૨૫ ટકા ટેરિફ લાદવાની વાત કરી રહ્યા છીએ." બીજા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે ગયા અઠવાડિયે જ્યારે તેમણે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરી હતી ત્યારે અમે ટેરિફ વિશે વધુ વાત કરી ન હતી. "જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમણે શી જિનપિંગને યુક્રેનમાં યુદ્ધ રોકવા માટે હસ્તક્ષેપ કરવા કહ્યું હતું ત્યારે ટ્રમ્પે કહ્યું કે ચીને આ સંદર્ભમાં વધુ કંઈ કહ્યું નથી.

## હનીટ્રેપઃ સુરતમાં કારમાં લિફ્ટ લેવાના બહાને મહિલાએ વેપારીને ફસાવ્યો

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરતના એક વેપારી હનીટ્રેપ માં ફસાયા હોવાનો એક કિસ્સો સામે આવ્યો છે. વેપારી પોતાની કાર લઈને પસાર થઈ રહ્યાં હતા, ત્યારે પાછળ પીછો કરતી એક મહિલાને જોઈ વેપારીએ કાર રોકી હતી. કાર રોકતા જ મહિલા વેપારીની કારમાં બેસી ગઈ હતી અને શરીર સુખની ઓફર કરી હતી. જાળમાં ફસાયેલા વેપારીને એક રુમમાં લઈ જઈ મહિલાએ સાગરીતો સાથે મળી વેપારીનો નગ્ન અવસ્થાનો વીડિયો ઉતારી લીધો હતો. વિડિયો વાઈરલ કરવાની ધમકી આપી આ ગેંગે વેપારી પાસેથી ૧.૪૫ લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ પણ બ્લેકમેલિંગ ચાલુ રહેતા વેપારી પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી.ઉત્રાણમાં રહેતા ૫૭ વર્ષીય વેપારી વરાછા મિનીબજારમાં હીરાની પેઢી ધરાવે છે. ગત ૨૪મી ડિસેમ્બરે કાર લઈ ઘરે જવા નીકળ્યા હતા. તે વખતે તેમણે જોયું હતું કે, એક મોપેડસવાર યુવતી સતત તેમની કારનો પીછો કરી રહી છે. મામલો શું છે તે સમજવા તેણે કાર ઉત્રાણમાં આવેલા મોલ પાસે ઊભી રાખી દેતાં આ યુવતીએ મોપેડ તેમની કારની પાસે પાર્ક કરી સીધી જ દરવાજો ખોલી કારમાં આવી ગઈ હતી. કારમાં બેસી વેપારીને સીધી જ શરીરસુખની ઓફર કરી મોબાઈલ નંબર લેવાની સાથે પોતાનો નંબર પણ આપ્યો હતો.છ દિવસ બાદ યુવતી વેપારીને મળવા બોલાવી વરાછા ભગુનગર પાસે મકાનમાં લઈ ગઈ હતી. બાદમાં પોતાનો ઘરવાળો આવ્યો હોવાનું કહીને દરવાજો ખોલી દેતા બે યુવકો અંદર ધસી આવ્યા હતા અને વેપારીનો નગ્ન અવસ્થાનો વીડિયો મોબાઈલ ફોનમાં ઉતારીને બરાબર સકંજામાં લીધો હતો. બાદમાં વેપારીને બ્લેકમેઈલ કરીને રૂપિયા પડાવ્યા હતા. અંગે વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા કાર્યવાહી કરાઈ હતી.



કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ વિશ્વ કપ વિજેતા ખો-ખો ટીમનું કર્યું સન્માન.

### વિદ્યાર્થીનીની આત્મહત્યાના કેસમાં ડીઇઓની તપાસનો ધમધમાટ

## રાજ્યમાં વિદ્યાર્થીને ફી અંગે હેરાન ન કરવા ડીઇઓની સ્કૂલોને સૂચના

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરતના ગોધરા વિસ્તારમાં એક વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. તે ગોડાદરા વિસ્તારમાં રહેતી હતી અને આદર્શ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. ફી ન ભરવાને કારણે, શાળા મેનેજમેન્ટે વિદ્યાર્થીને બે દિવસ સુધી શૌચાલય પાસે ઉભો રાખ્યો.

સુરતના ગોડાદરા વિસ્તારમાં એક વિદ્યાર્થીનીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. તે ગોડાદરા વિસ્તારમાં રહેતી હતી અને આદર્શ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. ફી ન ભરવાને કારણે, શાળા મેનેજમેન્ટે વિદ્યાર્થીને બે દિવસ સુધી શૌચાલય પાસે ઉભો રાખ્યો. આઠમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની સાથે અનેક વખત આવા કૃત્યો કર્યા પછી, તેઓ તેના પર દબાણ કરતા રહ્યા. આખરે વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થીની આત્મહત્યા બાદ પરિવારમાં અંધાધૂંધીનો માહોલ છે. હાલમાં ગોડાદરા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. સુરતની બાળકીની હત્યાની ઘટનામાં સરકાર જાગી છે અને સુરત ડીઈઓ રોહિત ચૌધરીએ તપાસના આદેશ આપ્યા છે. તેણે જણાવ્યું હતું કે સ્કૂલે ચોક્કસપણે નિયમનો ભંગ કર્યો છે. કોઈપણ સ્કૂલ વિદ્યાર્થી પાસે ફી માંગી ન શકે તે સર્વવિદિત વાત છે. આ સંજોગોમાં સ્કૂલે વિદ્યાર્થીની પાસેથી ફીની માંગણી કરતા નિયમનો ભંગ કર્યો છે. તેની સાથે વિદ્યાર્થીનીની તેટલી પજવણી કરી કે તેણે આત્મહત્યા કરી લીધી. આ અંગે ડીઈઓએ તપાસ શરૂ કરી છે. તેની સાથે અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરોના ડીઈઓએ પણ સ્કૂલોને સૂચના જારી કરી છે કે ફી મુદ્દે વિદ્યાર્થીનીઓની પજવણી કરવામાં ન આવે.

ધોરણ ૮ ની વિદ્યાર્થિની સાથે વારંવાર દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને પછી તેના પર દબાણ લાવવામાં આવ્યું. આખરે વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થીની આત્મહત્યાથી પરિવારમાં શોકનો માહોલ છે. હાલમાં ગોડાદરા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. પરિવારનો આરોપ છે કે શાળાના કારણે તેમને તેમની પ્રિય પુત્રી ગુમાવવી પડી. મૃતક પુત્રીના પિતા રાજુલાલ ખટીકે જણાવ્યું હતું કે મારી પુત્રીને પરીક્ષા પણ આપવા દેવામાં આવી ન હતી. તે રડતી ઘરે આવી. પછી અમે શિક્ષકને ફોન કર્યો.

## અમદાવાદ અને સુરતમાં સ્કૂલ બસને અકસ્માત નડ્યો

।(એજન્સી) અમદાવાદ, તા.૨૨।

રાજ્યમાં અવાર નવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે, ત્યારે અમદાવાદ અને સુરતમાં સ્કૂલ બસને અકસ્માત નડ્યો છે. સુરતમાં આઈસર ટેમ્પામાંથી ક્રેઈન પડતાં બસ સાથે અથડાયું હતું, જ્યારે અમદાવાદ સ્કૂલ બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જોકે સદનસીબે આ બંને અકસ્માતમાં કોઈ જાનહાનિ સજાઈ નથી. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના ઉમરામાં પારલે પોઈન્ટ રોડ પર સ્કૂલ બસને અકસ્માત નડ્યો હતો. આઈસર ટેમ્પામાંથી ક્રેઈન પડતાં બસ સાથે અથડાયું હતું. આ સ્કૂલમાં ૨૫ વિદ્યાર્થીઓ અને ૩ શિક્ષકો સવાર હતા. અકસ્માત સર્જાતા વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટ્યા હતા અને માંડ માંડ વિદ્યાર્થીઓનો જીવ બચ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્કૂલબસમાંથી ઉતારી લેવામાં આવ્યા હતા. આઈસર ચાલક બેફામ ગતિએ વાહન હંકારી રહ્યો હોવાનો સ્થાનિકો રહીશોએ આક્રોશ કર્યો હતો.

## જયપુર ડિવિઝનના હિરનોદા-ફુલેરા-ભાંવસા સેક્શનમાં ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ સિસ્ટમના કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

। અમદાવાદ, તા.૨૨ ।

ઉત્તર પશ્ચિમ રેલ્વેના જયપુર ડિવિઝન પર હિરનોદા-ફુલેરા-ભાંવસા સેક્શનમાં ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ સિસ્ટમ માટેના ટેકનિકલ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

**સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનો :**

૧. ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૪૩૨૨ ભુજ-બરેલી એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૪૩૨૧ બરેલી-ભુજ એક્સપ્રેસ રદ રહેશે.

**પરિવર્તિત માર્ગ થી ચાલનારી ટ્રેનો :**

૧. ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ની ટ્રેન નંબર ૧૪૭૦૨ બાંદ્રા ટર્મિનસ-શ્રી ગંગાનગર અરાવલી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મારવાડ-અજમેર-જયપુર-સીકર-ચુરુ ના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા મારવાડ-જોધપુર-ડેગાના-રતનગઢ-ચુરુ ના રસ્તે ચાલશે.

૨. ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાઈ રોહિલ્લા એક્સપ્રેસ, નિર્ધારિત માર્ગ મારવાડ-અજમેર-જયપુર-અલવર-રેવાડી ના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા મારવાડ-જોધપુર-ડેગાના-સાદુલપુર-રેવાડી ના રસ્તે ચાલશે.

૩. ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ની ટ્રેન નં. ૧૪૭૦૧ શ્રી ગંગાનગર-બાંદ્રા ટર્મિનસ અરાવલી એક્સપ્રેસ, નિર્ધારિત માર્ગ ચુરુ-સીકર-જયપુર-અજમેર-મારવાડ ના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ચુરુ-રતનગઢ-ડેગાના-જોધપુર-મારવાડ ના રસ્તે ચાલશે.

૪. ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૪૦૮ વારાણસી-સાબરમતી એક્સપ્રેસ, નિર્ધારિત માર્ગ રેવાડી-અલવર-જયપુર-અજમેર-મારવાડ ના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-લોહારુ-ડેગાના-જોધપુર-મારવાડના રસ્તે ચાલશે.

૫. ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ની ટ્રેન નંબર ૨૨૪૫૨ ચંદીગઢ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ રેવાડી-રિંગસ-ફુલેરા-અજમેર-મારવાડના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા રેવાડી-લોહારુ-સાદુલપુર-રતનગઢ-ડેગાના-જોધપુર-મારવાડ ના રસ્તે ચાલશે.

**રિશેડ્યૂલ ટ્રેન**

● ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ટ્રેન નં. ૧૯૪૧૧ સાબરમતી-દૌલતપુર ચોક એક્સપ્રેસ સાબરમતીથી બે કલાક રિશેડયુલ થશે.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

### લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયો

## સુરતમાં બિલ્ડરના પુત્રને સ્ટંટ કરવો ભારે પડ્યો

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરત શહેરમાં જાણે યુવાનોને સ્ટંટ કરવા માટેનું ઘેલું લાગ્યું હોય તેવી ઘટનાઓ સતત સામે આવી રહી છે. સુરતના વેસુ ખાતે ગઈકાલે મોડી રાત્રે એક ગાડી ડિવાઈડર સાથે ઘૂસી ગઈ હતી અને બે વ્યક્તિઓને ઈજા થઈ હતી. જોકે ગાડીમાં સવાર બંને યુવકોને ઈજા થતાં સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને આ બંને યુવકોને બહાર કાઢી સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલખાતેખસેડવામાંઆવ્યાહતા.અકસ્માતના પગલે કારનો આગળનો ભાગ ચકનાચૂર થઈ જવા પામ્યો હતો. નજીકના સીસીટીવી ફૂટેજ પોલીસે તપાસ્યા ત્યારે ખબર પડી કે આ ગાડીમાં સવાર યુવક સ્ટંટ કરતો હતો અને તે વિશ્વ વિખ્યાત બિલ્ડરનો પુત્ર મોહિત હોવાનું સામે આવ્યું હતું. જોકે આ મામલે આ યુવક વિરુદ્ધ હજુ સુધી પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નથી આવી તેને લઈને સવાલો ઊભા થયા છે. આ નબીરો એ છે કે જે ત્રણ મહિના પહેલા ઓક્ટોબર ૨૦૨૪માં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં એક કારચાલક વહેલી સવારે ખુલ્લો રોડ હોય તેનો લાભ લઈ સ્ટંટ કરી રહ્યો હતો. પરંતુ આ સ્ટંટના કારણે આજુબાજુના બિલ્ડીંગ અને એપાર્ટમેન્ટના લોકો જાગી ગયા હતા. તે વીડિયો વેસુ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા ઉધના મગદલ્લા રોડ ઉપર આવેલ સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ પાસેનો હતો. ગાડીનો નંબર મેળવી કારચાલક મોહિત ચૌહાણ છે, જેના પિતા બિલ્ડર છે.

### ભૂસ્તર વિભાગ દ્વારા સતત કાર્યવાહી ચાલું

## ગાંધીનગરમાં રેતી માફિયાઓ સામે ભૂસ્તર વિભાગે તવાઈ બોલાવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીનગરમાં રેતી માફિયાઓ સામે ભૂસ્તર વિભાગ દ્વારા સતત કાર્યવાહી ચાલું રાખવામાં આવી છે. ૨ દિવસમાં રેતીની ગેરકાયદે હેરફેર કરતા વધુ ૪ વાહનો પકડીને ૧ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી રોજે રોજ વાહનો પકડવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીએ ગેરકાયદે રેતીની હેરફેર અને ખનન અટકાવવા માટે વિવિધ ટીમો બનાવી છે. ભૂસ્તર વિભાગની ટીમોના ચેકીંગ દરમિયાન રવિવારના રોજ સાદી રેતી ખનિજના બિનઅધિકૃત વહન કરતા કુલ ૪ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાના વલાદ પાસેથી ડમ્પર નં. GJ-27-TD-7199માં સાદીરેતી ખનિજનું રોયલ્ટી પાસ વગર વહન કરતા તથા વૈષ્ણોદેવી સર્કલ ગાંધીનગર પાસેથી ડમ્પર નં. GJ-24-X-5116માં સાદીરેતી ખનિજના રોયલ્ટી પાસ વગર વહન કરતાં પકડી પાડવામાં આવ્યા છે. ગાંધીનગર ઉવારસદ, કર્ણાવતી યુનિવર્સીટી પાસેથી સોમવારના રોજ ડમ્પર નં- AS-02-DC-6128માં સાદીરેતી ખનીજ રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતા તથા ડમ્પર નં- NL-07-AA-3817માં સાદીરેતી ખનીજ રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતા પકડવામાં આવ્યા છે. એમ કુલ ૪ વાહનો સહિત ૧ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

### ઈન્સ્ટાગ્રામ મારફતે યુવાન સાથે પ્રેમ થયો હતો

## સોશિયલ મીડિયાના પ્રેમે વધુ એક યુવતીને ખોટું પગલું ભરવા મજબૂર કરી

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

વરાછા વિસ્તારમાં ૧૭ વર્ષની તરુણીને ઈન્સ્ટાગ્રામ મારફતે યુવાન સાથે પ્રેમ થયો હતો પરંતુ પ્રેમીએ બીજી જગ્યાએ લગ્ન કરી લેતા યુવતીએ આપઘાતનો પ્રયાસ કર્યોકહેવાય છે કે, વર્તમાન યુગ એ આધુનિક અને ટેક્નોલોજીનો યુગ છે ત્યારે તેના અનેક ફાયદા છે તો બીજી તરફ સાવધાની ન રાખીએ તો તેના ગેરફાયદા પણ ઘણા બધા છે. ત્યારે આ યુગમાં સોશિયલ મીડિયાના માધ્યમથી પાંગરતા પ્રેમ અને પ્રેમીઓ માટે ચેતવણી જનક કિસ્સો સામે આવ્યો છે. સુરતમાં સોશિયલ મીડિયાના પ્રેમે વધુ એક યુવતીને આપઘાત કરવા મજબૂર બનાવી છે.વરાછા વિસ્તારમાં ૧૭ વર્ષની તરુણીને ઈન્સ્ટાગ્રામ મારફતે યુવાન સાથે પ્રેમ થયો હતો. જે પ્રેમ સંબંધ બાદ યુવાન સાથે અનેક વખત શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા. યુવાને અન્યત્ર લગ્ન કરી લેતા તરુણીએ આઘાતમાં આવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેણે ત્રીજા માળથી કૂદીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ઘાયલ તરુણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. સમગ્ર ઘટનાના પગલે વરાછા પોલીસે ફરિયાદ નોધીને વધુ તપાસ શરૂ કરી છે. આરોપીનું નામ સોહમ શાર્દૂલ ગોહિલ હોવાની વિગતો સામે આવતા પોલીસે આરોપીને દબોચવા ચક્રો ગતિમાન કર્યા છે.

### સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારવાના કેસ

## દહેગામની સગીરાનું અપહરણ કરનારા આરોપીને ૨૦ વર્ષની કેદ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

દહેગામ તાલુકાની સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષ કેદની સજા ફટકારી છે. કેસની વિગતો મુજબ, ૨૪-૦૯-૨૦૨૨ના રોજ દહેગામના ચેખલાપગી ગામે રહેતા દશરથસિંહ દીપસિંહ રાઠોડે નજીકમાં રહેતી પરિચિત સગીરાને ફોસલાવી અપહરણ કર્યું હતું. સગીરાના પિતાએ દશરથસિંહ સામે દહેગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી સગીરાને ઉગારી હતી. દહેગામ પોલીસે આરોપીની ધરપકડ બાદ ચાર્જશીટ રજૂ કર્યું હતું. ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં બીજા એડી. સેશન્સ જજ એસ.ડી. મેહતા સમક્ષ આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સાક્ષી અને પુરાવાઓના આધારે સરકારી વકીલ સુનિલ એસ. પંડ્યાએ ધારદાર દલીલો કરી હતી. બનાવ સમયે સગીરાની ઉંમર માત્ર ૧૬ વર્ષ અને ૪ મહિના હતી. આ હકીકત જાણવા છતાં આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. સમાજમાં આ પ્રકારના ગુના અટકે અને દાખલો બેસે તે હેતુથી આરોપીને સખત સજા કરવા કોર્ટમાં રજૂઆત થઈ હતી. બંને પક્ષની દલીલો બાદ પુરાવાના આધારે કોર્ટે આરોપી દશરથસિંહ દીપસિંહ રાઠોડને ૨૦ વર્ષ કેદની સજા અને રૂ.૧૦,૦૦૦નો દંડ ભરવા હુકમ કર્યો હતો.

# મહાકુંભ ૨૦૨૫ : સંસ્કૃતિ અને પ્રૌદ્યોગિકી સંગમ

। લેખક : જયા વર્મા સિન્હા ।

ગંગા, જેને ભારતીય ઉપમહાદ્વીપની સૌથી પવિત્ર અને મ્હહ્ત્વપૂર્ણ નદી માનવામાં આવે છે. ના કેવળ ભારત ની સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ નથી, પરંતુ તે સમગ્ર ભારતીય સમાજના જીવનનો એક અભિન્ન ભાગ પણ છે.

મહાકુંભ એક એવો પ્રસંગ છે જ્યારે લાખો યાત્રાળુઓ ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર આશીર્વાદ મેળવવા માટે પ્રયાગ આવે છે. આ આયોજન માત્ર ધાર્મિક દષ્ટિકોણથી જ મહત્વ પૂર્ણ નથી, પરંતુ તે ભારતીય સમાજની વિવિધતા અને એકતાનું પણ પ્રતીક છે. દર ૧૨ વર્ષે યોજાતો મહાકુંભ વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળો છે, જેમાં આ વર્ષે લગભગ ૩૦ કરોડ શ્રધ્ધાળુઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

આ વિશાળ આયોજન માં શ્રદ્ધાળુઓની અવરજવર સરળ અને સુવિધાજનક સુનિશ્ચિત કરવા માટે ભારતીય રેલવે છેલ્લા ત્રણ વર્ષથી અથાક મહેનત કરી રહી છે. પાંચ હજાર કરોડ રૂપિયાના ખર્ચે કુંભ વિસ્તારના પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા છે, જેમાં ગંગા પર એક નવા પુલનું નિર્માણ પણ સામેલ છે.

ઉપરાંત, ભારતીય રેલવે એ મુસાફરીને આરામદાયક અને સલામત બનાવવા માટે ઘણા નવા પગલાં લીધાં છે -



**ભારતીય રેલવે ની ડિજિટલ પહેલ**

રેલ મુસાફરીને સુધારવા માટે, ભારતીય રેલવે એ કુંભ રેલ સેવા વેબસાઈટ અને એક મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી છે. આ પ્લેટફોર્મ તીર્થ યાત્રાળુઓને ટ્રેનનું સમયપત્રક, ટિકિટની ઉપલબ્ધતા, સ્ટેશન સુવિધાઓ અને અન્ય મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. આની મદદથી, શ્રધ્ધાળુ તેમની યાત્રાનું આયોજન કરી શકે છે, ટિકિટ બુક કરી શકે છે અને મુસાફરી સંબંધિત બધી માહિતી એક જ જગ્યાએથી મેળવી શકે છે.

દેશની ભાષાકીય વિવિધતાને ધ્યાનમાં રાખીને, સ્ટેશનોપર૧૨મુખ્યભારતીયભાષાઓમાંજાહેરાતો કરવામાં આવી રહી છે. ભારતીય રેલવે સુવિધા પુસ્તિકા ૨૨ ભાષાઓમાં ઉપલબ્ધ છે અને ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર હિન્દી, અંગ્રેજી અને વિવિધ ભારતીય ભાષાઓમાં પણ માહિતી પૂરી પાડે છે. ભારતીય રેલવે ના આ પ્રયાસથી દરેક યાત્રાળુને માહિતી મેળવવાનું સરળ બની રહ્યું છે, પછી ભલે તે કોઈપણ ભારતીય રાજ્યનો હોય કે વિદેશી.

ભારતીય રેલવે એ મુસાફરીને વધુ સરળ બનાવવા માટે, લગભગ ૨,૦૦૦ સ્ટેશનો પર એક સંકલિત ડિજિટલ ડિસ્પ્લે નેટવર્ક સ્થાપિત કર્યું છે, જે મુસાફરોને રીઅલ-ટાઈમ અપડેટ્સ આપે છે. આ ડિસ્પ્લે દ્વારા સ્ટેશન વિશેની બધી જરૂરી માહિતી સરળતાથી ઉપલબ્ધ થાય છે. વધુમાં, મુખ્ય ટર્મિનલ્સ પર *ટચ-સ્ક્રીન કિઓસ્ક* સ્થાપિત કરવામાં આવ્યા છે, જે ટિકિટ કાઉન્ટર અને માહિતી કેન્દ્રો બંને તરીકે કાર્ય કરે છે. આનાથી માત્ર લાંબી કતારોની સમસ્યા જ દૂર થતી નથી પણ મુસાફરોને સ્ટેશન પર કાર્યક્ષમ રીતે નેવિગેટ કરવામાં પણ મદદ મળે છે.

વધુમાં, ભારતીય રેલવે એ *બારકોડ-આધારિત અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (UTS)* લાગુ કરી છે, જેનાથી ટિકિટ ખરીદી પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બની છે. સ્ટેશન પર રેલવે કર્મચારીઓ ઊઈ કોડથી સજ્જ લીલા જેકેટ પહેરીને હાજર હોય છે, જેને સ્કેન કરીને મુસાફરો મોબાઈલ UTS એપ ડાઉનલોડ કરી શકે છે.

વોર રૂમઃ મહાકુંભનું નિરીક્ષણ અને સુરક્ષા

મહાકુંભ ૨૦૨૫ માં આટલી મોટી ભીડના આગમનને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવે અને સંબંધિત વહીવટીતંત્રે કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. પ્રયાગરાજમાં સ્થિત *મહાકુંભ વોર રૂમ* આ કાર્યક્રમનું મુખ્ય નિયંત્રણ કેન્દ્ર બન્યું છે, જ્યાં 24×7 દેખરેખ રાખવામાં આવી રહી છે. વોર રૂમમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટ્રેનો ના સંચાલન, જાહેર ટ્રાફિક અને તીર્થ યાત્રાળુઓની અવરજવર પર કડક નજર રાખવામાં આવે છે.

સુરક્ષા ના હેતુઓ માટે, એક હજારથી વધુ *સર્વેલન્સ કેમેરા*, જેમાંના કેટલાકમાં ચહેરાની ઓળખ પ્રણાલીનો પણ સમાવેશ થાય છે, તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ડ્રોનનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને રાજ્ય પોલીસના ૨૩,૦૦૦ થી વધુ કર્મચારીઓને આ કાર્યક્રમ દરમિયાન સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અને તૈનાત કરવામાં આવ્યા છે.

નવીનતા અને સાંસ્કૃતિક સંકલન

મહાકુંભ ૨૦૨૫ ફક્ત ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક જ નહીં પરંતુ તે ભારતની ટેકનોલોજીકલ અને ડિજિટલ પ્રગતિને પણ પ્રકાશિત કરશે. આ આયોજન દર્શાવે છે કે કેવી રીતે જૂની પરંપરાઓની સાથે નવીનતમ ટેકનોલોજીનો વધુ સારો અને સુરક્ષિત અનુભવ બનાવી શકે છે. ભારતીયરેલવે ની આ પહેલો યાત્રાળુઓ માટે મુસાફરીને સરળ બનાવે છે એટલું જ નહીં પરંતુ તેઓ ભારતીય સમાજના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને નવીનતા વચ્ચે સંતુલન જાળવવાનું ઉત્તમ ઉદાહરણ પણ રજૂ કરે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### પ્રદેશ અધ્યક્ષને હાંકી કઢાયા

# મણિપુરમાં JDUએ ભાજપ સાથે ગઠબંધન તોડવાનો નિર્ણય પરત ખેંચ્યો

## પાર્ટીની કાર્યવાહી પહેલાં વીરેન્દ્ર સિંહે રાજ્યપાલને પત્ર લખી ભાજપ પાસેથી ટેકો પાછો ખેંચવાની જાહેરાત કરી હતી

। (એજન્સી) પટણા, તા.૨૨ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વવાળી જેડીયુએ બુધવારે (૨૨ જાન્યુઆરી) મણિપુરની ભાજપ સરકારમાંથી ટેકો પાછો ખેંચી લીધો હોવાના સમાચાર સામે આવ્યા હતાં. જોકે, હાલ આ વાતને લઈને સ્પષ્ટતા કરવામાં આવી છે. જેડીયુના મણિપુર પ્રદેશ અધ્યક્ષ દ્વારા રાજ્યપાલને આ વિશે પત્ર લખવામાં આવ્યો હતો. જોકે, હાલ પાર્ટી હાઈ કમાન્ડે તેને પદ પરથી દૂર કરી દીધા છે. આ સિવાય પાર્ટી તરફથી સ્પષ્ટતા કરવામાં આવી કે, જેડીયુએ હજુ પણ મણિપુરમાં ભાજપ સરકારને ટેકો આપ્યો છે. મણિપુર સાથે બિહાર અને કેન્દ્રમાં પણ સંપૂર્ણ મજબૂતી સાથે જેડીયુ ભાજપના સમર્થનમાં છે.



પાર્ટી હાઈ કમાન્ડે મણિપુરના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સિંહને અધ્યક્ષ પદ પરથી હટાવી દીધા છે. કારણકે, વીરેન્દ્ર સિંહે રાજ્યપાલને પત્ર લખ્યો હતો. જેમાં, બીરેન સિંહના નેતૃત્વવાળી ભાજપ સરકાર પાસેથી જેડીયુનો ટેકો પાછો ખેંચવાની વાત કરવામાં આવી હતી. વીરેન્દ્ર સિંહને અધ્યક્ષ પદેથી દૂર કરવાની જાણકારી આપતાં, જેડીયુએ કહ્યું કે, પાર્ટીએ મણિપુર પ્રદેશના અધ્યક્ષ વીરેન્દ્ર સિંહને પદ પરથી દૂર કરવાનો નિર્ણય લીધો છે. કારણકે, તેઓએ રાજ્યપાલને પાર્ટીની સંમતિ વિના પત્ર લખ્યો હતો. શિસ્તભંગના આરોપમાં વીરેન્દ્ર સિંહ સામે આ કાર્યવાહી કરવામાં આવી છે.

પાર્ટીની કાર્યવાહી પહેલાં વીરેન્દ્ર સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને પત્ર લખી ભાજપ પાસેથી ટેકો પાછો ખેંચવાની જાહેરાત કરી હતી. આ પત્રમાં તેઓએ કહ્યું કે, પાર્ટીની શરૂઆતમાં ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં છ બેઠક જીતી હતી. જોકે, બાદમાં પાંચ ધારાસભ્યો ભાજપમાં સામેલ થઈ ગયાં. જેનાથી સત્તાધારી પાર્ટીની સંખ્યા મજબૂત થઈ ગઈ. આ પાંચેય ધારાસભ્યોનો કેસ ભારતના બંધારણની દસમી અનુસુચિ હેઠળ કેસ સ્પીકર સમક્ષ પેન્ડિંગ છે.

પત્રમાં ઈન્ડિયા ગઠબંધન સાથે જેડીયુના પહેલાંના ગઠબંધને ટાંકતા સમર્થન વાપસીની પુષ્ટિ કરવામાં આવી હતી. પત્રમાં એવું પણ પુનરાવર્તન કરવામાં આવ્યું કે, મણિપુરમાં જેડીયુના એકમાત્ર ધારાસભ્ય મહોમ્મદ અબ્દુલ નાસિર વિધાનસભાના હાલના સત્રમાં વિપક્ષ સાથે બેઠા હતાં.

### કોર્ટમાં પડકાર આપવામાં આવ્યો

# ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી USના ૨૨ રાજ્યોમાં વિરોધ

## ટ્રમ્પના આદેશ અંતર્ગત અમેરિકામં જન્મના આધાર પર નાગરિકાની સંવૈધાનિકતા ખતમ કરી દેવામાં આવશે

। (એજન્સી) વોશિંગટન, તા.૨૨ ।

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ પદના શપથ લીધા બાદ કેટલાય કાર્યકારી આદેશ જાહેર કર્યા છે. ટ્રમ્પના આદેશ અંતર્ગત અમેરિકામં જન્મના આધાર પર નાગરિકાની સંવૈધાનિકતા ખતમ કરી દેવામાં આવશે. જેનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. પણ હવે આ આદેશને કોર્ટમાં પડકાર આપવામાં આવ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીના પ્રભુત્વવાળા ૨૨ રાજ્યો અને કેટલાય સિવિલ રાઈટ ગ્રુપ્સે ટ્રમ્પના આ કાર્યકારી આદેશને કોર્ટમાં પડકાર આપ્યો છે. આ સંબંધમાં કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. ડેમોક્રેટિક પ્રભુત્વવાળા રાજ્યોની સાથે સાથે ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા અને સૈન ફ્રાંસિસ્કોએ મંગળવારે બોસ્ટનની સંઘીય કોર્ટમાં પ્રથમ કેસ નોંધાવ્યો છે. કહેવાયું છે કે રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પનો આ નિર્ણય અમેરિકી સંવિધાનનું ઉલ્લંઘન છે. આ કેસ બાદ અમેરિકન સિવિલ લિબર્ટીઝ યૂનિયન અને ઈમિગ્રેંટ્સ સંગઠને પણ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. ન્યૂજર્સીના ડેમોક્રેટિક અટોર્ની જનરલ મૈથ્યૂ પ્લેટકિને મંગળવારે કહ્યું કે, ટ્રમ્પના આદેશ પર રોક લગાવવા માટે કોર્ટમાં



ગયા છીએ. રાષ્ટ્ર પ્રમુખ પાસે વ્યાપક શક્તિ હોય છે. પણ આ તેઓ શહેંશાહ નથી. ટ્રમ્પના નિર્ણય વિરુદ્ધ કોર્ટમાં જવાથી ટ્રમ્પ પ્રશાસનને એવો સ્પષ્ટ મેસેજ ગયો છે કે, અમે અમારા લોકો અને તેમના પાયાના સંવૈધાનિક અધિકારીઓ માટે ઊભા રહીશ. અમેરિકી સંવિધાનમાં થયેલા ૧૪માં સંશોધન અંતર્ગત જન્મના આધાર પર નાગરિકતા આપવાની જોગવાઈ છે. તેનો અર્થ એ છે કે અમેરિકામાં જન્મ લેનારા દરેક બાળક આપોઆપ અમેરિકાનો નાગરિક બની જાય છે. ભલે તેના માતા-પિતાની નાગરિકતા કંઈ પણ હોય. અહીં ઉલ્લેખનિય છે કે, અમેરિકામાં સૌને બરાબરીનો અધિકાર આપવાના ઉદ્દેશ્યથી આ સંવિધાન સંશોધન ૧૮૬૮માં લાગૂ થયું હતું.

### પરાંડા રેલ્વે સ્ટેશન નજીક એક મોટો અકસ્માત થયો

# મહારાષ્ટ્રમાં પુષ્પક એક્સપ્રેસમાંથી ઉતરેલા મુસાફરોને કર્ણાટક એક્સપ્રેસે કચડ્યાં

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૨૨ ।

મહારાષ્ટ્રના જલગાંવના પરાંડા રેલ્વે સ્ટેશન નજીક એક મોટો અકસ્માત થયો છે. અહીં પુષ્પક એક્સપ્રેસમાંથી ઉતરેલા અનેક મુસાફરોને કર્ણાટક એક્સપ્રેસે કચડી નાખ્યા હતા. મળતી માહિતી મુજબ, પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગી હોવાની અફવા ફેલાઈ હતી. આ પછી ઘણા લોકોએ ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા. ત્યારે બીજા ટ્રેક પરથી આવતી કર્ણાટક એક્સપ્રેસે અનેક મુસાફરોને કચડી નાખ્યા હતા. જણાવી દઈએ કે, પુષ્પક એક્સપ્રેસ લખનઉંથી મુંબઈ જઈ રહી હતી. મીડિયા રિપોર્ટ મુજબ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના જલગાંવથી ૨૦ કિલોમીટર દૂર બની હતી. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે, મ૪ બોગીમાં સ્પાર્કિંગ થતાં પુષ્પક એક્સપ્રેસને રોકી દેવામાં આવી હતી.

આ દરમિયાન, એક અફવા ફેલાઈ ગઈ કે ટ્રેનમાં આગ લાગી હોવાથી તેને રોકવામાં આવી છે. લોકો ઝડપથી ટ્રેનમાંથી કૂદી પડ્યા અને પાટા પર આવી ગયા. તે જ સમયે, મનમાડથી ભુસાવલ જતી કર્ણાટક એક્સપ્રેસ બીજા ટ્રેક પરથી પસાર થઈ ગઈ.

### એકની અટકાયત કરવામાં આવી

# બેંગલુરુમાં બસની રાહ જોઇ રહેલી મહિલા પર સામૂહિક બળાત્કાર

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૨ ।



બેંગલુરુના કેઆર માર્કેટમાં બસની રાહ જોઈ રહેલી એક મહિલા પર સામૂહિક બળાત્કારનો મામલો સામે આવ્યો છે. એટલું જ નહીં, આરોપીઓએ મહિલાના ઘરેણાં, રોકડ રકમ અને મોબાઈલ ફોન પણ લૂંટી લીધા હતા. અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે "પીડિતાએ સેન્ટ્રલ ડિવિઝનના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના રવિવારે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે બેંગલુરુના કેઆર માર્કેટ વિસ્તારમાં ગોડાઉન સ્ટ્રીટ પાસે બની હતી. આ કેસમાં પોલીસે એક વ્યક્તિની અટકાયત કરી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. પીડિતા યેલહંકા વિસ્તારમાં જવા માટે બસની રાહ જોઈ રહી હતી. મહિલાએ આરોપીઓને તેના ગંતવ્ય સ્થાન પર જતી બસ વિશે પૂછ્યું હતું. તેનો ફાયદો ઉઠાવીને આરોપીઓએ પોતે સારા વ્યક્તિઓ હોવાનું કહ્યું હતુ. તેણીને કહ્યું કે તેઓ જાણે છે કે બસ ક્યાં રોકાશે અને તેણીને પોતાની સાથે લઈ ગયા હતા. આરોપીઓ તેણીને ગોડાઉન સ્ટ્રીટ પર લઈ ગયા જ્યાં તેઓએ તેના પર જાતીય હુમલો કર્યો હતો. આ પછી આરોપીઓએ તેણીના ઘરેણાં, રોકડ રકમ અને મોબાઈલ ફોન લૂંટી લીધા અને ભાગી ગયા હતા.

### સૈફ અલી ખાનના હુમલાખોરની પૂછપરછ

# હુમલાખોર સૈફઅલીના ઘરે લૂંટ કરી બાંગ્લાદેશ જવાનો હતો

## શરીફુલ ઈસ્લામ શહજાદ મેઘાલય ખાતે ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર ડાવકી નદી પાર કરીને ભારતમાં પ્રવેશ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાનો આરોપી બાંગ્લાદેશી નાગરિક મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ ભારતમાં કેવી રીતે પ્રવેશ્યો? મુંબઈ પોલીસની તપાસમાં ખુલાસો થયો છે કે બાંગ્લાદેશી નાગરિક સાત મહિના પહેલા દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યો હતો અને તેણે મુંબઈ જતા પહેલા સિમ ખરીદવા માટે પશ્ચિમ બંગાળના રહેવાસીના આધાર કાર્ડનો ઉપયોગ કર્યો હતો. તે ડાવકી નદી પાર કરીને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યો હોવાની માહિતી પણ સામે આવી છે. એવી શક્યતા છે કે પોલીસ તેને વધુ તપાસ માટે પશ્ચિમ બંગાળ પણ લઈ જઈ શકે છે, જોકે પોલીસે હજુ સુધી આ અંગે કંઈ કહ્યું નથી. ડાવકી નદી એશિયાની સૌથી સ્વચ્છ નદી છે. તેનું પાણી એટલું સ્પષ્ટ છે કે ઊંડાઈ દેખાઈ આવે છે. તે બંને દેશોની આંતરરાષ્ટ્રીય સરહદને સ્પર્શે છે. સૈફ અલી ખાનને છરી મારવા બદલ એની ધરપકડ કરવામાં આવી હતી. આ હુમલા અને લૂંટફાટ પાછળનું કારણ શરીફુલે એવું જણાવ્યું કે તે અત્યંત ગરીબીને કારણે ગુનામાં પ્રેરાયો હતો, પોલીસે જણાવ્યું હતું કે "તેણે સૈફનું ઘર પ્રિપ્લાન ટાર્ગેટથી નહીં પરંતુ ક્યાંય ન એન્ટ્રી મળી એટલે ત્યાં પ્રવેશ કરી લીધો હતો. તે ઈચ્છતો હતો કે



તે કોઈ અમીર વ્યક્તિના ઘરમાં ચોરી કરે અને તેની બીમાર માતાની સારવાર માટે પૈસા લૂંટી પાછો બાંગ્લાદેશ જતો રહે. એક અધિકારીએ કહ્યું. "ગુના માટે તાત્કાલિક ઉશ્કેરણી એ હતી કે શરીફુલે ૧૫ ડિસેમ્બરે થાણેની એક રેસ્ટોરન્ટમાં હાઉસકીપિંગની નોકરી ગુમાવી દીધી હતી જ્યારે તેને જિતેન્દ્ર પાંડેની માલિકીની મેનપાવર એજન્સી સાથેનો કરાર સમાપ્ત થયો હતો.બાદમાં તે પાયમાલ થઈ ગયો હોય એમ લાગ્યું હતું અને ગુના માટે પ્રેરાયો હતો. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં થાણે રેસ્ટોરન્ટમાં જોડાયા તે પહેલાં, શરીફુલે વર્લીની એક રેસ્ટોરન્ટમાં કામ કર્યુ હતું, જે મહિને રૂ. ૧૩,૦૦૦ કમાતો હતો. તેણે પૂછપરછ દરમિયાન પોલીસને જણાવ્યું કે આ રકમમાંથી તે તેની માતાની સારવાર માટે ૧૨,૦૦૦ રૂપિયા બાંગ્લાદેશ મોકલતો હતો, જ્યારે પોતાના માટે માત્ર ૧,૦૦૦ રૂપિયા રાખતો હતો. ઓગસ્ટમાં એક દિવસ, રેસ્ટોરન્ટ મેનેજમેન્ટે તેને ચોરી કરતાં પકડ્યો અને તેની નોકરી છૂટી ગઈ હતી. માત્ર ધોરણ ૨ સુધી ભણ્યો હોવાથી, તેને થાણે રેસ્ટોરન્ટમાં બીજી નાની નોકરી મળી હતી. શરીફુલ મેઘાલય ખાતે ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર ડાવકી નદી પાર કરીને ભારતમાં પ્રવેશ્યો હતો અને તેને આસામ લઈ જવા માટે એજન્ટને રૂ. ૧૦,૦૦૦ ચૂકવ્યા હતા. "એજન્ટે તેને કોલકાતા જવા માટે બસમાં ચડવામાં મદદ કરી, જ્યાં તે મે મહિનામાં મુંબઈની ટ્રેન લેતા પહેલા ત્રણ દિવસ રોકાયો હતો. એજન્ટે તેને સિમ કાર્ડ મેળવવામાં પણ મદદ કરી હતી. મુંબઈમાં તે ત્રણ દિવસ સુધી આમ તેમ ભટક્યો અને રસ્તા પર ઊંઘી રહ્યો હતો. તેણે અન્ય વ્યક્તિ મારફત પાંડે સાથે સંપર્ક કર્યો અને જૂનમાં વર્લી રેસ્ટોરન્ટમાં નોકરી મેળવી હતી. શહેરમાં તેની બીજી નોકરી ગુમાવ્યા પછી, શરીફુલે ઘરફોડ ચોરી કરવાનું નક્કી કર્યુ અને ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરીના રોજ બાંદ્રા અને ખારના પૈસાદાર લોકો રહેતા હોય એ ઘરોમાં લૂંટ કરવાના ઈરાદે સર્વે કર્યો હતો. પોલીસે જણાવ્યું કે સૈફ પર હુમલો કરતા પહેલા, શરીફુલ મોડી રાત્રે ૯૦ મિનિટ ચાલીને બાંદ્રા ગયો હતો.



નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેટિક લીડરશિપના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી.

# બોમ્બે હાઈકોર્ટે EDને ગંભીર ચેતવણી આપી



। (એજન્સી) મુંબઈ, તા. ૨૨ ।

બોમ્બે હાઈકોર્ટે એક રિયલ એસ્ટેટ બિઝનેસમેન વિરુદ્ધ જાણ્યા જોયા વિના મની લોન્ડ્રીંગની તપાસ શરુ કરવા બદલ ઈડી એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પર મંગળવારે એક લાખ રુપિયાનો દંડ લગાવ્યો છે. કોર્ટે આકરી ટિપ્પણી કરતા કહ્યું કે, કેન્દ્રીય એજન્સીને કાયદાની હદમાં રહીને કામ કરવું જોઈએ. ઈડી પર દંડ લગાવતા જસ્ટિસ મિલિંદ જાધવની એકલ પીઠે કહ્યું કે, કાયદો લાગૂ કરનારી એજન્સીઓને એક મોટો મેસેજ જવો જોઈએ, જેથી એ ખાતરી કરી શકાય છે કે તે નાગરિકોને હેરાન ન કરે. હાઈકોર્ટે ઓગસ્ટ ૨૦૧૪માં મુંબઈમાં એક રિયલ એસ્ટેટ ડેવલપર રાકેશ જૈનને મની લોન્ડ્રીંગ એજન્સી દ્વારા દાખલ અભિયોજન ફરિયાદના આધાર પર એક સ્પેશિયલ કોર્ટ જાહેર કરવામાં આવેલી પ્રક્રિયાને રદ કરી દીધી. ન્યાયમૂર્તિ જાધવે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે ઈડી જેવી કેન્દ્રીય એજન્સીઓ કાયદાને પોતાના હાથમાં લેવાનું બંધ કરે અને નાગરિકોને હેરાન કરવાનું બંધ કરે.

# લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ લાંબા સમયથી ટીમ ઈન્ડિયાથી બહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની બહાર છે. તે T20 વર્લ્ડ કપ ૨૦૨૪ દરમિયાન ટીમનો સભ્ય હતો, પરંતુ ત્યારથી તે વાપસી કરી શક્યો નથી. તેને ના તો ટી-૨૦ ટીમમાં પસંદ કરવામાં આવી રહ્યો છે અને ના તો વનડે ટીમમાં હવે તેમની સતત થઈ રહેલી નાપસંદગી પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર આકાશ ચોપરાએ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ભારતીય ટીમમાં લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલની પસંદગી ન થવા પર સવાલ ઉઠાવ્યા છે. આકાશ ચોપરાનું માનવું છે કે BCCI અને ટીમ મેનેજમેન્ટે કોઈપણ દેખીતા કારણ વગર ચહલની કારકિર્દી ખતમ કરી દીધી છે. ચહલે હાલમાં જ તેની પત્ની ધનશ્રી વર્માથી અલગ થવાના સમાચારને લઈને હેડલાઈન્સ બનાવી હતી. જો કે બંનેએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. ચહલે તાજેતરની વિજય હજારે ટ્રોફી ૨૦૨૪/૨૫માં પણ ભાગ લીધો ન હતો. પોતાની યુટ્યુબ ચેનલ પર બોલતા આકાશ ચોપરાએ આ હકીકત પર પ્રકાશ પાડ્યો હતો કે યુઝવેન્દ્ર ચહલ લાંબા સમયથી ભારતની ODI ટીમમાંથી બહાર છે, તેમ છતાં તેનું પ્રદર્શન ખરાબ ન હતું. ચોપરાએ જણાવ્યું છે કે, "યુઝવેન્દ્ર ચહલ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે. તેની ફાઈલ બંધ કરી દેવામાં આવી છે. મને કોઈ ખ્યાલ નથી કે તેઓએ આવું કેમ કર્યુ. આ એક રસપ્રદ કિસ્સો છે. તે છેલ્લે જાન્યુઆરી ૨૦૨૩માં રમ્યો હતો. તેથી તેને બે વર્ષ થઈ ગયા. તેના આંકડા પણ ઘણા સારા છે. તેણે ઘણી વિકેટો લીધી છે અને તે સતત સારું પ્રદર્શન કરી રહ્યો હતો. યુઝવેન્દ્ર ચહલે ભારત માટે માત્ર ૭૨ વનડેમાં ૧૨૧ વિકેટ લીધી છે, પરંતુ ઓગસ્ટ ૨૦૨૩ થી ભારત માટે કોઈપણ ફોર્મેટમાં રમ્યો નથી. લેગ સ્પિનર વિજય હજારે ટ્રોફી ૨૦૨૪/૨૫ ચૂકી ગયો હતો અને ચોપરાએ કહ્યું હતું કે બે વર્ષ સુધી ન રમવાને કારણે તેને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ટીમ માટે ક્યારેય દાવેદાર માનવામાં આવ્યો ન હતો.

### ચીન પર ૧ ફેબ્રુઆરીથી ટેરિફ લગાવવાની તૈયારી

# ગુસ્સે થયું ચીન, કહ્યું ખુદને બચાવવા અમે કંઈપણ કરીશું

## ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું કે, ટ્રેડ વોર અને ટેરિફ વોરમાં કોઈ વિનર નથી હોતું

। (એજન્સી) બેઈજીંગ, તા.૨૨ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનો મોટો ઝટકો આપતા મંગળવારે કહ્યું હતું કે, અમારી ટીમ ૧ ફેબ્રુઆરીથી ચીન પર ૧૦% ટેરિફ લગાવવા અંગે વિચારણા કરી રહી છે. હવે આ મુદ્દે રોષે ભરાયેલા ચીનની પ્રતિક્રિયા સામે આવી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, અમે રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે કંઈપણ કરીશું. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું કે, અમે હંમેશાથી એ માનતા



આવીએ છીએ કે, ટ્રેડ વોર અને ટેરિફ વોરમાં કોઈ વિનર નથી હોતું. ખુદને બચાવવા માટે અમે કંઈપણ કરીશું. ચીન અમેરિકાનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. ટ્રમ્પે કહ્યું કે ચીન પર ટેરિફ લાદવાનો નિર્ણય એ તથ્ય પર આધારિત રહેશે કે તે મેક્સિકો અને કેનેડામાં ફેન્ટાનાઈલ મોકલી રહ્યું છે કે નહીં. ફેન્ટાનાઈલ એક એવું માદક દ્રવ્ય છે જે હેરોઈન કરતાં ૫૦ ગણું વધુ શક્તિશાળી અને નશો ઉત્પન્ન કરનારો પદાર્થ છે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઓરેકલના ચીફ ટેકનોલોજી ઓફિસર (CTO) લેરી એલિસન, સોફ્ટબેંકના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) માસાયોશી સોન અને ઓપન AIના સીઈઓ સેમ ઓલ્ટમેન સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ નિર્ણય લીધો છે.

### કર્ણાટકમાં મોટી કરુણાંતિકા

# ફળ-શાકભાજી વેચવા જતાં ૩૦ લોકો સાથે ટ્રક પલટી, ૧૦ના મોત

## ૧૫ લોકો ઈજાગ્રસ્ત : દુર્ઘટના અરેબૈલ અને ગુલ્લાપુરા વચ્ચે નેશનલ હાઈવે નંબર ૬૩ પર યેલ્લાપુર નજીક સર્જાઈ હતી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૨ ।

કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં બુધવારે એક ટ્રકનો ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં લગભગ ૧૦ લોકો મૃત્યુ પામી ગયા જ્યારે અન્ય ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ દુર્ઘટના અરેબૈલ અને ગુલ્લાપુરા વચ્ચે નેશનલ હાઈવે નંબર ૬૩ પર યેલ્લાપુર નજીક સર્જાઈ હતી. આ મામલે પોલીસ અધીક્ષક નારાયણ એમ.એ જણાવ્યું કે પીડિત લોકો શાકભાજી વેચવા માટે સાવનુરથી



કુમટા બજાર જઈ રહ્યા હતા. ટ્રકમાં ફળ-શાકભાજીનો જથ્થો હતો અને તેમાં ૩૦થી વધુ મુસાફરી પણ કરી રહ્યા. જોકે આ ટ્રકને અકસ્માત નડતાં ચીસાચીસ મચી ગઈ હતી. અકસ્માત સવારે લગભગ ૫:૩૦ વાગ્યે સર્જાયો હતો. માહિતી અનુસાર આ અકસ્માત ટ્રક ચાલક દ્વારા બીજા વાહનને રસ્તો આપવાનો પ્રયાસ કરતી વખતે સર્જાયો હતો. ટ્રકમાં વજન વધુ હોવાને કારણે તે એકબાજુ લહેરાઈ ગયો હતો અને ૫૦ મીટર નીચે એક ખીણમાં ખાબકી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમના સભ્યો ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. શરૂઆતમાં ૮ લોકોના મોતની પુષ્ટી થઈ હતી પરંતુ પછીથી મૃત્યુઆંક વધીને ૧૦ પર પહોંચી ગયો હતો.

## તંત્રી લેખ...

# બાંગ્લાદેશ માટે ચીનનો મોટો નિર્ણય

શેખ હસીનાના પ્રત્યાર્પણ અંગે ભારત સાથેના વિવાદ વચ્ચે બાંગ્લાદેશ અને ચીન વચ્ચે નિકટતા વધી રહી છે. સોમવારે બાંગ્લાદેશના વિદેશ મંત્રી તૌહીદ હુસૈન ચીનના પ્રવાસે ગયા હતા, જ્યાં તેમણે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન ચીનની શી જિનપિંગ સરકાર દ્વારા બાંગ્લાદેશની મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારને મોટી રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. ચીન સરકારના નિર્ણય પ્રમાણે બાંગ્લાદેશને આપવામાં આવેલી લોનની ચુકવણીની મહોલત વધારી દેવામાં આવી છે. ચીનની શી જિનપિંગ સરકારે બાંગ્લાદેશને લોન ચૂકવવા માટે ૨૦ વર્ષના બદલે ૩૦ની મહોલત આપી છે. બીજી તરફ ચીનની સરકારે લોન પર વ્યાજ દર ઘટાડવા માટે પ્રયાસ કરવાનો પણ વાયદો કર્યો છે. આ સાથે જ આ બેઠકમાં બંને દેશોએ ચીનની મહત્વાકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI) યોજના માટે પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે આ સંદર્ભમાં એક સત્તાવાર નિવેદન પણ જારી કર્યું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'તૌહીદ હુસૈને ચીનને લોન પરનો વ્યાજ દર ૨-૩ ટકાથી ઘટાડીને ૧% કરવા, કમિટમેન્ટ ફી માફ કરવા અને લોન ચુકવણીનો સમયગાળો ૨૦ વર્ષથી વધારીને ૩૦ વર્ષ કરવા વિનંતી કરી હતી.' લોન ચૂકવવાના અમારા સારા ભૂતકાળના રેકોર્ડને ધ્યાનમાં લેતા ચીને સમયગાળો લંબાવવાની અમારી વિનંતી સ્વીકારી છે અને વ્યાજ દર ઘટાડવા માટે પ્રયાસ કરવાનો પણ વાયદો કર્યો છે.'

# પ્રયાગરાજમાં 'હમારા સંવિધાન હમારા સન્માન' અભિયાનની શરૂઆત

ભારતનાં બંધારણ અને નાગરિકોનાં કાયદાકીય અધિકારો વિશે જાગૃતિ લાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, ન્યાય વિભાગ એક વર્ષ સુધી ચાલનારા રાષ્ટ્રવ્યાપી અભિયાન ''હમારા સંવિધાન હમારા સન્માન'' (એચએસ ૨)નાં સફળ આયોજનની ઉજવણી માટે તારીખ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫નાં રોજ ઉત્તર પ્રદેશનાં પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં એક કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. 'હમારા સંવિધાન હમારા સન્માન' અભિયાનની શરૂઆત ભારતનાં માનનીય ઉપરાષ્ટ્રપતિએ તારીખ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪નાં રોજ નવી દિલ્હીમાં ડૉ. બી. આર. આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ખાતે કરી હતી. આ અભિયાન ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનાં વિઝનને આકાર આપવામાં સક્રિય યોગદાન આપવા માટે દરેક નાગરિકને આહ્વાન કરી રહ્યું છે. આ અભિયાનને પ્રજાસત્તાક તરીકે ભારતનાં ૭૫માં વર્ષ અને તેના બંધારણનાં સ્વીકારની ૭૫મી વર્ષગાંઠની ઉજવણીનાં ભાગરૂપે શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં નોંધપાત્ર ભાગીદારી જોવા મળી હતી, જેમાં ૧.૩ લાખથી વધુ નાગરિકોએ ઉત્સાહપૂર્વક સ્અર્પદ્ પ્લેટફોર્મ પર પંચ પ્રણ પ્રતિજ્ઞા લીધી હતી. જે રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ગ્રામ વિધી ચેતના પહેલ હેઠળ દેશભરની લો સ્કૂલનાં વિદ્યાર્થીઓએ દત્તક લીધેલા ગામોમાં કાનૂની જાગૃતિની પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું અને આશરે ૨૧,૦૦૦થી વધુ લાભાર્થીઓ સુધી પહોંચીને જમીની સ્તરે ભાગીદારી સુનિશ્ચિત કરી હતી. વધુમાં, નારી ભાગીદારી અને વંચિત વર્ગ સન્માન પહેલે દૂરદર્શન અને ઈગ્નૂની ભાગીદારીમાં ન્યાય વિભાગ દ્વારા આયોજિત અસરકારક વેબિનારનાં માધ્યમથી ૭૦ લાખથી વધુ દર્શકોને અસરકારક રીતે જોડ્યા હતા. જેણે કાનૂની અને સામાજિક બાબતોમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું હતું. યુવાનોને પ્રેરણા આપવા નવ ભારત નવ સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ ઈન્ટરેક્ટિવ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું અને વધુ સારા ભવિષ્ય માટે જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ અભિયાન એક વર્ષ સુધી ચાલ્યું અને ભારતનાં વિભિન્ન ભાગો સુધી પહોંચ્યું, જેમાં બિકાનેર (રાજસ્થાન), પ્રયાગરાજ (ઉત્તર પ્રદેશ) અને ગુવાહાટી (આસામ)નાં પ્રાદેશિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોમાં ૫,૦૦૦થી વધુ નાગરિકોએ વ્યક્તિગત રૂપે ભાગ લીધો, જ્યારે ૮ લાખથી વધુ નાગરિકોએ આ પહેલનાં પેટા-અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો જેમકે સબકો ન્યાય હર ઘર ન્યાય, નવ ભારત નવ સંકલ્પ અને વિધિ જાગૃતિ અભિયાન સામેલ છે. હાલનો કાર્યક્રમ પ્રયાગરાજમાં પરમાર્થ ત્રિવેણી પુષ્પ, અરેલ ઘાટ ખાતે યોજાશે, જ્યાં આ અભિયાનની સફળતા અને તેની સિદ્ધિઓને માન આપવા માટે કેટલીક મુખ્ય પ્રવૃત્તિઓ યોજાશે. આ મહત્વપૂર્ણ પ્રસંગ સંગમ નગરી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળા સાથે મેળ ખાય છે. જે વિશ્વનાં સૌથી મોટા અને સૌથી મહત્વપૂર્ણ આધ્યાત્મિક મેળાવડાઓમાંનો એક છે. જ્યાં લાખો લોકો ગંગા, યમુના અને સરસ્વતી નદીઓનાં સંગમમાં સ્નાન કરવા માટે એકઠા થાય છે. પ્રયાગરાજમાં HS2 અભિયાનનાં સમાપન સમારંભ સાથે આ ઐતિહાસિક ધાર્મિક કાર્યક્રમનો સમન્વય વિશેષ મહત્વ ધરાવે છે. જે ભારતનાં સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, આધ્યાત્મિક પરંપરાઓ અને બંધારણીય મૂલ્યોનાં એકમંચ પર આવવાનું પ્રતીક છે. કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓઃ સિદ્ધિ પુસ્તિકાનું વિમોચનઃ કાયદા અને ન્યાય માટેનાં માનનીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ''હમારા સંવિધાન હમારા સન્માન'' અભિયાનની સફરનું દસ્તાવેજીકરણ કરતી એચિવમેન્ટ પુસ્તિકાનું વિમોચન કરશે, જેમાં સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલી તેની શરૂઆત, પ્રાદેશિક કાર્યક્રમો, સ્પર્ધાઓ અને વિવિધ પ્રવૃત્તિઓ સામેલ છે. ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસનાં ૨૦૨૫ કેલેન્ડરનું વિમોચનઃ અભિયાનની થીમ્સ અને પ્રવૃત્તિઓને પ્રતિબિંબિત કરતું ૨૦૨૫નાં કેલેન્ડરનું પણ વિમોચન કરવામાં આવશે. HS2 કેમ્પેઈન પર ફિલ્મ રિલીઝઃ ઓડિયો-વિઝ્યુઅલ્સ દ્વારા તેના હાર્દને કેપ્ચર કરતી HS2 અભિયાનની એક વર્ષની સફરને દર્શાવતી ફિલ્મનું અનાવરણ કરવામાં આવશે. ''હમારા સંવિધાન હમારા સન્માન'' અભિયાન ભારતીય બંધારણ, તેના ઈતિહાસ અને આજનાં વિશ્વમાં તેની પ્રાસંગિકતા વિશે જાગૃતિ ફેલાવવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ રહ્યું છે. પ્રયાગરાજમાં સમાપન કાર્યક્રમમાં આ મહત્ત્વપૂર્ણ પહેલનું ભવ્ય સમાપન થશે અને દેશભરમાં નાગરિકોને જોડવાનાં સામૂહિક પ્રયાસોની ઉજવણી સાથે ''હમારા સંવિધાન હમારા સ્વાભિમાન''ની ઉજવણી કરશે. આ કાર્યક્રમમાં કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) તથા સંસદીય બાબતોનાં રાજ્ય મંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનાં અતિથિ વિશેષ તરીકે પરમાર્થ નિકેતનનાં પ્રમુખ અને આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય સ્વામી ચિદાનંદ સરસ્વતીજી છે.

**ક્ષમા કરો અથવા ક્ષમા માગો, જીવનની ઘણી સમસ્યાઓ આપો આપ હલ થશે, કોઈને તેની ભૂલ માટે ક્ષમા આપવી એ પણ એક હિંમતવાન અને દૈવી ગુણ છે**

# સફળતા ન મળવી એ ચિંતાનો વિષય નથી, પરંતુ સફળતા માટે બને તેટલો પ્રયાસ ન કરવો એ ચિંતાનો વિષય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે વ્યક્તિના જીવનમાં સેવા અને ત્યાગ હોય તે સમાજમાં મૂલ્યવાન છે, સેવા અને બલિદાનની ગુણવત્તા સમાજમાં વ્યક્તિનું મૂલ્ય અથવા ઉપયોગિતા નક્કી કરે છે, સેવા અને ત્યાગએ ચોક્કસ દૈવી ગુણો છે.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરીએ તો આપણા શાસ્ત્રોમાં લોભને તમામ પાપી વૃત્તિઓનું મૂળ માનવામાં આવે છે. અતિશય લોભના કારણે રાવણે લંકાનો વિનાશ કર્યો અને અતિશય લોભના કારણે દુર્યોધને કુરુ વંશનો વિનાશ કર્યો. લોભ એ અહંકાર કરતા પણ ખરાબ છે કારણ કે જ્યારે અહંકાર આવે છે ત્યારે વ્યક્તિ સંબંધો તોડી નાખે છે, પરંતુ જ્યારે વ્યક્તિ લોભના પ્રભાવમાં હોય છે ત્યારે વ્યક્તિ સંબંધોને લોહી વહેવડાવી દે છે. આપણા મહાપુરુષોએ કહ્યું છે કે ''કામી તારે ક્રોધી તારે, લોભી કી ગતિ નહિ'' એટલે કે વાસનાની મુક્તિ શક્ય છે, ક્રોધી વ્યક્તિની મુક્તિ પણ શક્ય છે પણ લોભીને કોઈ ગતિ નથી એટલે કે તે હંમેશા ભટકતો જ રહેશે. આપણે જીવતા હોઈએ ત્યારે લોભ આપણને ભટકાવે છે એટલું જ નહીં પણ મૃત્યુ પછીના દુન્યવી બાબતોમાં પણ આપણને ખોટે માર્ગે લઈ જાય છે. જીવનમાં એક વાત યાદ રાખવા જેવી છે કે જે વ્યક્તિ લોભથી છટકી જાય છે. જે આપે છે તે ભગવાન છે. જ્યારે વ્યક્તિ સમાજને આપે છે ત્યારે તે પોતાની જાતને ભગવાન તરીકે સ્થાપિત કરે છે. જ્યારે ભગવાન આશીર્વાદ આપે છે, ત્યારે તે કેટલાક જીવોના મનમાં સેવાની ભાવના જાગૃત કરે છે અને તેને સમાજ સેવાનું સાધન બનાવે છે. જે વ્યક્તિના જીવનમાં સેવા અને ત્યાગ હોય તે સમાજમાંમૂલ્યવાન છે. સેવા અને બલિદાનની ગુણવત્તા સમાજમાં વ્યક્તિનું મૂલ્ય અથવા ઉપયોગિતા નક્કી કરે છે.સેવા અને ત્યાગએ ચોક્કસ દૈવી ગુણો છે, પરંતુ સેવા અને ત્યાગનું અભિમાન પણ જીવનનો સૌથી મોટો રોગ છે. મનુષ્ય હોય કે દેવરાજ ઈન્દ્ર, જેને કર્તા હોવાનો અભિમાન હોય, તેનું અભિમાન એક દિવસ ભગવાન ચોક્કસ તુટી જાય છે. સેવા અને ત્યાગની સાથે સાથે નમ્રતાની લાગણી એ જીવનનું સૌથી મોટું સ્વાસ્થ્ય છે. તેથી, સ્વસ્થ જીવન જીવવા માટે, નમ્ર જીવન જીવવું ફરજિયાત બની જાય છે. સફળતા ન મળવી એ ચિંતાનો વિષય નથી,પરંતુ સફળતા માટે બને તેટલો પ્રયાસ ન કરવો એ ચિંતાનો વિષય છે.પ્રયાસ કરતી વખતે નિષ્ફળ જવા કરતાં પ્રયાસ કર્યા વિના નિષ્ફળ થવું વધુ અપમાનજનક છે. સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે નિષ્ફળતા એ સફળતાનો આધાર છે.જો તમે ક્યારેય નિષ્ફળતાનો સામનો કર્યો નથી, તો તેનો સીધો અર્થ એ છે કે તમે ક્યારેય કંઈપણ નવું કરવાનો પ્રયાસ કર્યો નથી. બીજી એક વાત માણસ સફળતા માંથી એટલું શીખતો નથી જેટલું તે નિષ્ફળતામાંથી શીખે છે. નિષ્ફળતા હંમેશા અનુભવી વ્યક્તિને જન્મ આપે છે. નિષ્ફળતાના માર્ગ પર પકડાયેલ ધીરજ અને પ્રયત્ન હંમેશા સફળતાના દરવાજા ખોલે છે. તમારા વિચારોની તમારા જીવન પર મોટી અસર પડે છે. તમારું વલણ તમારા જીવનનાનિર્માણમાં અથવા જીવનને ખુશ કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તમે રસ્તામાં પડેલા પથ્થરને પણ અવરોધ માની શકો છો અને જો તમે ઈચ્છો તો તે પથ્થરને સીડી બનાવીને ઉપર ચઢી શકો છો. માત્ર એવા લોકો જ જીવનનો આનંદ માણી શકે છે જેમની વિચારવાની રીત સકારાત્મક છે. દુઃખમાં સુખ શોધવું, નુકસાનમાં લાભ શોધવો, પ્રતિકૂળતામાં પણ તક શોધવી, આને કહેવાય હકારાત્મક અભિગમ. જીવનમાં એવું કોઈ મોટું દુઃખ નથી કે જેમાં સુખનો પડછાયો ન દેખાય. જીવનમાં એવો કોઈ અવરોધ નથી કે જેમાંથી પ્રેરણા ન લઈ શકાય. સકારાત્મક વિચારો, સકારાત્મક જુઓ. તેનાથી તમને ગરીબીમાં પણ જીવવાનો આનંદ મળશે. જીવન એક ઉત્સવ છે, દરેક ક્ષણ ને ઉત્સવની જેમ જીવો અને સુખી અને આનંદમય જીવન માટે ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરો. ક્ષમા કરો અથવા ક્ષમા માગો, જીવનની ઘણી સમસ્યાઓ આપો આપ હલ થઈ જશે. કોઈને તેની ભૂલ માટે ક્ષમા આપવી એ પણ એક હિંમતવાન અને દૈવી ગુણ છે. આપણા જીવનમાં ઘણી સમસ્યા ઓ ત્યાંથી જ ઊભી થાય છે, જ્યારે આપણી અંદર અહંકારની ભાવના આવી જાય છે કે હું તેને કેમ માફ કરું..? આપણો પોતાનો અહંકાર પછી દુશ્મનાવટ અને બદલો લેવાનું કારણ બની જાય છે. કૌટુંબિક જીવન,મિત્રતા જીવન કે સામાજિક જીવનમાં સંબંધોને મજબૂત અને મધુર બનાવવા માટે આ બેમાંથી એક ગુણ કોઈપણ વ્યક્તિમાં આગવો હોવો જોઈએ. મહાભારતનો પાયો એ સૂત્રના આધારે નાખવામાં આવ્યો હતો કે જો કોઈ માફ કરે તો ક્ષમા કોઈની પાસેથી માંગવામાં આવતી નથી. નવા મહાભારતમાંથી બચીને આપણું જીવન સુખમાં પસાર કરવા માટે આજે એક જ સૂત્ર પૂરતું છે અને તે છે ક્ષમા કરો અથવા ક્ષમા માગો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત છેલ્લે જોઈએ તો વાતાવરણમાં પલટો આવે તેવી શકયતા વચ્ચે ઠંડી ગરમી તરફ નજર છે જેમાં ૬૬ નગર પાલિકાની ચૂંટણી જાહેર થતાં રાજકીય ચહલપહલ શરૂ થઈ છે ત્યારે આજે આપણે અહી અટકીએ અસ્તુ.



**નેશનલ હેલ્થ મિશન (૨૦૨૧-૨૪) હેઠળ હાંસલ થયેલી સિદ્ધિઓ): ભારતનાં જાહેર આરોગ્ય પરિણામોને સુધારવામાં એક સીમાચિહ્નરૂપ**

# એનએચએમએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૪ ની વચ્ચે ૧૨ લાખથી વધુ વધારાનાં હેલ્થકેર વર્કર્સની નિમણૂંક કરી

**વર્ષ ૨૦૨૩માં મેલેરિયા સર્વેલન્સ અને કેસોમાં ૨૦૨૨ની તુલનામાં અનુક્રમે ૮.૩૪% અને ૨૮.૯૧%નો વધારો થયો છે, વધુમાં, કાલા-અઝાર નાબૂદીનાં પ્રયાસો સફળ રહ્યા છે, જેમાં ૨૦૨૩નાં અંત સુધીમાં ૧૦,૦૦૦ની વસતિ દીઠ ૧૦૦ ટકા સ્થાનિક બ્લોકસે એકથી ઓછા કેસનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે, સઘન મિશન ઇન્દ્રધનુષ (આઇએમઆઇ) ૫.૦ હેઠળ મીઝલ્સ-રૂબેલા નાબૂદી અભિયાને ૩૪.૭૭ કરોડથી વધુ બાળકોને રસી આપી હતી અને ૯૭.૯૮ ટકા કવરેજ હાંસલ કર્યું હતું.**

નેશનલ હેલ્થ મિશન (એનએચએમ)એ માનવ સંસાધનોનાં વિસ્તરણ, આરોગ્યને લગતી ગંભીર સમસ્યાઓનું સમાધાન કરવા અને આરોગ્ય કટોકટી સામે સંકલિત પ્રતિભાવને પ્રોત્સાહન આપવાનાં તેના અવિરત પ્રયાસો દ્વારા ભારતનાં જાહેર આરોગ્ય પરિણામોને સુધારવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન એનએચએમએ માતૃત્વ અને બાળકનાં સ્વાસ્થ્ય, રોગ નાબૂદી અને હેલ્થકેર માળખાગત સુવિધા સહિત વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ મિશનનાં પ્રયાસો ભારતનાં સ્વાસ્થ્ય સુધારાઓ, ખાસ કરીને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન અભિન્ન રહ્યા છે અને સમગ્ર દેશમાં વધુ સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. એનએચએમની મુખ્ય સિદ્ધિ એ આરોગ્યસંભાળ ક્ષેત્રમાં માનવ સંસાધનોમાં નોંધપાત્ર વધારો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં એનએચએમએ જનરલ ડ્યુટી મેડિકલ ઓફિસર્સ (જીડીએમઓ), નિષ્ણાતો, સ્ટાફ નર્સો, એએનએમ, આયુષ ડૉક્ટર્સ, આનુષંગિક હેલ્થકેર વર્કર્સ અને પબ્લિક હેલ્થ મેનેજર્સ સહિત ૨.૬૯ લાખ વધારાનાં હેલ્થકેર વર્કર્સને સામેલ કરવાની સુવિધા આપી હતી. આ ઉપરાંત ૯૦,૭૪૦ સામુદાયિક આરોગ્ય અધિકારીઓ (સીએચઓ)ને પણ કામે લગાડવામાં આવ્યા હતા. તે પછીનાં વર્ષોમાં આ સંખ્યામાં વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૪.૨૧ લાખ વધારાનાં હેલ્થકેર વ્યાવસાયિકો રોકાયેલા છે. જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૨૯ લાખ સીએચઓ અને ૫.૨૩ લાખ કામદારો સામેલ છે. જેમાં ૧.૩૮ લાખ સીએચઓ સામેલ છે. આ પ્રયાસોએ ખાસ કરીને તળિયાના સ્તરે હેલ્થકેર ડિલિવરીમાં સુધારો કરવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. એનએચએમ માળખાએ જાહેર આરોગ્ય પ્રણાલીને મજબૂત બનાવવામાં, ખાસ કરીને કોવિડ -૧૯ રોગચાળાનાં પ્રતિસાદમાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવી છે. આરોગ્ય સુવિધાઓ અને કામદારોનાં હાલનાં નેટવર્કનો ઉપયોગ કરીને એનએચએમએ જાન્યુઆરી ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૪ની વચ્ચે ૨૨૦ કરોડથી વધુ કોવિડ -૧૯ રસી ડોઝ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત, એનએચએમ હેઠળ બે તબક્કામાં અમલમાં મૂકવામાં આવેલા ઈન્ડિયા કોવિડ -૧૯ ઈમરજન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ્સ પ્રિપેર્ડનેસ પેકેજ (ઈસીઆરપી) એ રોગચાળાને અસરકારક રીતે સંચાલિત કરવા માટે હેલ્થકેર સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં મદદ કરી હતી. ભારતે એનએચએમ હેઠળનાં મુખ્ય આરોગ્ય સૂચકાંકોમાં પણ પ્રભાવશાળી પ્રગતિ કરી છે. મેટરનલ મોર્ટાલિટી રેશિયો (એમએમઆર) વર્ષ ૨૦૧૪-૧૬માં દર લાખ જીવિત જન્મદીઠ ૧૩૦થી નોંધપાત્ર રીતે ઘટીને વર્ષ ૨૦૧૮-૨૦માં ૯૭ ટકા પ્રતિ લાખ થયો છે. જે ૨૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. ૧૯૯૦થી અત્યાર સુધીમાં તેમાં ૮૩ ટકાનો ઘટાડો થયો છે, જે વૈશ્વિક સ્તરે ૪૫ ટકાનાં ઘટાડા કરતાં વધારે છે. એ જ રીતે ૫ વર્ષથી ઓછી ઉમરનાં બાળકોમાં મૃત્યુદર (યુ૫એમઆર) વર્ષ ૨૦૧૪માં ૧,૦૦૦ જીવંત જન્મ દીઠ ૪૫થી ઘટીને વર્ષ ૨૦૨૦માં ૩૨ થયો છે. જે ૧૯૯૦થી અત્યાર સુધીમાં વૈશ્વિક સ્તરે ૬૦ ટકાનાં ઘટાડાની સરખામણીમાં મૃત્યુદરમાં ૭૫ ટકાનો ઊંચો ઘટાડો દર્શાવે છે. શિશુ મૃત્યુ દર (આઈએમઆર) વર્ષ ૨૦૧૪માં ૧,૦૦૦ જીવંત જન્મ દીઠ ૩૯થી ઘટીને વર્ષ ૨૦૨૦માં ૨૮ થયો છે. આ ઉપરાંત, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ -૫) અનુસાર કુલ પ્રજનન દર (ટીએફઆર) ૨૦૧૫માં ૨.૩ થી ઘટીને ૨૦૨૦માં ૨.૦ થઈ ગયો છે. આ સુધારાઓ સૂચવે છે કે ભારત વર્ષ ૨૦૩૦ અગાઉ માતૃત્વ, બાળ અને શિશુ મૃત્યુદર માટેનાં એસડીજી લક્ષ્યાંકો હાંસલ કરવાનાં માર્ગે અગ્રેસર છે. એન.એચ.એમ. વિવિધ રોગોને નાબૂદ કરવા અને નિયંત્રણમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. દાખલા તરીકે, રાષ્ટ્રીય ક્ષય રોગ નાબૂદી કાર્યક્રમ (એનટીઈપી) હેઠળ ક્ષય (ટીબી)નું પ્રમાણ ૨૦૧૫માં ૧,૦૦,૦૦૦ની વસતિએ ૨૩૭થી ઘટીને ૨૦૨૩માં ૧૯૫ થયું હતું અને આ જ સમયગાળામાં મૃત્યુદર ૨૮થી ઘટીને ૨૨ થયો છે. મેલેરિયાનાં મામલે વર્ષ ૨૦૨૧માં મેલેરિયાનાં કેસ અને મૃત્યુમાં ૨૦૨૦ની સરખામણીએ અનુક્રમે ૧૩.૨૮ ટકા અને ૩.૨૨ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૨ માં મેલેરિયા સર્વેલન્સ અને કેસોમાં અનુક્રમે ૩૨.૯૨% અને ૯.૧૩% નો વધારો થયો છે. જ્યારે મેલેરિયાનાં મૃત્યુમાં ૨૦૨૧ ની તુલનામાં ૭.૭૭% નો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૩માં મેલેરિયા સર્વેલન્સ અને કેસોમાં ૨૦૨૨ની તુલનામાં અનુક્રમે ૮.૩૪% અને ૨૮.૯૧%નો વધારો થયો છે. વધુમાં, કાલા-અઝાર નાબૂદીનાં પ્રયાસો સફળ રહ્યા છે. જેમાં ૨૦૨૩નાં અંત સુધીમાં ૧૦,૦૦૦ની વસતિ દીઠ ૧૦૦ ટકા સ્થાનિક બ્લોકસે એકથી ઓછા કેસનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. સઘન મિશન ઈન્દ્રધનુષ (આઈએમઆઈ) ૫.૦ હેઠળ મીઝલ્સ-રૂબેલા નાબૂદી અભિયાને ૩૪.૭૭ કરોડથી વધુ બાળકોને રસી આપી હતી અને ૯૭.૯૮ ટકા કવરેજ હાંસલ કર્યું હતું. વિશેષ સ્વાસ્થ્ય પહેલનાં સંદર્ભમાં સપ્ટેમ્બર ૨૦૨૨માં શરૂ કરવામાં આવેલા પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાનમાં ૧,૫૬,૫૭૨ લાખ નિક્ષય મિત્ર સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવી છે. જેઓ ૯.૪૦ લાખથી વધુ ટીબી દર્દીઓને ટેકો આપી રહ્યા છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય ડાયાલિસિસ કાર્યક્રમ (પીએમએનડીપી)નું પણ વિસ્તરણ કરવામાં આવ્યું છે. જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૨.૩૫ લાખથી વધારે હિમોડાયાલિસિસ સત્રો પ્રદાન કરવામાં આવ્યાં છે. જેનાથી ૪.૫૩ લાખથી વધારે ડાયાલિસિસ દર્દીઓને લાભ થશે. આ ઉપરાંત, ૨૦૨૩માં શરૂ કરવામાં આવેલા નેશનલ સિકલ સેલ એનિમિયા નાબૂદી અભિયાને આદિવાસી વિસ્તારોમાં ૨.૬૧ કરોડથી વધુ લોકોની તપાસ કરી છે. જે ૨૦૪૭ સુધીમાં સિકલ સેલ રોગને નાબૂદ કરવાનાં લક્ષ્ય તરફ કામ કરી રહ્યું છે. ડિજિટલ આરોગ્ય પહેલ પર પણ મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જાન્યુઆરી ૨૦૨૩માં યુ-વિન પ્લેટફોર્મનો પ્રારંભ એ સુનિશ્ચિત કરે છે કે, ભારતભરમાં સગર્ભા સ્ત્રીઓ, શિશુઓ અને બાળકોને સમયસર રસી આપવામાં આવે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નાં અંત સુધીમાં આ પ્લેટફોર્મનું વિસ્તરણ ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં ૬૫ જિલ્લાઓમાં થયું હતું. જે વાસ્તવિક સમયનાં રસીકરણ ટ્રેકિંગને સુનિશ્ચિત કરે છે અને રસીકરણ કવરેજમાં સુધારો કરે છે. એનએચએમએ હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેમાં નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ્સ (એનક્યુએએસ) હેઠળ જાહેર આરોગ્ય સુવિધાઓનાં પ્રમાણપત્રનો પણ સમાવેશ થાય છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, ૭,૯૯૮ જાહેર આરોગ્ય સુવિધાઓને પ્રમાણિત કરવામાં આવી છે. જેમાંથી ૪,૨૦૦ થી વધુને રાષ્ટ્રીય પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત કાર્યરત આયુષ્માન આરોગ્ય મંદિર (એએએમ) કેન્દ્રોની સંખ્યા, જે વિવિધ પ્રકારની આરોગ્ય સેવાઓ પ્રદાન કરે છે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નાં અંત સુધીમાં વધીને ૧,૭૨,૧૪૮ થઈ ગઈ છે. જેમાંથી ૧,૩૪,૬૫૦ કેન્દ્રો ૧૨ મુખ્ય હેલ્થકેર સેવાઓ પ્રદાન કરે છે. એનએચએમનાં પ્રયાસો પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રો (પીએચસી) અને ફર્સ્ટ રેફરલ યુનિટ્સ (એફઆરઆઈ)ની સ્થાપના સાથે ઈમરજન્સી સેવાઓમાં સુધારો કરવા સુધી વિસ્તૃત થયા છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં ૧૨,૩૪૮ પીએચસીને ૨૪૮૭ સેવાઓમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા અને દેશભરમાં ૩,૧૩૩ એફ. આર.યુ. કાર્યરત હતા. આ ઉપરાંત મોબાઈલ મેડિકલ યુનિટ્સ (એમએમયુ)નો કાફલો પણ વિસ્તર્યો છે. જેમાં અત્યારે ૧,૪૨૪ એમએમયુ કાર્યરત છે. જેથી અંતરિયાળ અને વંચિત વિસ્તારોમાં હેલ્થકેર સુલભતા સુનિશ્ચિત કરી શકાય. ૨૦૨૩માં એમએમયુ પોર્ટલની રજૂઆતથી નબળા આદિજાતિ જૂથો માટે આરોગ્ય સૂચકાંકો પર દેખરેખ અને ડેટા સંગ્રહને વધુ મજબૂત બનાવવામાં આવ્યા હતા. NHMએ તમાકુનાં ઉપયોગ અને સર્પદંશથી ચડતા ઝેર જેવા જાહેર આરોગ્યનાં મુદ્દાઓને પણ સંબોધિત કર્યા છે. સતત જનજાગૃતિ ઝુંબેશ અને તમાકુ નિયંત્રણ કાયદાઓનાં અમલીકરણ દ્વારા એનએચએમએ છેલ્લા એક દાયકામાં તમાકુનાં વપરાશમાં ૧૭.૩ ટકાનો ઘટાડો કરવામાં ફાળો આપ્યો છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સર્પદંશથી થતા ઝેરનાં નિવારણ, શિક્ષણ અને વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરીને રાષ્ટ્રીય કાર્ય યોજના (NAPSE) શરૂ કરવામાં આવી હતી. એનએચએમનાં ચાલી રહેલા પ્રયાસોથી ભારતનાં હેલ્થકેર લેન્ડસ્કેપમાં નાટ્યાત્મક પરિવર્તન આવ્યું છે. માનવ સંસાધનોનું વિસ્તરણ કરીને, આરોગ્ય પરિણામોમાં સુધારો કરીને અને આરોગ્યને લગતી ગંભીર સમસ્યાઓનું સમાધાન કરીને, એનએચએમ દેશભરમાં આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને સુલભતામાં વધારો કરવાનું ચાલુ રાખે છે. સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (એસડીજી)ને હાંસલ કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ સાથે ભારત વર્ષ ૨૦૩૦ની સમયમર્યાદા અગાઉ જ તેનાં સ્વાસ્થ્યલક્ષી લક્ષ્યાંકો હાંસલ કરવાનાં માર્ગે અગ્રેસર છે. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનની શરૂઆત વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ જાહેર સ્વાસ્થ્ય વ્યવસ્થાનું નિર્માણ કરવાનો હતો. જેનો ઉદ્દેશ ગ્રામીણ વસતિ, ખાસ કરીને વંચિત જૂથોને જિલ્લા હોસ્પિટલો (ડીએચ) સ્તર સુધી સુલભ, વાજબી અને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવા પ્રદાન કરવાનો છે. વર્ષ ૨૦૧૨માં નેશનલ અર્બન હેલ્થ મિશન (એનયુએચએમ)ની કલ્પના કરવામાં આવી હતી અને એનઆરએચએમને બે પેટા મિશન એટલે કે એનઆરએચએમ અને એનયુએચએમ સાથે નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) નામ આપવામાં આવ્યું હતું.

# 'કહો ના પ્યાર હૈ'ના સેટ પર પિતા, પુત્ર વચ્ચે ખુબ દલીલો થતી

## હૃતિક રોશને ૨૫ વર્ષ પહેલા બ્લોકબસ્ટર ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું

હૃતિક રોશને ૨૫ વર્ષ પહેલા બ્લોકબસ્ટર ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મનું ડાયરેક્શન તેના પિતા અને પીઢ ફિલ્મ મેકર રાકેશ રોશને કર્યું હતું. રાકેશ રોશને આ ફિલ્મ પોતાના દીકરાને બોલિવૂડમાં લોન્ચ કરવા માટે બનાવી હતી, પરંતુ તેના સેટ પર બંને વચ્ચે ઘણી દલીલો થતી હતી.રાકેશ રોશન કરીના કપૂર અને ઋતિક રોશન સાથે 'કહો ના પ્યાર હૈ' બનાવવાના હતા, પરંતુ હૃતિકના ફિલ્મમાં વધારે સીન હોવાથી કરીનાએ થોડા દિવસોના શૂટિંગ પછી ફિલ્મ છોડી દીધી. આ પછી અમીષા પટેલે તેનું સ્થાન લીધું.૨૦૦૦ની બ્લોકબસ્ટર ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' માં હૃતિક રોશન ડબલ રોલમાં જોવા મળ્યો હતો. દર્શકોનો પ્રેમ મળ્યા પછી તે રાતોરાત સ્ટાર બની ગયો. ફિલ્મનું શૂટિંગ કરતી વખતે, સેટ પર હૃતિક રોશન અને રાકેશ રોશન વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા.નેટફ્લિક્સ પર હાલમાં રિલીઝ થયેલી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ 'ધ રોશન્સ' માં હૃતિક રોશન, રાકેશ રોશન અને રાજેશ રોશનના જીવનના અજાણ્યા પાસાઓને ઉજાગર કર્યા છે. આ ડોક્યુમેન્ટ્રીમાં હૃતિકની માતા અને રાકેશ રોશનની પત્નીએ ખુલાસો કર્યો છે કે ફિલ્મના શૂટિંગ




દરમિયાન તેઓ પિતા અને પુત્ર વચ્ચે કેવી રીતે તેઓ ફસાઈ જતા હતા.બોલિવૂડના 'ગ્રીક ગોડ' હૃતિક રોશનની માતા પિંકી રોશન ડોક્યુમેન્ટ્રી 'ધ રોશન્સ'માં કહે છે, 'ડેબ્યૂ ફિલ્મના શૂટિંગ દરમિયાન હૃતિકનો મૂડ ઘણીવાર ઓફ રહેતો હતો.' જ્યારે તે તેને પૂછતી કે શું થયું, ત્યારે તે તેને કહેતી કે તે સેટ પર તેની ઈચ્છા મુજબ કેટલીક વસ્તુઓ કરવા માંગે છે પરંતુ તેના પિતાએ તેને તેમ કરવા દીધું નહીં.રાકેશ રોશને એક વાર કહ્યું હતું કે, 'તેને કશું આવડતું નથી.'

### બંનેના લગ્ન ૨૦ એપ્રિલ ૨૦૦૭ ના રોજ થયા હતા

# શત્રુઘ્ન સિંહાએ અભિષેક-ઐશ્વર્યાના લગ્નની મીઠાઈ પાછી મોકલી હતી

ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન તેમના લગ્નજીવનને લઈને ખૂબ જ સમાચારમાં રહે છે. બંનેના લગ્ન ૨૦ એપ્રિલ ૨૦૦૭ ના રોજ થયા હતા. આ લગ્નની ખૂબ ચર્ચા થઈ હતી. જોકે, આ લગ્નમાં ફક્ત પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. જ્યારે ઐશ્વર્યા અને અભિષેકના લગ્નની મીઠાઈઓ અભિનેતા શત્રુઘ્ન સિંહાના ઘરે પહોંચાડવામાં આવી હતી, ત્યારે તેમણે તે મીઠાઈઓ પાછી આપી હતી.શત્રુઘ્ન સિંહાને આ વાતનું ખરાબ લાગ્યું હતું.એક ઈન્ટરવ્યુમાં શત્રુઘ્ન સિંહાએ જણાવ્યું કે જ્યારે તમે મને આમંત્રણ ન આપ્યું તો મીઠાઈઓ કેમ?' મીઠાઈ સ્વીકારીને હું બીજા સ્થાને રહીશ નહીં અને તેમને શરમાવીશ નહીં. ઓછામાં ઓછું મને તો આશા હતી કે અમિતાભ કે પરિવારનો કોઈ સભ્ય મીઠાઈ મોકલતા પહેલા મને ફોન કરશે. જ્યારે તમે એવું નથી કર્યું તો પછી મીઠાઈ ખાવાનો શું અર્થ? અમિતાભ અને શત્રુઘ્ન ઘણી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે તે જાણીતું છે. બંને ગોવા, કાલા પથ્થર, નસીબ, શાન અને દોસ્તાના જેવી ફિલ્મોમાં સાથે જોવા મળ્યા હતા.



અભિષેક બચ્ચને જણાવ્યું હતું કે લગ્ન શા માટે ખાનગી રાખવામાં આવ્યા હતા. અભિષેકે કહ્યું હતું કે તેની દાદી તેજી બચ્ચનની તબિયત ખરાબ હતી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ કારણોસર લગ્ન ખાનગી રાખવામાં આવ્યા હતા. પરંતુ તે હજુ પણ ઈચ્છતો હતો કે ઉદ્યોગના તેના મિત્રો તેને આશીર્વાદ આપે અને તેથી તેના ઘરે મીઠાઈ પહોંચાડવામાં આવી. ઐશ્વર્યા અને અભિષેક હવે એક પુત્રીના માતા-પિતા છે. તેમની દીકરીનું નામ આરાધ્યા છે. તાજેતરમાં, ઐશ્વર્યા અને અભિષેકના છૂટાછેડાની ઘણી અફવાઓ ફેલાઈ હતી. જોકે, આ દંપતીએ ઘણી વખત સાથે જોવા મળતા આ અફવાઓને ફગાવી દીધી હતી.

# યશવર્ધન બાબિલ ખાન સાથે ડેબ્યુ કરે તેવી શક્યતા

થોડાં વખત પહેલાં ગોવિંદાની પત્ની સુનિતા આહુજા અને તેની દિકરી ટીનાએ થોડાં વખત પહેલાં એક ઈન્ટરવ્યુમાં વાત કરી હતી કે કઈ રીતે નેપોટીઝમે તેની કૅરિઅર પર અસર કરી છે. તે તો પોતાની કારકિર્દી શરૂ પણ ન કરી શકે, જ્યારે યશવર્ધન આહુજા હવે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવાની તૈયારી કરતો હોય એવું લાગે છે. 'કલર ફોટો'નામની નેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મના પ્રોડ્યુસર સાઈ રાજેશ સાથે યશવર્ધન ડેબ્યુ કરવાનો છે. એક અહેવાલ મુજબ બાબિલ ખાન પણ





આ ફિલ્મમાં કામ કરવાનો હોવાની ચર્ચા છે. બાબિલ આ પહેલાં 'ધ રેલ્વે મેન' અને 'કલા' જેવી ફિલ્મોમાં પોતાની અભિનય ક્ષમતા સાબિત કરી ચૂક્યો છે.આ નામો પરથી એવું લાગે છે કે ડિરેક્ટર આ બે કલાકારોવાળી ફિલ્મમાં કોઈ એવા કલાકારને લેવા માગતા હતા જેની પોતાની કળા પર સારી પકડ હોય. બાબિલ ખાનમાં એ ક્ષમતા છે અને તેણે એક્ટિંગની ધોરણસરની તાલીમ પણ લીધી છે, જેનાથી તે કોઈ પણ પાત્ર સારી રીતે નીભાવી શકે છે. આ પાત્રમાં ઘણું પેશન અને ઊંડાણ હશે. આ એક લવસ્ટોરી છે, જેને સાઈ રાજેશ ડિરેક્ટ કરશે અને અલ્લુ અરવિંદ, મધુ મંટેના અને એસકેએન ફિલ્મ્સ પ્રોડ્યુસ કરશે. આમિરના દિકરા જુનૈદની જેમ યશવર્ધને પણ શાંતિથી અને કૅમેરાથી દૂર રહીને પોતાની અભિનય ક્ષમતા પર કામ કર્યું છે. સુહાના ખાન, ખુશી કપૂર કે જ્હાન્વી કપૂરની જેમ તે પહેલાંથી જ સોશિયલ મીડિયા પર છવાયેલો નથી. જોકે, તે હેન્ડસમ તો છે, જે તેના ઈન્સ્ટાગ્રામ પરથી જોઈ શકાય છે. તેણે આ રોલ માટે ઓડીશન આપીને રોલ મેળવ્યો હોવાનો અંદાજ છે. કારણ કે મેકર્સ કોઈ નવો ચહેરો લેવા માગતા હતા. આ ફિલ્મના અન્ય પાત્રો માટે ઓડિશન ચાલુ છે મે ૨૦૨૫થી આ ફિલ્મનું શૂટ શરૂ થઈ જશે. જોકે, હજુ સુધી ગોવિંદા પણ આ બાબતે મૌન જ રહ્યો છે.

# યામી અને પ્રતીકની 'ધૂમ ધામ'નાં ટીઝરમાં ધમાચકડી

પ્રતીક ગાંધી અને યામી ગૌતમ જેવા ટેલેન્ટેડ કલાકારો એક સિચ્યુએશનલ કોમેડી ફિલ્મ 'ધૂમ ધામ'માં એક સાથે આવી રહ્યાં છે. સોમવારે તેનું ટીઝર લોંચ કરવામાં આવ્યું, આ પહેલાં પ્રતીક, યામી અને ફિલ્મની ટીમ દ્વારા અખબારમાં લગ્ન વિષયક જાહેરાતમાં ચમકતાં પ્રતીક અને યામીના ફોટો સહિતની તસવીરો સોશિયલ મીડિયા પર શેર થઈ રહી હતી. સોમવારે આ ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું, જેમાં ફિલ્મની ધમાકેદાર સ્ટોરીની ઝલક મળે છે. જેમાં આ કપલની લગ્નની પહેલી રાતની ધમાલની વાત છે.પહેલી વખત પ્રતીક અને યામી એક ફિલ્મમાં સાથે જોવા મળશે. આ ફિલ્મ રિશભ શેઠ ડિરેક્ટ કરશે અને બી૬૨ અને જિઓ સ્ટુડિયોઝ આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે. 'ધૂમ ધામ'માં એવી વાર્તા છે, જેમાં એક યામી અને પ્રતીકના લગ્ન થાય છે અને જેવા તેઓ સાત જન્મના વચન લે છે એવી તેમની લગ્નની રાતમાં ધમાલ મચી જાય છે. યામી કોયલનું પાત્ર ભજવે છે જે એક બિન્દાસ્ત અને આઝાદ છોકરી છે જ્યારે પ્રતીક વીરનું પાત્ર ભજવે છે, બંનેના વિરોધાભાસી સ્વભાવ છતાં તેઓ એકસાથે આવે છે અને લગ્ન કરવાનું નક્કિ થાય છે. આ ટીઝરમાં યામી હાથમાં બંદૂક કાઢતી દેખાય છે, જે જોઈને ભોળો અને શરમાળ પ્રતીક આઘાત પામે છે. આ એક રોલરકોસ્ટર જેવી ફિલ્મ છે. ફિલ્મના પ્રોડ્યુસર્સ આદિત્ય ધર અને લોકેશ ધરે એક નિવેદનમાં કહ્યું,"અમારે ધૂમ ધામમાં કશુંક નવું, અલગ અને મજા પડે એવું બનાવવા માગતા હતા, જેમાં હ્યુમર, કેઓસ, એક્શન, રોમાન્ય બધું જ નવી રીતે દર્શાવાશે.

# 'તન્નુ વેડ્ઝ મન્નુ 3'માં આર. માધવનને રિપ્લેસ કરી દેવાયો

આનંદ એલ રાયની ખુબ લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝી 'તન્નુ વેડ્ઝ મન્નુ'નો ત્રીજો ભાગ આવી રહ્યો હોવાની ઘણા લાંબા સમયથી ચર્ચાઓ ચાલે છે. ત્યારે ઘણા લોકો આ ફિલ્મમાં આર.માધવનને જ મન્નુ તરીકે જોવા મળે છે. જોકે, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં માધવને સ્પષ્ટતા કરી છે કે આ ફિલ્મ માટે તેનો કોઈએ સંપર્ક કર્યો નથી. આ ફિલ્મમાં માધવન અને કંગનાના રોલ અંગેની શક્યતાઓ અંગે માધવને જણાવ્યું,"જ્યાં સુધી હું આ અંગે કશું કહેવા માગું છું, ત્યાં સુધી, મને આ અંગે કંઈ જ ખબર નથી. આ બધું ઈન્સ્ટાગ્રામ પર જ ચાલે છે. બધા લોકો અને મીડિયા મને પ્રશ્નો કરે છે. ફિલ્મના ત્રીજા ભાગ અંગે આનંદ કે અન્ય કોઈ પણ વ્યક્તિએ મારી સાથે કોઈ જ વાત કરી નથી."માધવનને લાગે છે કે તે કદાચ આ ફિલ્મનો ભાગ પણ નથી. તેણે કહ્યું,"મને કોઈ જ અંદાજ નથી અને મને સ્ક્રિપ્ટ શું છે એ પણ ખબર નથી. કદાચ હું આ ફિલ્મમાં છું જ નહીં. કદાચ તેમણે મને રિપ્લેસ કરી નાખ્યો છે. મને જરા પણ અંદાજ નથી."અગાઉ માધવને ત્રીજી ફિલ્મના ભાગ બનવા અંગે પોતાની મુંઝવણ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું, "જે ઘોડો મરી ગયો



હોય તેને દોડાવવા ચાબુક માર્યા કરવા જેવું છે, તન્નુ વેડ્ઝ મન્નુની વાર્તાને ખેંચવી હવે નિરર્થક છે. આ અશક્ય છે અને મને લાગે છે હું હવે ધરાઈ ગયો છું. મારે ફરી મન્નુ નથી બનવું હવે."માધવન અને કંગના લીડ રોલમાં હતા એવી ફિલ્મ તન્નુ વેડ્ઝ મન્નુ ૨૦૧૧માં રિલીઝ થઈ હતી. તેની સફળતા પછી ૨૦૧૫ તેનો બીજો ભાગ રિલીઝ કરવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશના બેકગ્રાઉન્ડ પર આધારીત ફિલ્મમાં મન્નુ એક શરમાળ વ્યક્તિ છે, જ્યારે તન્નુ એક આખાબોલી અને બિંદાસ છોકરી છે.



જેટલી ઝડપથી ઉપર ચડતું હતું એટલી જ ઝડપથી હવે નીચે પણ ઉતરવા માંડ્યું છે

# 'પુષ્પા ૨'નું ૨૦૦૦ કરોડની કમાણી સુધી પહોંચવાનું સપનું અધુરું રહેશે

'પુષ્પા ૨'નું પ્રદર્શન બોક્સ ઓફિસ પર જેટલી ઝડપથી ઉપર ચડતું હતું એટલી જ ઝડપથી હવે નીચે પણ ઉતરવા માંડ્યું છે. રિલીઝના ૪૫ દિવસમાં આ ફિલ્મે ગ્લોબલી ૧૭૩૧.૬૫ કરોડની કમાણી કરી છે. જો પહેલાં અઠવાડિયા સાથે સરખામણી કરવામાં આવે તો છઠ્ઠા અઠવાડિયે આ ફિલ્મની કમાણીમાં ૬૧.૫૮ ટકાનો ઘટાડો થયો છે. આમ આ ફિલ્મ હવે ૨૦૦૦ કરોડની કમાણીથી તો દૂર પણ 'બાહુબલી ૨' અને 'દંગલ'નો ૧૮૦૦ કરોડનો રેકોર્ડ પણ કદાચ નહીં તોડી શકે એવું લાગી રહ્યું છે. 'પુષ્પા ૨'ની રિલીઝ પછી તેની ધમી પડી રહેલી કમાણીને ફરી ગતિ આપવા માટે મેકર્સ દ્વારા ૧૭ જાન્યુ.એ ફિલ્મનું રીલોડેડ વર્ઝન રિલીઝ કરવામાં આવ્યું, જેમાં પુશપરાજનો બાળપણનો એક સીન ઉમેરવામાં આવ્યો છે, જે તેને જાપાની માફીયા સામે લડતી વખતે પાણીમાં ડુબીને યાદ આવે છે. પરંતુ આ વધારાના સીન સાથે પણ ફિલ્મને સાતમા અઠવાડિયે કોઈ ખાસ મદદ મળી નથી. સુકુમારની આ ફિલ્મ ૧૮૮ કરોડના રેકોર્ડને તોડી નાખશે એવું પ્રોડ્યુસર્સનું નિવેદન ૬ જાન્યુ.એ આવ્યું હતું. પરંતુ ૧૮ જાન્યુ.એ આ ફિલ્મે ગ્લોબલી માત્ર ૨૭૦.૫ કરોડની જ કમાણી કરી. તેથી તે ૪૫મા દિવસે માંડ ૧૭૩૧.૬૫ કરોડ સુધી પહોંચી શકી. જોકે, મેકર્સનો દાવો છે કે આ ફિલ્મે ગ્લોબલી ૧૮૩૧ કરોડની કમાણી કરીને સૌથી ઝડપથી સૌથી વધુ કમાણી કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. મિથ્રી મુવીઝ દ્વારા ૬ જાન્યુ.એ અપાયેલાં નિવેદન મુજબ, "પુષ્પા ૨ -ધ રુલ હવે ભારતીય સિનેમા ઈન્ડસ્ટ્રીની દેશભરમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. આ ફિલ્મે ૩૨ દિવસમાં વર્લ્ડ વાઈડ ૧૮૩૧ કરોડની કમાણી કરી લીધી છે."એસ એસ રાજામૌલીની 'બાહુબલી ૨'એ ૧૭૯૦ કરોડ અને આમિર ખાનની 'દંગલ'એ ૨૦૭૦ કરોડની કમાણી કરી હતી. ભલે 'પુષ્પા ૨'"બાહુબલી ૨'ના રેકોર્ડની નજીક પહોંચી ગઈ હોય, તેમ છતાં હાલની સ્થિતિ જોતાં આ સ્થિતિ પણ અશક્ય લાગે છે. કારણ કે અલ્લુ અર્જૂનની આ ફિલ્મે સાતમા શનિવારે, ૧૮ જાન્યુ.એ માત્ર ૧.૧ કરોડની કમાણી કરી છે. જેમાંથી ૦.૩ કરોડ તેલુગુ ફિલ્મમાંથી અને ૦.૮ કરોડ હિન્દી ફિલ્મમાંથી કમાયા હોવાનો અંદાજ છે.

### ફિલ્મ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ રિલીઝ થશે


# શાહિદની 'દેવા'ને હિટ બનાવવા શાનદાર રણનીતિ અપનાવાઈ

## ફિલ્મના રસમાં વધારો કરતાં, એક વ્યક્તિએ ખુલાસો કર્યો છે કે ફિલ્મના અનેક ક્લાઈમેક્સ શૂટ કરવામાં આવ્યા છે

શાહિદ કપૂરની આગામી ફિલ્મ દેવાના નિર્માતાઓએ કંઈક એવું કર્યું છે જેના વિશે શાહિદ કપૂર પોતે પણ જાણતા નથી. પરંતુ એટલું નક્કી છે કે કઈક નવાજુની થવાની છે. શાહિદ કપૂરની 'દેવા'ને હિટ બનાવવા માટે નિર્માતાઓએ એક અદ્ભુત વ્યૂહરચના અપનાવી, છે શાહિદ કપૂરની આગામી ફિલ્મ દેવાનું શાનદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલર રિલીઝ થતાંની સાથે જ દર્શકોનો મોટો સમૂહ ૩૧ જાન્યુઆરીની રાહ જોવા લાગ્યો. એકંદરે, શાહિદ કપૂર અને પૂજા હેગડેની ફિલ્મ માટે ભારે ક્રેઝ છે.ફિલ્મની જાહેરાત પછી ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. પોસ્ટર હોય, અદ્ભુત ટીઝર હોય કે પછી "ભાસદ માચા" નું હિટ ગીત હોય - દરેક વસ્તુએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે. લોકો તેની જબરદસ્ત એક્શન અને રસપ્રદ વાર્તાના વખાણ કરી રહ્યા છે. હવે એક એવા સમાચાર આવ્યા છે જે સાંભળ્યા પછી લોકોના મનમાં ફિલ્મ પ્રત્યેની ઉત્સુકતા વધુ વધવાની છે.આ સમાચાર ફિલ્મના ક્લાઈમેક્સ વિશે છે. ઉપરાંત, ફિલ્મના નિર્માતાઓએ ક્લાઈમેક્સ અંગે તેમના અદ્ભુત મગજનો ઉપયોગ કર્યો છે. દરેક વ્યક્તિ ખાસ કરીને ફિલ્મના ક્લાઈમેક્સની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે સમાચાર આવ્યા છે કે ફિલ્મના કલાકારોને પણ ક્લાઈમેક્સ વિશે કંઈ ખબર નથી.ફિલ્મના ઘણા ક્લાઈમેક્સ શૂટ થઈ ગયા છે.ફિલ્મના રસમાં વધારો કરતાં, એક વ્યક્તિએ ખુલાસો કર્યો છે કે ફિલ્મના અનેક ક્લાઈમેક્સ શૂટ




કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, કલાકારો અને ક્રૂને પણ ખબર નથી કે અંતિમ કટમાં કયો ક્લાઈમેક્સ રાખવામાં આવ્યો છે. સૂત્રના જણાવ્યા અનુસાર, "નિર્માતાઓએ ક્લાઈમેક્સને સંપૂર્ણ પણે ગુપ્ત રાખ્યો છે, જેના કારણે દરેક મૂંઝવણમાં છે. આ રહસ્ય ફક્ત દર્શકો માટે જ નહીં પરંતુ ટીમ માટે પણ સસ્પેન્સનું સ્તર ઉમેરે છે.ટ્રેલરને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે, જેમાં શાહિદ કપૂરનો શક્તિશાળી માસ રોલ, મજબૂત એક્શન દ્રશ્યો અને પૂજા હેગડે સાથેની તેની અદ્ભુત કેમેસ્ટ્રી દર્શાવવામાં આવી છે.પ્રખ્યાત મલયાલમ દિગ્દર્શક રોશન એન્ડ્રુઝ દ્વારા દિગ્દર્શિત અને ઝી સ્ટુડિયો અને રોય કપૂર ફિલ્મ્સ દ્વારા નિર્મિત, દેવા એક વિસ્ફોટક એક્શન થ્રિલર બનવા જઈ રહી છે. આ ફિલ્મ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ રિલીઝ થઈ રહી છે.



# અક્ષય કુમારનું કન્નપ્પામાં 'શિવસ્વરૂપ' રજૂ થયું

## સાઉથની ફિલ્મોના જાણીતા ડિરેક્ટર વિશ્ણુ માંચુની ફિલ્મ 'કન્નપ્પા' ૨૫ એપ્રિલે રિલીઝ થવાની છે

સાઉથની ફિલ્મોના જાણીતા ડિરેક્ટર વિશ્ણુ માંચુની માઈથોલોજિકલ ફિલ્મ 'કન્નપ્પા' ૨૫ એપ્રિલે રિલીઝ થવાની છે અને આ ૨૦૨૫ની સૌથી વૈભવી ફિલ્મ ગણાય છે. વિષ્ણુ માંચુની ફિલ્મ'કન્નપ્પા'નું પોસ્ટર રિલીઝ થયું, આ ફિલ્મમાં જાણીતા કલાકારો છે, તેમા અક્ષય કુમારનો પણ સમાવેશ થાય છે. તે આ ફિલ્મમાં ભગવાન શિવનો ખાસ રોલ કરવાનો છે. સોમવારે ફિલ્મના મેકર્સ દ્વારા ભગવાન શિવનું પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે, તેમાં અક્ષય શિવ સ્વરૂપે દેખાય છે.

તેમાં અક્ષય કુમાર હાથમાં ત્રિશૂળ અને ડમરુ પકડેલો દેખાય છે, તે એક ટેકરી પર એક પગે ઉભો છે અને તેની ટૅગલાઈન છે, 'સર્વોચ્ચ નેતા જે ત્રણે વિશ્વ પર રાજ કરે છે તે પોતાને શુદ્ધ શ્રદ્ધાને હવાલે કરી દે છે.'અક્ષય કુમારે પણ આ પોસ્ટર શેર કર્યુ હતું અને પોતાની ઉત્સુકતા વ્યક્ત કરતા કહ્યું લખ્યું, 'કન્નપ્પા માટે મહાદેવના પવિત્ર ઓરામાં પ્રવેશ કરી રહ્યો છું. આ મહાન દંતકથાને જીવંત કરતા ગૌરવ અનુભવું છું. ભગવાન શિવ આ આધ્યાત્મિક સફરમાં આપણને દિશા દર્શાવશે. ઓમ નમઃ શિવાય!' આ પહેલાં પણ અક્ષય 'ઓએમજી'માં ભગવાન શિવનો રોલ કરી રહ્યો છે. આ જ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મમાં તેણે ભગવાન કૃષ્ણનો રોલ કર્યો હતો. સાઉથની ફિલ્મોના જાણીતા ડિરેક્ટર વિશ્ણુ માંચુની ફિલ્મ 'કન્નપ્પા' ૨૫ એપ્રિલે રિલીઝ થવાની છે.

આ ફિલ્મમાં કન્નપ્પા નયન્નરની દંતકથા છે, જેઓ ભગવાન શિવના ભક્ત હતા. આ દંતકથા આંધ્રપ્રદેશના શ્રીકલાહસ્તિત્વરા મંદિર સાથે સંકળાયેલી છે. દંતકથા મુજબ કન્નપ્પાએ શિવનના ચરણોમાં પોતાની આંખો કુર્બાન કરી દિધી હતી. થોડાં દિવસ પહેલાં મેકર્સ દ્વારા કાજલનું પણ પોસ્ટર શેર કરવામાં આવ્યું હતું, જેમાં તે પાર્વતિનો રોલ કરે છે. મુકેશ કુમાર સિંહ ડિરેક્ટ કરે છે, તેવી આ ફિલ્મમાં પ્રભાસ, કાજલ અગ્રવાલ, મોહન બાબુ, મધુ અને મોહનલાલ પણ મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ન્યુઝીલેન્ડમાં શૂટ થઈ છે.



# ઉપનગરીય રેલવે નેટવર્કમાં સુરક્ષા વધારવીઃ નવીનતાઓ અને પડકારો

| અમદાવાદ |

અજોય સદાની, આઈજી
કમ PCSC/RPF/ પશ્ચિમ રેલવે

ઉપનગરીય રેલવે પ્રણાલીઓ, જેને ઘણીવાર મેટ્રોપોલિટન શહેરોની જીવનરેખા તરીકે ઓળખવામાં આવે છે, તે દરરોજ લાખો મુસાફરોને સેવા આપે છે અને શહેરી જોડાણની મુખ્ય આધાર બનાવે છે. જો કે, આ નેટવર્કસના વિશાળ સ્કેલ અને જટિલતા નોંધપાત્ર સલામતી અને સુરક્ષા પડકારો ઉભા કરે છે. દાખલા તરીકે, મુંબઈ ઉપનગરીય રેલવે નેટવર્ક, વિશ્વમાં સૌથી વધુ વ્યસ્ત પૈકીનું એક, દર-રોજ ૭ મિલિયનથી વધુ મુસાફરોનું વહન કરે છે, જે તેની સુરક્ષા કામગીરીને ખૂબ જ જરૂરી બનાવે છે.. આ મુદ્દાઓને ઉકેલવામાં મોખરે રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) છે, જે મુસાફરો અને રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ એક વિશિષ્ટ એકમ છે.. જ્યારે પડકારો નોંધપાત્ર છે, આ આરપીએફ ની નવીન વ્યૂહરચનાઓ અને અદ્યતન તકનીકોને અપનાવવાથી અમારા ઉપનગરીય મુસાફરોની સુરક્ષા વધારવા તરફ પ્રશંસનીય પ્રગતિ થઈ છે.

આ પ્રાથમિક પડકાર ઉપનગરીય રેલવે સિસ્ટમની તીવ્ર ઘનતામાં રહેલો છે. મુંબઈનું ઉપનગરીય રેલવે નેટવર્ક પશ્ચિમ રેલવે પર લગભગ ૩૫ લાખ મુસાફરો અને સેન્ટ્રલ રેલવે પર ૩૭ લાખથી વધુ મુસાફરોને દૈનિક ધોરણે વહન કરે છે. પ્રવૃત્તિનું આ સ્તર એવું વાતાવરણ બનાવે છે જ્યાં ભીડ અનિવાર્ય હોય, ખાસ કરીને પીક અવર્સ દરમિયાન. ભીડભાડવાળી ટ્રેનો અને ગીચ પ્લેટફોર્મ નમાત્ર અસુવિધાજનક છે; તેઓ પિકપોકેટીંગ, ચેઈન સ્નેચીંગ અને હેરાનગતિ જેવા નાના ગુનાઓ માટે ફળદ્રુપ જમીન તૈયાર કરે છે. વધુમાં, "ફટકા" ગેંગને સંડોવતા બનાવો, જેઓ મુસાફરોની કિંમતી ચીજવસ્તુઓ છીનવી લેવા માટે ધીમી ગતિએ ચાલતી ટ્રેનોનો ફાયદો ઉપાડે છે, તે સમસ્યાને વધુ વેગ આપે છે, જે ઘણીવાર ચાલતી ટ્રેનોમાંથી મુસાફરો પડવાથી ઈજાઓ અથવા જાનહાનિ તરફ દોરી જાય છે.

મહિલા મુસાફરો માટે, જોખમો વધારે છે. ભીડભાડની સ્થિતિ, માત્ર મહિલાઓ માટેના કોચમાં પણ, વારંવાર ઉત્પીડન, પિકપોકેટીંગ અને અન્ય ઉપદ્રવાત્મક તકલીફના કિસ્સાઓ તરફ દોરી જાય છે. તેમની સલામતી સુનિશ્ચિત કરવા માટે માત્ર જાગ્રત દેખરેખ જ નહીં પરંતુ ભીડ અને અપૂરતી જગ્યાના વ્યાપક મુદ્દાઓને ઉકેલવા માટેના પ્રણાલીગત પ્રયાસની પણ જરૂર છે. ૨૦૨૪ માં, મહિલા કોચમાં મુસાફરી કરતા ૧૩,૦૦૦ થી વધુ અપરાધીઓની ધરપકડ કરવામાં આવી હતી અને વધુ રકમનો દંડ કરવામાં આવ્યો હતો. મુંબઈ ઉપનગરીય વિભાગમાં રૂ. ૨૯ લાખની વસૂલાત કરવામાં આવી છે.

આતંકવાદનો સતત ખતરો એ બીજી મહત્ત્વની ચિંતા છે. ઉપનગરીય રેલ્વે પ્રણાલીઓ તેમની ખુલ્લી પહોંચ અને વધુ મુસાફરોની સંખ્યાને કારણે સંવેદનશીલ છે. ૨૦૦૬ના મુંબઈ ટ્રેન બોમ્બ ધડાકા આવા હુમલાઓની આપત્તિજનક સંભવિતતાના ભયંકર રીમાઈન્ડર તરીકે સેવા આપે છે. ડિજિટલ યુગમાં અપરાધની વિકસતી પ્રકૃતિ આ બાબતને વધુ જટિલ બનાવે છે. ટિકિટિંગ પ્રણાલીઓને લક્ષ્ય બનાવતા સાયબર હુમલાઓ, હિંસા ભડકાવવા માટે સોશિયલ મીડિયાનો દુરુપયોગ અને અત્યાધુનિક શસ્ત્રોનો પરિચય તમામ ગતિશીલ અને બહુપક્ષીય સુરક્ષા પ્રતિભાવોની માંગ કરે છે. અતિક્રમણ અને અપ્રિય ઘટનાઓ અન્ય નોંધપાત્ર પડકારને રજૂ કરે છે. શહેરી વિસ્તારોમાં જ્યાં રેલ્વે ટ્રેક રેસિડેન્શિયલ ઝોનને છેદે છે, ઘણી વ્યક્તિઓ પાટા ઓળંગવા અથવા પ્રતિબંધિત ઝોનમાં પ્રવેશવાનો આશરો લે છે. આ વર્તણૂક નમાત્ર કામગીરીમાં વિક્ષેપ પાડે છે પરંતુ દુઃખદ જાનહાનિ તરફ દોરી જાય છે. ૨૦૨૪ માં, ૩૫૦૦ થી વધુ અપ્રિય કેસ (મૃત્યુ અને ઈજા) નોંધાયા હતા.

રેલવે સુરક્ષા માત્ર આરપીએફની જવાબદારી નથી. આ દળ સ્થાનિક પોલીસ, ગુપ્તચર એજન્સીઓ, આતંકવાદવિરોધીટુકડીઓઅનેઅન્યકાયદા અમલીકરણ સંસ્થાઓ સાથે સહયોગ કરે છે. જો કે, સંચારમાં અંતર અને આ એજન્સીઓ વચ્ચે સુવ્યવસ્થિત પ્રોટોકોલની ગેરહાજરી ઘણીવાર સુરક્ષાના જોખમો માટે તાત્કાલિક પ્રતિસાદને અવરોધે છે. ઝડપથી વિકસતી પરિસ્થિતિઓમાં, જેમ કે આતંકવાદી હુમલા અથવા ગુનાહિત ઘટનાઓ, સંકલનમાં વિલંબ પરિસ્થિતિને નોંધપાત્ર રીતે બગાડી શકે છે.

આ પડકારો હોવા છતાં, RPF એ સુરક્ષાને વધારવા માટે અનેક નવીન પગલાં રજૂ કર્યા છે. આ પ્રયાસોમાં અદ્યતન ટેકનોલોજી નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સ્ટેશનો અને ટ્રેનોમાં ક્લોઝ્ડ-સર્કિટ ટેલિવિઝન (CCTV) કેમેરાની સ્થાપનાથી દેખરેખની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. આ સિસ્ટમો, રીઅલ-ટાઈમ મોનિટરિંગ સાથે સંકલિત, આરપીએફને શંકાસ્પદ પ્રવૃત્તિઓને તાત્કાલિક શોધી કાઢવા અને તેનો જવાબ આપવા સક્ષમ બનાવે છે. મુંબઈ ઉપનગરીય વિભાગમાં, વર્ષ ૨૦૨૪ માં આરપીએફ દ્વારા કુલ ૧૯૨૪ કેસ શોધી કાઢવામાં આવ્યા હતા અને ૧૯૫૫ અપરાધીઓની ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી ૪૨૪ કેસ સીસીટીવીની મદદથી શોધી કાઢવામાં આવ્યા હતા જેમાં ૪૩૮ અપરાધીઓને પકડવામાં આવ્યા હતા. ફેશિયલ રેકગ્નિશન ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત, જાણીતા અપરાધીઓ અને ગુમ થયેલ વ્યક્તિઓની વાસ્તવિક-સમયની ઓળખને મંજૂરી આપીને સુરક્ષામાં વધારો કરે છે. ૨૦૨૪માં, આરપીએફ દ્વારા મુંબઈ ઉપનગરીય વિભાગમાં ૨૯ અલગ-અલગ કેસોમાં FRSની મદદથી ૩૧ અપરાધીઓની ધરપકડ કરવામાં આવી હતી.

ડિજિટલ સાધનોએ મુસાફરોને તેમની પોતાની સુરક્ષામાં વધુ સક્રિય ભૂમિકા ભજવવા માટે પણ સશક્ત કર્યા છે. છેતરપિંડીનો સામનો કરવા અને ભીડ ઘટાડવા માટે, ઘણા ઉપનગરીય રેલ નેટવર્ક્સે સ્માર્ટ ટિકિટિંગ સિસ્ટમ અપનાવી છે. આમાં ડિજિટલ ટિકિટિંગ, ઈ-પેમેન્ટ સિસ્ટમ્સ અને કોન્ટેક્ટલેસ કાર્ડ્સનો સમાવેશ થાય છે, જે ભૌતિક ટિકિટ કાઉન્ટર્સની જરૂરિયાત ઘટાડે છે અને ટિકિટિંગ સંબંધિત ગુનાહિત પ્રવૃત્તિઓ માટેની તકોને મર્યાદિત કરે છે. આ ઉપરાંત, વિશાળ અને વધુ વ્યાપક સુરક્ષા પરિપ્રેક્ષ્ય પ્રદાન કરીને, વિશાળ ભીડ અને મુશ્કેલ-થી-પહોંચના વિસ્તારો પર નજર રાખવા માટે ડ્રોન તૈનાત કરવામાં આવ્યા છે. "રેલવે હેલ્પલાઈન" (૧૩૯) અને "રેલ મડાડ એપ" જેવા પ્લેટફોર્મ મુસાફરોને ઘટનાઓની સીધી જાણ કરવાની મંજૂરી આપે છે, ઝડપી પ્રતિસાદની ખાતરી આપે છે અને મુસાફરો અને સત્તાવાળાઓ વચ્ચે મજબૂત જોડાણને પ્રોત્સાહન આપે છે.

આરપીએફએ રેલવે સુરક્ષાને વધારવા માટે અનેક પગલાં અમલમાં મૂક્યા છે. વિશિષ્ટ એન્ટી-થેફ્ટ સ્ક્વોડ્સ મુસાફરો સાથે ભળવા માટે સાદા વસ્ત્રોમાં કાર્ય કરે છે, જે તેમને અસરકારક રીતે ગુનેગારોને ઓળખવા અને પકડવામાં સક્ષમ બનાવે છે, જેણે ઉપનગરીય નેટવર્કમાં ચોરીના કેસોમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. મોટા ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને, RPF એ ગુનાગ્રસ્ત વિસ્તારો અને સમયને ઓળખવા માટે ડેટા-આધારિત પોલીસિંગ અપનાવ્યું છે, જે વધુ કાર્યક્ષમ સંસાધન ફાળવણી અને લક્ષિત સુરક્ષા પગલાં માટે પરવાનગી આપે છે. વધુમાં, સંવેદનશીલ અને સંવેદનશીલ રેલ્વે સ્ટેશનો પર ઈન્ટીગ્રેટેડ સિક્યોરિટી સિસ્ટમ્સ (ISS) તૈનાત કરવામાં આવી છે, જેમાં ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ, એક્સેસ કંટ્રોલ અને અન્ય અદ્યતન સુરક્ષા સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી સમગ્ર સુરક્ષામાં સુધારો થાય.

આરપીએફ એ ચોક્કસ સુરક્ષા મુદ્દાઓને ઉકેલવા માટે ઘણી કેન્દ્રિત કામગીરી પણ શરૂ કરી છે. ઓપરેશન યાત્રી સુરક્ષા નિયમિત પેટ્રોલિંગ અને ગુપ્ત કર્મચારીઓ દ્વારા ચોરી અને લૂંટ જેવા ગુનાઓને લક્ષ્ય બનાવે છે. મુસાફરો ઘણીવાર ટ્રેન પકડવા અથવા ઉતરવા માટે ઉતાવળમાં તેમનો સામાન પાછળ છોડી દે છે. ઓપરેશન અમાનત દ્વારા, RPF સક્રિયપણે આવી ખોવાયેલી વસ્તુઓ શોધી કાઢે છે અને ખાતરી કરે છે કે તે તેમના હકના માલિકોને પરત કરવામાં આવે. ૨૦૨૪માં, રૂ. ૬.૬૭ કરોડ આશરે પરત કરવામાં આવ્યા હતા. ૨૨૦૦ હકદાર માલિકો. ઓપરેશન જીવન રક્ષા મુસાફરોના કલ્યાણ માટે આરપીએફની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે, જેમાં કર્મચારીઓ ચાલતી ટ્રેનો નીચે પડવાના નિકટવર્તી જોખમમાં વ્યક્તિઓને બચાવીને જીવન બચાવે છે. ૨૦૨૪ માં, RPF જવાનોના નિઃસ્વાર્થ કૃત્યો દ્વારા મુંબઈ ઉપનગરીય વિભાગમાં ૪૨ લોકોના જીવ બચ્યા હતા. તેવી જ રીતે ઓપરેશન નન્હે ફરીસ્તે રેલવે પરિસરમાં જોવા મળતા નબળા બાળકોની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેમને તાત્કાલિક સંભાળ અને રક્ષણ પૂરું પાડે છે. આ ઓપરેશન હેઠળ, ૨૦૨૪માં મુંબઈ ઉપનગરીય વિભાગમાં CWCs અને દ્રર્ઈ સાથે સંકલન કરીને ૫૮૭ બાળકોને ફોલો-અપ કાર્યવાહી સાથે બચાવી લેવામાં આવ્યા હતા.





મહિલાઓની સુરક્ષા વધારવાના પ્રયાસોમાં "મેરી સહેલી" જેવી પહેલનો સમાવેશ થાય છે, જ્યાં આરપીએફ કર્મચારીઓ તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મહિલા પ્રવાસીઓ સાથે સીધા જોડાય છે. સમર્પિત ટુકડીઓ અને વોટ્સએપ જૂથો મહિલા મુસાફરોને મહિલા આરપીએફ સ્ટાફ સાથે જોડે છે, જે સુરક્ષાની ચિંતાઓ માટે રીઅલ-ટાઈમ પ્રતિસાદને સક્ષમ કરે છે. આ ઉપરાંત, મિશન માતૃ શક્તિ હેઠળ આરપીએફ ટ્રેનમાં અથવા સ્ટેશન પર મુસાફરી કરતી સગર્ભા મહિલા મુસાફરોની મદદ કરે છે. ૨૦૨૪ માં મુંબઈ ઉપનગરીય વિભાગમાં આરપીએફ દ્વારા આઠ સગર્ભા સ્ત્રીઓને મદદ કરવામાં આવી હતી. આ પહેલ માતાની સંભાળ અને મુસાફરોની સુખા-કારી માટે આરપીએફ ના સમર્પણને પ્રકાશિત કરે છે. જ્યારે મિસિન સેવાનો ઉદ્દેશ્ય જરૂરિયાતમંદ મુસાફરોને મદદ કરવાનો છે, જેમાં વૃદ્ધો, મહિલાઓ, વિવિધ રીતે વિકલાંગ મુસાફરો અને જેઓ બીમાર છે અથવા ઘાયલ છે. વધુમાં, ઓપરેશન આહત માનવ તસ્કરીને સંબોધે છે, જેમાં પીડિતોને બચાવવા અને અપરાધીઓને પકડવા માટે આરપીએફ એનજીઓ અને કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે સહયોગ કરે છે.

આરપીએફ એ તેની ઉપનગરીય રેલવે સુરક્ષા વ્યૂહરચનાના મુખ્ય ઘટક તરીકે સમુદાય પોલીસિંગને સ્વીકાર્યું છે, સ્થાનિક સમુદાયો અને સ્ટેશન સ્ટાફને સક્રિયપણે સામેલ કરીને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપ્યું છે. રહેવાસીઓ સાથે નિયમિત બેઠકો અને સહયોગી સુરક્ષા પગલાં જેવી પહેલોએ આ અભિગમને મજબૂત બનાવ્યો છે.

જાગૃતિ લાવવાના અનોખા પ્રયાસમાં, આરપીએફ એ મુંબઈ મેરેથોન ૨૦૨૫માં ભાગ લીધો, જ્યાં શ્રી મનોજ યાદવ, IPS, DG RPF, ૫૦ પુરુષ અને મહિલા અધિકારીઓની ટુકડીનું નેતૃત્વ કર્યું. મેરેથોનરો સાથે દોડીને, તેઓએ ફિટનેસને પ્રોત્સાહન આપ્યું અને પેશકદમી ટાળવા, શોર્ટકટ પર સલામતીનું મહત્વ અને મહિલાઓની સુરક્ષા પ્રત્યે સંવેદનશીલતા વિશે વિવેચનાત્મક સંદેશાઓ ફેલાવ્યા.

આગળ જોઈને, આરપીએફ એ ઉપનગરીય રેલવે સુરક્ષાના વિકસતા પડકારોને પહોંચી વળવા સુધારણા માટેના મુખ્ય ક્ષેત્રોને ઓળખ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ, જેમ કે CCTV કવરેજનું વિસ્તરણ અને AI-સંચાલિત મોનિટરિંગ સહિત અદ્યતન ક્રાઉડ મેનેજમેન્ટ સોલ્યુશન્સ, પીક-ટાઈમ ભીડને દૂર કરવામાં અને મુસાફરોની સલામતીને સુનિશ્ચિત કરવામાં મદદ કરી શકે છે, તે મહત્વપૂર્ણ છે. નિયમિત તાલીમ કાર્યક્રમો એ સુનિશ્ચિત કરશે કે આરપીએફ કર્મચારીઓ સાયબર સુરક્ષા પડકારો અને અદ્યતન તકનીકોનો ઉપયોગ સહિત ઉભરતા જોખમોને નિયંત્રિત કરવા માટે સજ્જ છે. સ્ટેશનો અને ટ્રેનોમાં મહિલા કર્મચારીઓની જમાવટમાં વધારો કરવાથી મહિલા મુસાફરોની સુરક્ષામાં વધારો થશે, જ્યારે જનજાગૃતિ અભિયાનો ઉત્પીડન જેવા ગુનાઓ પ્રત્યે શૂન્ય-સહિષ્ણુ વલણને પ્રોત્સાહિત કરશે.

નવીનતા અને સહયોગ માટે આરપીએફની અતૂટ પ્રતિબદ્ધતા ઉપનગરીય રેલવેને પરિવહનનું વધુ સુરક્ષિત માધ્યમ બનાવવાના તેના સમર્પણને રેખાંકિત કરે છે. પ્રણાલીગત મુદ્દાઓને સંબોધિતકરીને, ટેક્નોલોજીનોઉપયોગકરીને અને જાહેર સહકારને પ્રોત્સાહન આપીને, બળ વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ ઉપનગરીય રેલવે નેટવર્ક માટે માર્ગ મોકળો કરી રહ્યું છે. લાખો લોકો દરરોજ આ સિસ્ટમો પર આધાર રાખે છે તેમ, શહેરી જોડાણની આ મહત્વપૂર્ણ જીવનરેખામાં તેમની સલામતી અને વિશ્વાસને સુનિશ્ચિત કરવા માટે આરપીએફના પ્રયાસો આવશ્યક રહે છે.

## ઝાલોદ જાગૃત નાગરિક તરીકે ફરજ બજાવી ઝાલોદ શહેર મહિલા ભાજપ મહામંત્રી જીગનીશાબેન પંચાલ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ |

ઝાલોદ નગરમા સાંઈ સર્જન સોસાયટી મા રહેતા જીગનિશાબેન પંચાલ દ્વારા એક મૃત હાલતમા પડેલ મોરની ખબર પડતા એક જાગૃત નાગરિક તરીકે વન વિભાગનો કોન્ટેક્ટ કરતા ઝાલોદ આર.એફ.ઓ ઓફિસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તાત્કાલિક આર.એફ.ઓ અધિકારી ભાવશે સિંધવના નેજા હેઠળ વન વિભાગ કર્મચારી સ્થળ પર જઈને ભારતના રાષ્ટ્રીય પક્ષી મોરને વન વિભાગ રેન્જમા લઈ આયા પોતાની ફરજ નિભાવી. તપાસ કરતા જાણવા મળ્યુ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

કે વીજ કરંટ થી મોત થયુ હતુ. વનવિભાગે પણ પોતાની ફરજ નિભાવી તાત્કાલિક સ્થળે પહોંચી મૃત રાષ્ટ્રીય પક્ષી મોરને લઈ ગયેલ હતા.

## વિવિધ રાજ્યો દ્વારા ટેબ્લોના કલાકારો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક નૃત્ય કાર્યક્રમમાં ગુજરાતનું પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય' ત્રીજા ક્રમે વિજેતા




| (માહિતી) અમદાવાદ, તા.૨૨ |

૭૬ મા ગણતંત્ર દિનની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે થનાર છે. જેમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. આ ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા ૨૧મી જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત ટેબ્લો સાથે આવેલા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક પરફોર્મન્સ ત્રીજા ક્રમે વિજેતા બન્યું છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.

ભારત સરકાર દ્વારા યોજાનાર ગણતંત્ર દિનની ઉજવણીમાં વિવિધ રાજ્યો દ્વારા પ્રતિવર્ષ ટેબ્લો રજૂ કરવામાં આવે છે. આ રાજ્યોના માધ્યમથી સાંસ્કૃતિક દ્રષ્ટિએ પ્રતિનિધિત્વ કરતા કલાકારો દ્વારા રાષ્ટ્રીય રંગશાળા શિબિર દિલ્હી કેન્ટોન્મેન્ટ ખાતેના "ઝંકાર હોલ"ખાતે સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત ત્રીજા ક્રમે, ગોવા પ્રથમ ક્રમે અને ઉતરાખંડ બીજા ક્રમે વિજેતા બન્યું હતું. જ્યારે પ્રોત્સાહક ઈનામ પશ્ચિમ બંગાળને મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે, ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારના વિભાગો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પારંપારિક નૃત્યો યોજાયા હતા. જેમાં ચાર ઈનામોની જાહેરાત કરાઈ હતી. જેમાં ગુજરાતના પ્રચલિત 'મણિયારા રાસ નૃત્ય'ને ત્રીજો ક્રમ મળ્યો હતો. આ કાર્યક્રમના અંતે રાજ્ય સરકાર વતી સાંસ્કૃતિક ગ્રુપના કલાકારોએ ટ્રોફી સ્વીકારી હતી.

## કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયાએ લોથલ સાઈટની મુલાકાત લીધી



| (માહિતી) અમદાવાદ, તા.૨૨ |

સિંધુ સંસ્કૃતિના ભવ્ય વારસાને દર્શાવતી જગ્યા એટલે ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ.કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયાએ અમદાવાદ જિલ્લા સ્થિત સિંધુ સંસ્કૃતિના ભવ્ય વારસાને દર્શાવતી જગ્યા લોથલ સાઈટની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં લોથલ આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્ર કે જ્યાં ભારતનું પ્રથમ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ (NHMC) આકાર પામી રહ્યું છે તથા વિશ્વનું સૌથી ઊંચું 'લાઈટહાઉસ મ્યુઝીયમ' બની રહ્યું છે.

મંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણીયાએ લોથલ સાઈટ અને ત્યાં થઈ રહેલા વિકાસ કાર્યોની મુલાકાત લઈ ઝીણવટભરી માહિતી મેળવી હતી. મંત્રીશ્રી લોથલ સાઈટની મુલાકાત લઈ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આહવામાં 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાનની રેલી યોજાઇ

| (માહિતી) અમદાવાદ, તા.૨૨ |

'બેટી બચાવો બેટી પઢાવો યોજના અભિયાન' ને ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ૧૦ વર્ષ પુર્ણ થતાં હોય, ભારત સરકારશ્રી દ્વારા તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ થી ૮ માર્ચ ૨૦૨૫ સુધી જુદી જુદી પ્રવૃતિઓ/કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના અધિકારી શ્રી ડૉ. મનિષાબેન એ. મુલતાની માર્ગદર્શન હેઠળ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે બેટી બચાવો બેટી પઢાવો અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'બેટી બચાવો બેટી પઢાવો અભિયાન' ની આ રેલી જિલ્લા કલેક્ટરના પટાંગણથી નિકળી જિલ્લા મથક આહવાના જુદાં જુદાં વિસ્તારમા ફરી ફુવારા ચાર રસ્તા થઈ પરત આવી હતી. આ રેલીમાં કિશોરીઓ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો નારાને ગુંજતો કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો માટેના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ઉપસ્થિત તમામ લોકોએ બેટી બચાવો બેટી પઢાવોના શપથ લીધા હતાં. 'બેટી બચાવો બેટી પઢાવો અભિયાન' જે જાતિ આધારિત ગર્ભ પરિક્ષણ અટકાવવામાં તેમજ દિકરીઓની સુરક્ષા અને શિક્ષણને આગળ લઈ જવામાં ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. બેટી બચાવો બેટી પઢાવો અભિયાન તારીખ ૨૨ જન્યુઆરી ૨૦૨૫ થી ૮ માર્ચ ૨૦૨૫ સુધી લક્ષિત જુથો, શાળાઓ. મહિલાઓ, સમુદાયો તથા વિવિધ વિભાગો સાથે સંકલન કરી BBBP શપથ સમારોહ.

## ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા લીમડી અને પેથાપુર ખાતે નવીન સી.એચ.સી સેંટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

### બંને સી.એચ.સી સેંટરનું ૧૨ કરોડ તેમજ પેથાપુર ખાતે નવીન સ્કૂલના નવીન ઓરડા માટે ૯૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ |

ઝાલોદ તાલુકાના ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા આજરોજ તારીખ ૨૨-૦૧-૨૦૨૫ બુધવારના રોજ લીમડી અને પેથાપુર મુકામે નવીન આરોગ્ય મંદિર બનાવવા માટે ૬-૬ કરોડના ગ્રાન્ટ ગુજરાત સરકાર પાસે પાસ કરાવી આ બંને વિસ્તારોમાં નવીન આરોગ્ય મંદિરનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું તેમજ પેથાપુર મુકામે ૯ ઓરડાનું શાળાના નવીન ઓરડા માટે ૯૦ લાખ રૂપિયાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયા આ બંને સી.એચ.સી તેમજ નવીન ઓરડા માટેનું ખાતમુહૂર્ત કરવા માટે પહોંચ્યા ત્યારે તેઓનું સ્વાગત આ વિસ્તારની શાન એવું ઢોલ કુંડી સાથે વાજતે ગાજતે કરવામાં આવ્યું હતું. બંને વિસ્તારમાં પહોંચતા બહેનો દ્વારા કુમકુમ ચાંદલો કરી મહેશ ભૂરીયાને આવકારવામા આવ્યા હતા. ત્યારબાદ ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ પૂજા અર્ચન કરી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. બંને વિસ્તારોમાં બાળકીઓ દ્વારા પ્રાર્થના ગીત તેમજ સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયા તેમજ ઉપસ્થિત સહુ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. સ્થાનિક સરપંચો તેમજ વિવિધ આગેવાનો દ્વારા મહેશ ભૂરીયાનુ ફૂલમાળા, આદિવાસી બંડી, પાઘડી તેમજ ભોયરુ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયા ઉપસ્થિત સહુ લોકોને કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જનહિતના વિકાસ માટેના વિવિધ કાર્યો કરવામાં આવી રહેલ છે. હાલ લોકોની સુખાકારી માટે આરોગ્ય લક્ષી પાયાની કામગીરી, હેતુલક્ષી કામગીરી તેમજ વિકાશના કામો




કાયદાકીય રીતે કરવા માટે અમે કટિબદ્ધ છીએ. લીમડી અને પેથાપુર ખાતે સુંદર આરોગ્ય મંદિરના આધુનિક કામગીરી તેમજ દરેક આધુનિક વ્યવસ્થા ઉભી કરવા માટે અમે પૂરા પ્રયત્નો કરીશું. આ બંને વિસ્તારમાં એક વર્ષની અંદર આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. તેમજ એક ધારાસભ્ય તરીકે ૨૪ કલાક હું લોકોની સેવા અને વિકાસ માટે સદા તૈયાર રહું છું. આ સમગ્ર ટ્રાયબલ વિસ્તારનો વિકાસ ખૂબ ઝડપી થાય તે માટે પણ હું મુખ્યમંત્રી તેમજ વિવિધ અધિકારીઓ સાથે ચર્ચા કરી કામગીરી પૂર્ણ કરવાના પૂરતા પ્રયાસ કરી રહેલ છીએ. ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા પેથાપુર ખાતે શાળાના નવ ઓરડા માટે પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવ ઓરડા અંદાજીત ૯૦ લાખના ખર્ચે બનનાર છે. આજના આ ખાતમુહૂર્ત પ્રસંગે પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, મૂકેશ કર્ણાવટ, લલિત ભૂરીયા, સુનિલ હઠીલા, કૃષ્ણરાજ ભૂરીયા, ટી.એચ.ઓ તુષાર ભાભોર તેમજ ડોક્ટરર્સ, નર્સ બહેનો,જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો, ગ્રામજનો વિવિધ વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.



### અમુક વિસ્તારોમાં સૂકા હવામાનને કારણે આગ ઝડપથી ફેલાવાની ચેતવણી

# દક્ષિણ કેલિફોર્નિયામાં વેગીલા પવનોથી જંગલોમાં નવેસરથી આગ ફાટી નિકળી

। (એજન્સી) લોસ એન્જલસ, તા.૨૨ ।

દક્ષિણ કેલિફોર્નિયામાં પવનોની ગતિ વધવાને કારણે બે જંગલ વિસ્તારમાં નવસેરથી આગ ફાટી નીકળી હતી. લોસ એન્જેલસમાં બે સપ્તાહ પહેલાં લાગેલી અને હજુ ચાલતી આગને કારણે ફાયરબ્રિગેડ હાઈ એલર્ટ પર છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કિનારાના વિસ્તારોમાં પ્રતિ કલાક ૧૧૩ કિમી. અને પહાડી વિસ્તારોમાં ૧૬૦ કિમી.ની ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે. હવામાન વિભાગે લોસ એન્જલસ, વેન્ચુરા અને સેન ડિયેગોના અમુક વિસ્તારોમાં માટે જોખમી સ્થિતિની ચેતવણી આપી છે. આ વિસ્તારોમાં ભેજના ઓછા પ્રમાણ અને ભારે પવનને કારણે આગને વેગ મળી શકે. ઓક્સનાર્ડના હવામાન વિભાગના નિષ્ણાત એન્ડુ રોરકેએ જણાવ્યું હતું કે, ‘‘આગ શરૂ થશે તો તે બહુ ઝડપથી ફેલાવા માટે સાનુકૂળ સ્થિતિ છે.’’ કેલિફોર્નિયાના જંગલ વિભાગે જણાવ્યું હતું કે, ‘‘સેન ડિયેગો કાઉન્ટીમાં નાના પ્રમાણમાં બે સ્થળે આગ લાગી હતી. તેને લીધે લગભગ ૫૦ હેક્ટરના વિસ્તારમાં જમીન બળી ગઈ હતી. મધ્યમ ગતિએ ફેલાતી આગથી કેટલીક પ્રોપર્ટીને નુકસાન થયું હતું.’’ ફાયરબ્રિગેડની કામગીરીને લીધે પાલા ફાયર અટકાવવામાં સફળતા મળી હતી.દરમિયાન સોમવારે લોસ એન્જલસમાં લાગેલી આગને ઝડપથી બુઝાવી દેવાઈ હતી. આગ જાણીતી ‘ગ્રિફિથ ઓબ્ઝર્વેટરી’ની દક્ષિણમાં લાગી હતી. લોસ એન્જલસ પોલીસ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ડેવિડ ક્યુલરે જણાવ્યું હતું કે, ‘‘આગ લગાવનાર શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં લેવાયો છે.’’



### ઉદ્યોગોની સાઠગાંઠ તોડવા ફાઈબર-રિઇનફોર્સ્ડ પ્લાસ્ટિક એક સારો વિકલ્પ

# સ્ટીલ, સિમેન્ટ ઉદ્યોગોની કાર્ટેલ દેશ માટે મોટી સમસ્યા : ગડકરી

। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।

સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગની આકરી ટીકા કરતાં કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ મંગળવારે જણાવ્યું હતું કે આ બંને ઉદ્યોગોની ‘કાર્ટેલ’ (સાંઠગાંઠ) દેશ અને તેના માળખાકીય વિકાસ માટે મોટી સમસ્યા છે. આ બંને ક્ષેત્રો દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે મહત્ત્વના છે અને બંને ક્ષેત્રોમાં ગણ્યાગાંઠ્યા ખેલાડીઓ છે. આ ક્ષેત્રોની કંપનીઓ વચ્ચે સાંઠગાંઠ છે. મુંબઈમાં IECRP 2025 એક્ઝિબિશનમાં ગડકરીએ જણાવ્યું હતું કે સ્ટીલ અને સિમેન્ટ ઉદ્યોગો માત્ર થોડા લોકોના હાથમાં છે. તેઓ હંમેશા ભાવ નક્કી કરે છે. તેમનું કાર્ટેલ દેશ માટે એક મોટી સમસ્યા છે. સ્ટીલ અને સિમેન્ટ કંપનીઓની પકડ તોડવા માટે ફાઈબર-રિઈનફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP) એક સારો વિકલ્પ બની શકે છે અને તે શક્ય તેટલી મદદ કરી શકે છે. વૈકલ્પિક મટેરિયલ બનાવવું તે તમને ટેકો આપવા માટેનો મારો મહત્વપૂર્ણ રસ છે. તેમણે જણાવ્યું હતું કે FRP કંપનીઓએ યોગ્ય કાચો માલ શોધીને તેમના સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી)માં રોકાણ કરવું પડશે અને આ ક્ષેત્ર સારું કામ કરી શકે તે માટે સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવું પડશે. FRPનો ઉપયોગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એવિએશન, શિપિંગ, રોડ બિલ્ડિંગ અને મેટ્રો રેલ જેવા અનેક ક્ષેત્રોમાં થઈ શકે છે. FRP ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓને તેમણે જણાવ્યું હતું કે જો તમે સ્ટીલની સરખામણીમાં રેટમાં ૨૦થી ૨૫ ટકા ઘટાડો કરી શકો તો તે દેશ માટે ખરેખર ઘણી જ સારી બાબત હશે.

### મોદી સરકારની નીતિઓને કારણે

# લોકોને ઘર ચલાવવા લોન લેવી પડે છેઃ રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર કેન્દ્રની મોદી સરકારની આર્થિક નીતિઓની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે દરેક વ્યક્તિનો વિકાસ થાય, કારોબાર માટે તટસ્થ માહોલ, ન્યાયી કર પ્રણાલી અને શ્રમિકોની આવક વધે ત્યારે જ સાચો વિકાસ થયો ગણાય.



માઈક્રોબ્લોગિંગ સાઈટ એક્સ પર એક પોસ્ટમાં મોદી સરકારની ટીકા કરતાં તેમણે જણાવ્યું હતું કે, ‘મોદી સરકારના વિકસિત ભારતનું સત્યઃ તમારી આકરી મહેનત, પણ નફો કોનો? ‘ દેશના અર્થતંત્રનું ચક્ર તમારા પરસેવા અને લોહીથી ફરે છે, પરંતુ શું તમને તેમાંથી યોગ્ય હિસ્સો મળે છે? વિચાર કરો. અર્થતંત્રમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો ૬૦ વર્ષના તળિયે સ્પર્શ્યો છે, અને તેના કારણે લોકો રોજગારી માટે ફાંફા મારી રહ્યાં છે. જીએસટી અને આવકવેરા જેવા નુકસાનકારક કરવેરાને કારણે ગરીબો અને મધ્યમવર્ગના લોકોનું જીવન દુષ્કર થઈ ગયું છે. જ્યારે બીજી બાજુ કોર્પોરેટ્સની લોન માફ કરી દેવામાં આવે છે. આકાશે આંબતી મોંઘવારીને કારણે માત્ર ગરીબો જ નહીં પરંતુ નોકરીયાતોને પણ ઘરના ખર્ચા પૂરાં કરવા માટે લોન લેવાની ફરજ પડી રહી છે. કૃષિ ક્ષેત્રમાં ખોટી નીતિઓને કારણે ખેડૂતોની અને ખેતમજૂરોની સ્થિતિ વણસી છે અને તેઓને ઘર ચલાવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં શ્રમિકોની આવક સ્થિર રહેવા પામી છે અથવા તો તેમાં ઘટાડો થયો છે તેમ તેમણે જણાવ્યું હતું.કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ બિહારના એક વ્યક્તિએ વિચિત્ર કેસ કર્યો છે. બિહારના સમસ્તીપુર જિલ્લાના સોનપુર ગામના મુકેશ ચૌધરીએ સ્થાનિક અદાલતમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ કરેલી એક અરજીમાં આક્ષેપ કર્યો છે કે, રાહુલ ગાંધીના કારણે તેનું રૂ. ૨૫૦નું દૂધ ઢોળાઈ ગયું હતું.

### ગુજરાત સરકાર અને ફરિયાદીને નોટિસ

# પ્રતાપગઢીને રાહત, ભડકાઉ વીડિયો કેસમાં કાર્યવાહી સામે સુપ્રીમનો સ્ટે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભડકાઉ ગીતનો એક એડિટેડ વીડિયો સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવાના કેસમાં સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપ ગઢીને રાહત આપીને તેમની સામેની કાર્યવાહી પર સ્ટે મૂક્યો હતો. પ્રતાપગઢીની અપીલ પર સુનાવણી કરતાં સર્વોચ્ચ અદાલતે ગુજરાત સરકાર અને ફરિયાદી કિશનભાઈ દીપકભાઈ નંદાને નોટિસ પાઠવી હતી. પ્રતાપગઢી તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે રજૂઆત કરી હતી કે ગુજરાત હાઈકોર્ટે નોટિસ જારી કર્યા વિના અરજી ફગાવી દીધી હતી,આ કેસની વધુ સુનાવણી ૧૦ ફેબ્રુઆરીએ નિર્ધારિત કરીને જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભૂયણની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે નોટિસ જારી કરો. એફઆઈઆરના અનુસંધાનમાં કોઈ પગલાં લેવામાં આવશે નહીં. પ્રતાપગઢી તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે રજૂઆત કરી હતી કે ગુજરાત હાઈકોર્ટે નોટિસ જારી કર્યા વિના અરજી ફગાવી દીધી હતી. કોંગ્રેસના નેતાએ ગુજરાત હાઈકોર્ટના ૧૭ જાન્યુઆરીના આદેશને પડકાર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે એફઆઈઆરને રદ કરવાની તેમની અરજી ફગાવી દઈને જણાવ્યું હતું કે તપાસ ખૂબ જ પ્રારંભિક તબક્કે છે. જામનગરમાં ૩ જાન્યુઆરીએ મુસ્લિમોના એક સમૂહ લગ્ન સમારોહ હાજરી આપ્યા પછી તેમણે ૪૬ સેકન્ડનો કથિત ઉશ્કેરણીજનક વીડિયો પોસ્ટ કર્યા હતો અને તેમની સામે કેસ દાખલ કરાયો હતો. એફઆઈઆરને રદ કરવાની અરજીમાં કોંગ્રેસ નેતાએ દાવો કર્યો કે પૃષ્ઠભૂમિમાં જે કવિતાનું પઠન કરવામાં આવ્યું છે તેમાં પ્રેમ અને અહિંસાનો સંદેશ છે.એફઆઈઆરનો ઉપયોગ તેમને હેરાન કરવાના સાધન તરીકે કરવામાં આવ્યો હતો.

### આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુદ્દો ઉઠાવવાની પણ ભારતને પડોશી દેશની ધમકી

# હસીનાને ભારતથી પરત લાવવા તમામ પ્રયાસો કરીશુંઃ બાંગ્લાદેશ

### બાંગ્લાદેશમાં પાંચ ઓગસ્ટે ઉગ્ર વિરોધ પ્રદર્શનને પગલે શેખ હસીના ભારતમાં ભાગીને આવ્યા હતાં

। (એજન્સી) ઢાકા, તા.૨૨ ।



ભારતને ધમકીભર્યા સૂરમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારે જણાવ્યું હતું કે તે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાને ભારતમાંથી પરત લાવવાના તમામ પ્રયાસો ચાલુ રાખશે અને જો જરૂર પડશે તો આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની માંગ કરશે. કાયદા સલાહકાર આસિફ નઝરુલે ઢાકામાં સચિવાલય ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે જો નવી દિલ્હી હસીનાને પરત કરવાનો ઈનકાર કરે કરશે તો તે બાંગ્લાદેશ અને ભારત વચ્ચેની પ્રત્યાર્પણ સંધિનું ઉલ્લંઘન હશે. અમે પ્રત્યાર્પણ માટે પત્ર લખ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો ભારત ઈનકાર કરશે તો વિદેશી બાબતોનું મંત્રાલય આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષા આ મુદ્દો ઉઠાવવા માટે જરૂરી પગલાં લેશે. વિદેશ મંત્રાલય પણ પ્રયાસો કરી રહ્યું છે અને રેડ એલર્ટ જારી કરાયો છે. બાંગ્લાદેશમાં પાંચ ઓગસ્ટે ઉગ્ર વિરોધ પ્રદર્શનને પગલે શેખ હસીના ભારતમાં ભાગીને આવ્યા હતાં અમે અમારાથી બનતા તમામ કરી રહ્યા છીએ. સરકાર શેખ હસીનાને પરત લાવવાના તમામ પ્રયાસો ચાલુ રાખશે. જો જરૂર પડશે તો આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવવામાં આવશે. બાંગ્લાદેશમાં ૫ ઓગસ્ટે ઉગ્ર વિરોધ પ્રદર્શનને પગલે શેખ હસીના ભારતમાં ભાગીને આવ્યા હતાં. આ પછીથી તેઓ ભારતમાં રહે છે. બાંગ્લાદેશના ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલએ હસીના અને કેટલાક ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીઓ, સલાહકારો અને લશ્કરી અને નાગરિક અધિકારીઓ માટે માનવતા અને નરસંહાર વિરુદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યા છે.

# ટ્રમ્પે જન્મજાત નાગરિકતા ખત્મ કરતાં લાખો ભારતીયોને અસર

### અમેરિકાના પ્રમુખપદના શપથ લેતાંની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે અનેક આકરાં પગલાં જાહેર કર્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।



ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પ્રમુખપદ સંભાળ્યાના પહેલા જ દિવસે અનેક એક્ઝિક્યુટિવ ઓર્ડર પસાર કર્યા હતાં. આમાં પેરિસ ક્લાયમેટ એગ્રીમેન્ટ અને વિશ્વ આરોગ્ય સંગઠનમાંથી અમેરિકાને બહાર કાઢવા, ટિકટોકને ૭૫ દિવસનો સમય આપવા, મોતની સજાને ફરીથી બહાલી આપવા અને માફી આપવાની શક્તિનો ઉપયોગ સહિતના અનેક નિર્ણયોનો સમાવેશ થાય છે. લાખો ભારતીયોને સૌથી વધુ અસર કરે તેવા એક આદેશમાં તેમણે બિન-કાયમી નિવાસીઓના બાળકોને આપોઆપ મળતી નાગરિકતાને ખતમ કરવાની જાહેરાત કરી હતી. જન્મજાત નાગરિકતા બંધ કરવાનો નિર્ણય અમેરિકાની ઈમિગ્રેશન નીતિમાં મોટો ફેરફાર દર્શાવે છે. આ નિર્ણયનો અમલ ૩૦ દિવસમાં થશે. જોકે આ નિર્ણયને કોર્ટમાં પણ પડકારવામાં આવ્યો છે. જન્મજાત નાગરિકતા સમાપ્ત કરવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર ટ્રમ્પે હસ્તાક્ષર કર્યાના થોડા કલાકોમાં જ ન્યૂ હેમ્પશાયરમાં ઈમિગ્રેશન એડવોકેટ્સે તેમની સામે કેસ દાખલ કર્યો છે. ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં જણાવાયું હતું કે જો માતાપિતામાંથી કોઈ એક અમેરિકન નાગરિક નહીં હોય તો યુ.એસ.માં જન્મેલા બાળકોને તેમની સરકાર દ્વારા નાગરિક તરીકે માન્યતા આપવામાં આવશે નહીં. જો ટ્રમ્પના નિર્ણયનો અમલ થશે તો અમેરિકામાં વર્ક વિઝા કે ટુરિસ્ટ વિઝા પર રહેતા ભારતીય માતાપિતાના ત્યાં જન્મેલા બાળકને આપોઆપ અમેરિકાની નાગરિકતા મળશે નહીં. એક્ઝિક્યુટિવ ઓર્ડરનો હેતુ દેશમાં બર્થ ટુરિઝમને સમાપ્ત કરવાનો છે. જન્મજાત નાગરિકતા એક કાનૂની સિદ્ધાંત છે, જે હેઠળ માતાપિતા કોઈપણ દેશના હોય પણ બાળક જે દેશમાં જન્મે છે તે દેશની આપો આપ નાગરિકતા મળે છે. માતાપિતા કાયદેસર અમેરિકામાં રહે છે કે નહીં તેને પણ ધ્યાનમાં રાખવામાં આવતું નથી. અમેરિકાના બંધારણમાં ૧૪મો સુધારો હેઠળ યુએસની ધરતી પર જન્મેલા લગભગ તમામ બાળકોને આપોઆપ નાગરિકતા મળે છે. ઈમિગ્રેશનને ડામવા માટે ટ્રમ્પે યુએસ-મેક્સિકો સરહદ પર રાષ્ટ્રીય કટોકટી પણ જાહેર કરી હતી. માર્કો રુબિયોને યુએસ સેનેટ દ્વારા સેક્રેટરી ઓફ સ્ટેટ તરીકે નીમ્યા બાદ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા.

# ટ્રમ્પના શપથ પછી તરત પુતિન અને જિનપિંગ વચ્ચે ચર્ચા

### ટેલિવિઝન પર પ્રસારિત પુતિન અને જિનપિંગની વાટાઘાટના અંશમાં બંનેમાંથી કોઇ નેતાએ પ્રત્યક્ષ રીતે ટ્રમ્પના નામનો ઉલ્લેખ કર્યો ન હતો

। (એજન્સી) મોસ્કો, તા.૨૨ ।



અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના શપથવિધી પછી તરત રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિને ચીનના શિ જિનપિંગ સાથે ફોન પર વાત કરી હતી. યુક્રેન પર રશિયાના હુમલા પછી પુતિન અને ચીનના સંબંધો વધુ મજબૂત બન્યા છે ત્યારે બંને નેતાએ બદલાતા વૈશ્વિક સમીકરણ પર ચર્ચા કરી હતી. પુતિને ફોન પરની વાતચીતમાં ભાર મૂક્યો હતો કે, ‘‘રશિયા-ચીનના સંબંધો સમાન હિતો, સમાનતા અને પરસ્પર લાભ પર આધારિત છે. આ સંબંધો આંતરિક રાજકીય પરિબળો કે હાલના આંતરરાષ્ટ્રીય માહોલ પર નિર્ભર નથી.’’ ઉલ્લેખનીય છે કે, પશ્ચિમના દેશોએ રશિયા પર લગાવેલા પ્રતિબંધો પછી ચીન રશિયાના ઓઈલ અને ગેસનું મોટું ગ્રાહક બન્યું છે. પુતિને જણાવ્યું હતું કે, ‘‘અમે ન્યાયસંગત બહુધ્રુવીય વૈશ્વિક વ્યવસ્થાને ટેકો આપીએ છીએ. વૈશ્વિક બાબતોમાં રશિયા અને ચીનના સંયુક્ત પ્રયાસ સ્થિરતાની બાબતમાં મહત્વની ભૂમિકા ભજવે છે.’’ ટેલિવિઝન પર પ્રસારિત પુતિન અને જિનપિંગની વાટાઘાટના અંશમાં બંનેમાંથી કોઈ નેતાએ પ્રત્યક્ષ રીતે ટ્રમ્પના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. જોકે, તેમની વાટાઘાટનો સમય સંકેત આપે છે કે તે અમેરિકાની નવી સરકાર સાથે સંવાદ માટે તૈયાર છે. દરમિયાન જિનપિંગે શુક્રવારે ફોન પર ટ્રમ્પ સાથે વાત કરી હતી. જેમાં તેમણે અમેરિકા સાથે સારા સંબંધોની આશા વ્યક્ત કરી હતી. પુતિને હજુ ટ્રમ્પ સાથે વાત કરી નથી, પણ તેમણે અધિકારીઓ સાથેના વીડિયો કોલમાં ટ્રમ્પને રાષ્ટ્રપતિપદ માટે શુભેચ્છા આપી હતી અને રશિયા સાથે સંવાદના ઈરાદાને આવકાર્યો હતો.

# સંજય રોયને ફાંસીની સજા માટે બંગાળ સરકાર હાઇકોર્ટ પહોંચી



। (એજન્સી) કોલકાતા, તા.૨૨ ।

કોલકાતામાં આરજી કર હોસ્પિટલમાં ડૉક્ટર પર રેપ અને મર્ડર કેસના દોષિત સંજય રોયને આજીવન કેદની સજા કરતાં ટ્રાયલ કોર્ટના આદેશને પશ્ચિમ બંગાળ સરકારે મંગળવારે કલકત્તા હાઈકોર્ટમાં પડકાર્યો હતો અને દોષિતને ફાંસીની સજાની માગણી કરી છે. મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ સોમવારે ટ્રાયલ કોર્ટના ચુકાદા અંગે નિરાશા વ્યક્ત કરી હતી અને તેને ઉચ્ચ અદાલતમાં પડકારવાની જાહેરાત કરી હતી. આ પછી ૨૪ કલાકમાં સરકારે હાઈકોર્ટમાં આ અરજી કરી હતી. સરકારના અધિકારીએ જણાવ્યું હતું કે સરકારે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવા માટે કોર્ટની પરવાનગી મેળવી છે. હાઈકોર્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે અપીલને લગતી સુનાવણી બુધવારની શરૂ થઈ શકે છે કારણ કે રાજ્ય દ્વારા કેસ દાખલ કરવાની પ્રક્રિયા મંગળવારના અંત સુધીમાં પૂર્ણ થઈ ગઈ છે. સિયાલદાહ કોર્ટે સંજય રોયને મૃત્યુ સુધીની આજીવન કેદની સજા ફટકારી હતી અને મૃત્યુદંડની માંગને નકારી કાઢીને કહ્યું હતું કે તે રેરેસ્ટ ઓફ રેર કેસ નથી. કોર્ટે રોયને રૂ.૫૦,૦૦૦ દંડ ભરવાનો પણ આદેશ આપ્યો હતો અને રાજ્ય સરકારને મૃતક ડોક્ટરના પરિવારને રૂ.૧૭ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# ઉત્તરપ્રદેશના શામલીમાં STFનું મોટું ઓપરેશન

। (એજન્સી) લખનઉ, તા.૨૨ ।

ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સે મંગળવારે એક મોટું ઓપરેશન પાર પાડ્યું હતું. જિલ્લાના ઝીંઝાના વિસ્તારમાં ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સએ એન્કાઉન્ટરમાં ૪ બદમાશોને ઠાર મારી દીધા હતા. આને પગલે ફરી એકવાર રાજ્યમાં રાજકીય વિવાદ સર્જાયો છે. આ મામલે શરણપુર રેન્જના ડીઆઈજી અજય કુમાર સાહની કહ્યું કે, ‘આ ઘટના શામલી જિલ્લાના ઝીંઝાના વિસ્તારમાં બની હતી. એસટીએફના મેરઠ યુનિટને માહિતી મળી હતી કે એક ગેંગ પશ્ચિમ યુપીમાં કંઈક કરવાની યોજના બનાવી રહી છે. હરિયાણાથી આવતી એક કારને રોકવામાં આવી, ત્યારે કારમાં મુસાફરી કરી રહેલા બદમાશોએ ગોળીબાર શરૂ કર્યો હતો. જેમાં એક એસટીએફ અધિકારી ઘાયલ થયા હતા. સામસામે થયેલી ફાયરિંગમાં એસટીએફ દ્વારા કારમાં સવાર ૪ બદમાશોને ઠાર કરવામાં આવ્યા હતા. તેમની પાસેથી ઓટોમેટિક હથિયારો, પિસ્તોલ, કાર્બાઈન્સ, જીવંત કારતૂસ અને એક કાર જપ્ત કરી છે. ૪ બદમાશોમાંથી ૩ની ઓળખ થઈ ગઈ છે.

# "સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ"ના કેન્દ્રવર્તી વિષયને અનુલક્ષીને નવી દિલ્હીમાં કર્તવ્યપથ પર પ્રજાસત્તાક દિને ગુજરાત રજૂ કરશે


। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના 'કીર્તિ તોરણ'થી લઈને ૨૧-મી સદીના 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના રાજ્યના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા''ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું કરવામાં આવ્યું છે અસરકારક નિદર્શન

૭૬-મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો મુખ્ય અતિથિ તરીકે ઉપ સ્થિત રહેશે.

''સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ'' શીર્ષક અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા ૭૬-મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત જે ઝાંખીની રજૂઆત થઇ રહી છે; તે ખરા અર્થમાં ન માત્ર રાજ્ય કિન્તુ રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર અને વિકાસના અભૂતપૂર્વ સંમિશ્રણને અસરકારકતાથી સાકારિત કરી રહી છે. ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના સોલંકીકાળના 'કીર્તિ તોરણ'થી લઈને ૨૧-મી સદીની અજાયબી સ્વરૂપ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા''ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું અસરકારક નિદર્શન કરવામાં આવ્યું છે. ગુજરાતની ઝાંખીમાં પ્રારંભે સોલંકીકાળનું વડનગર સ્થિત ૧૨-મી સદીનું રાજ્યના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર સમું 'કિર્તી તોરણ' છે; તો છેડે ૨૧-મી સદીની શાનસમું ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને દર્શાવવામાં આવી છે. આ બંને વિરાસતોની વચ્ચે ગુજરાતમાં અલગ-અલગ ક્ષેત્રોમાં થયેલા શાનદાર વિકાસની પ્રતિકૃતિઓ છે. જેમાં સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના ગુજરાતના વિવિધ પ્રકલ્પોને દર્શાવવામાં આવ્યા છે. ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦-મી જન્મવર્ષની ઉજવણી પ્રસંગે ગુજરાતના 'જનજાતીય ગૌરવ'ને દર્શાવતી પિથોરા ચિત્રોની શ્રુંખલા, પૂર્વ વડાપ્રધાન વાજપાયીજીની ૧૦૦-મી જન્મજયંતીના પ્રતિક સ્વરૂપે સાબરમતી રિવરફ્રન્ટના બે છેડાના જોડતો 'અટલ બ્રિજ, દ્વારિકા અને શિવરાજપુર બીચ ખાતે સાકારિત થનારા 'અન્ડર વોટર સ્પોર્ટ્સ'ની પ્રવૃતિઓની સાથે કચ્છી માટી-આભલાની કલાકૃતિઓ આ ઝાંખીને ચાર ચાંદ લગાવી રહ્યા છે.



ગુજરાતની ઝાંખીના અગ્રભાગમાં 'યુનેસ્કો'ની હેરિટેજ સાઈટમાં સામેલ આનર્તપુર હાલના વડનગર સ્થિત ૧૨-મી સદીનું સોલંકીકાળનું 'કીર્તિ તોરણ' દર્શાવવામાં આવ્યું છે. જેની ફરતે કચ્છી માટી-આભલાની કલાકૃતિની સાથે જનજાતીય દેવ 'બાબા પિથોરા'ની સ્મૃતિમાં રેખાંકિત થયેલા 'પિથોરા ચિત્રો''ની શ્રુંખલા દર્શાવવામાં આવી છે.

આ ઝાંખીના પૃષ્ઠ ભાગમાં સંરક્ષણ-ટેકનોલોજી ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના પ્રકલ્પો પૈકી વડોદરામાં 'તાતા એડવાન્સડ સિસ્ટમ લિમિટેડ'ના મારફતે તૈયાર થનારા ભારતીય વાયુદળના સી-૨૯૫ એરક્રાફટના યુનિટ અને તેની નીચે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના બે છેડાના જોડતો તકનીકી અદ્વિતીયતાના નમૂનારૂપ 'અટલ બ્રિજ', સેમી કંડકટરના ઉત્પાદનમાં ગુજરાતમાં થનારા જંગી રોકાણ સ્વરૂપે સેમી કંડકટર ચીપ અને તેની સાથે જોડાયેલા વિવિધ ઉપકરણો અને તેની નીચે ઓટોમોબાઈલ-મેન્યુફેક્ચરીંગ હબ તરીકે પ્રસ્થાપિત થઈ રહેલો ગુજરાતનો ઓટો-મશીન ઉદ્યોગ દર્શાવવામાં આવ્યો છે.

આ ઝાંખીના અંતિમ ભાગમાં દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦-મી જન્મજયંતીની સ્મરણાંજલિના ભાગરૂપે ૨૧-મી સદીની શાન અને દેશભરના ખેડૂતો મારફતે એકત્રિત કરવામાં આવેલા લોખંડથી નિર્માણાધીન સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા-'સ્ટેચ્યુ ઓફ યુનિટી' દર્શાવવામાં આવ્યું છે. જેની નીચેના ભાગમાં જગતમંદિર દ્વારકાની પાવનભૂમિ અને શિવરાજપુર બીચ ખાતે સાકારિત થનારા 'અન્ડર વોટર સ્પોર્ટ્સ'ની પ્રવૃતિઓનું નિદર્શન કરવામાં આવ્યું છે. આ દ્રશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિની સામગ્રી પ્રતિષ્ઠિત ચેનલ 'ડિસ્કવરી' દ્વારા પૂરી પાડવામાં આવી છે.

ગુજરાતની આ ઝાંખીને વધુ રસપ્રદ બનાવવાના હેતુસર પારંપરિક કિન્તુ અર્વાચીન દુહાના તાલે રાજ્યના જોમવંતા મણીયારા રાસને જીવંત નૃત્ય સાથે દર્શાવવામાં આવ્યો છે.

આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ૧૪ રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૧૬ ઝાંખીઓ મળીને કુલ ૩૦ ટેબ્લોનું પ્રદર્શન થનારું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૭૬-મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ શ્રીમતિ અવંતિકા સિંઘ ઔલખ, માહિતી નિયામક શ્રી કિશોર બચાણી, અધિક નિયામક શ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ.સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક શ્રી જીગર ખુંટ યોગદાન આપી રહ્યાં છે. આ ઝાંખીનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના શ્રી સિદ્ધેશ્વર કાનુગા કરી રહ્યા છે.

## ટ્રમ્પના સત્તા પર આગમન સાથે કિંમતી ધાતુમાં તેજી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમેરિકાના નવા ૪૭માં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સત્તા પર આગમન સાથે તેમની વેપાર નીતિઓ મુદ્દે અનિશ્ચિતતાઓ તેમજ ડોલર નબળો પડતાં કિંમતી ધાતુ બજારમાં તેજી જોવા મળી છે. સ્થાનિક બજારમાં સોનાની કિંમત સર્વોચ્ચ ટોચે પહોંચી છે. વૈશ્વિક સ્તરે પણ સોનું ૧૧ માસની ટોચે પહોંચ્યું છે. અમદાવાદ કિંમતી ધાતુ બજારમાં સોનું આજે રૂ.૮૨૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે પહોંચ્યું છે. જેની ગત ૩૦ ઓક્ટોબરે કિંમત રૂ. ૮૨૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામ હતી. સોનાનો ભાવ ગઈકાલની તુલનાએ ૧૦ ગ્રામ દીઠ રૂ. ૭૦૦ વધ્યો છે. આજે અમેરિકન ડોલરમાં આકર્ષક તેજીએ વિરામ લેતાં સેફ હેવનમાં રોકાણ વધ્યું છે. ઔદ્યોગિક માગના કારણે ગતવર્ષે આકર્ષક રિટર્ન આપનારી ચાંદી આજે રૂ. ૧૦૦૦ મોંઘી થઈ છે. આજે અમદાવાદમાં રૂ. ૯૧૫૦૦ પ્રતિ કિગ્રાના ભાવે ક્વોટ થઈ રહી હતી. ગતવર્ષે ઓક્ટોબરમાં ચાંદીનો ભાવ રૂ.૯૯૦૦૦ પ્રતિ કિગ્રાના રેકોર્ડ સ્તરે પહોંચ્યો હતો. ઉલ્લેખનીય છે, વિશ્વભરમાં સોના કરતાં ચાંદીની માગ સતત વધી રહી છે. જેની પાછળનું કારણ ઈલેક્ટ્રોનિક્સ એપ્લાયન્સિસ અને ઈ-વાહનોની વધતી ડિમાન્ડ છે. કોમોડિટી નિષ્ણાતોએ પણ ચાંદી આ વર્ષે દોઢ લોખનો આંકડો ક્રોસ કરશે તેવી સંભાવના વ્યક્ત કરી હતી.

## એરપોર્ટ પર ૭ કરોડના ડ્રગ્સ સાથે ઝડપાયો આરોપી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં મુસ્તાક ભટ્ટી નામનો એક પેસેન્જર ૭ કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે ઝડપાયો છે. તેની પાસેથી ૪.૬૪૫ ગ્રામ હાઈડ્રોફોનિક વીડ મળી આવ્યું છે જેની ઈન્ટરનેશનલ માર્કેટમાં કિંમત ૭ કરોડ રૂપિયાથી પણ વધારે છે. થાઈએરલાઈન્સની બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં હાઈડ્રોફોનિક વીડ સાથે ઝડપાયેલા મુસાફરનું નામ મુસ્તાક અહેમદ ઉંમરભાઈ ભટ્ટી છે. ચાર દિવસ પહેલાં પણ થાઈ એરલાઈન્સની ફ્લાઈટમાં બેંગકોકથી અમદાવાદ આવેલી થાઈલેન્ડની રહેવાસી પીમાલા સંપાની કસ્ટમના એર ઈન્ટેલિજન્સ યુનિટના મહિલા અધિકારી શીતલ પરમારે ૨૩૪૯ ગ્રામ હાઈડ્રોફોનિક વીડ સાથે ઝડપી લઈને ધરપકડ કરી હતી. ગાંજા કરતાં પણ ઉંચુ માનવામાં આવતું હાઈડ્રોફોનિક વીડ અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયું હોય એવો છેલ્લા ચાર દિવસમાં બીજો કિસ્સો બન્યો છે. આ અગાઉ બેંગકોકથી અમદાવાદ આવેલી એક મહિલા પાસેથી ૨૩૪૯ ગ્રામ હાઈડ્રોફોનિક વીડ મળી આવ્યું હતું અને આ મહિલાની એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ પણ કરવામાં આવી હતી.

# "સી લા વિ" ક્રુઝ થીમના ફર્સ્ટક્લાસ અનુભવની ઉજવણી IHM અમદાવાદના થીમ રેસ્ટોરન્ટ ખાતે જીવંત મનોરંજનની સાથે માણવામાં આવ્યો



। અમદાવાદ, તા.૨૨ ।

૨૨મી જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ IHM અમદાવાદ (ગાંધીનગર)ના વિદ્યાર્થીઓએ વિશિષ્ટ પરિબળો સાથે ''સી લા વિ'' નામના ક્રુઝ થીમ આધારિત રેસ્ટોરન્ટનું આયોજન કર્યા.. આ ભવ્ય ઈવેન્ટ IHM અમદાવાદના વિશેષ રેસ્ટોરન્ટ ''અવેઝિકા'' ખાતે બપોરે ૧૨:૪૫ વાગ્યાથી યોજાવામાં આવ્યું. આ અનોખી ડાઈનિંગ કોન્સેપ્ટ ગાંધીનગરના કેન્દ્રમાં લકઝુરિયસ ક્રુઝની ભવ્યતાને લાવ્યા, જેમાં ગૌરવશાળી રસોઈ અને જીવંત પ્રદર્શન સાથે અવિસ્મરણીય અનુભવ તૈયાર કરવામાં આવ્યું.



આ કાર્યક્રમનો આરંભ IHM અમદાવાદના પ્રિન્સિપાલ શ્રી કલ્યાણ મુકર્જી દ્વારા કરવામાં આવ્યું જેમને જણાવ્યું કે, ''અમે સીલાવી ક્રુઝ-પ્રેરિત અનુભવનું IHM અમદાવાદમાં સ્થિત ''અવેઝિકા'' રેસ્ટોરન્ટમાં કર્યું છે અને મહેમાનોને એક અનોખી અનુભૂતિ માટે આમંત્રિત કરીયે છીએ જેથી એ દરિયાઈ સફરની ભવ્યતા અને આકર્ષણનો અનુભવ કરી શકે. રેસ્ટોરન્ટનું નૌટિકલ થીમવાળું ડેકોર, વૈશ્વિક સ્વાદોથી ભરપૂર મેનુ, અને ડાઈનિંગ માટે આકર્ષક વાતાવરણ, બધું જ વિદ્યાર્થીઓના કલાત્મક દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે.''

આ અનોખી પહેલ પાછળ IHM અમદાવાદના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનું શ્રમ અને સર્જનાત્મકતા છે. સ્નેહા ગ્રોવર, સાનિયા લેલે, રેશવ સાગોત્રા, હર્ષિત સોપારીવાલા, દિવ્યાંશ બાજપેઈ, દિવ્યા ખાંતે, નૈના મહત્રે, દિપ્તિ સાવંત, મહેશ મુંડે, નવનીત રાવત અને મંજીત કુમાર જેવા ઘણા વિદ્યાર્થીઓની પ્રતિભા પ્રકાશિત થશે. આ તમામને IHM ના ગ્લોબલ ફેકલ્ટી જેવા કે શ્રી સંજીત માઝી, ડૉ. જય શર્મા, ડૉ. સલ્લા વિજયકુમાર, શ્રી વિનય નમજોશી અને શ્રીમતી યશોધરા પંડા દ્વારા માર્ગદર્શિત કરવામાં આવ્યા છે.

કાર્યક્રમ માં કોબા ગામના પૂર્વ સરપંચ શ્રી યોગેશ નાયી અને એમના ધર્મપત્ની ગાંધીનગર મહાપાલિકાના પૂર્વ દંડક શ્રીમતી તેજલબેન યોગેશભાઈ નાયી ના ખાસ હાજરી હતી. શ્રી કલ્યાણ મુકર્જી એ વધુમાં જણાવ્યું કે, '' અમે ઇચ્છીયે કે વધુ થી વધુ અમદાવાદ અને ગુજરાત વિસ્તારના વિદ્યાર્થીઓ અમારા ગ્લોબલ હોટેલ મેનેજમેન્ટ કોર્સેસ ના લાભ લઈ શકે અને વૈશ્વિક સ્તરે જે આ ફિલ્ડનું ગ્રોથ થાય છે એને અનુલક્ષીને એ હોટેલ, એરલાઈન્સ, ક્રુઝ લાઈન માં જોડાવાનું અને સાથે સાથે એક એન્ટ્રેપ્રેનેઉર બનવાનું સ્વપ્ન ને પણ સાકાર કરી શકે. એડમિનિસ્ટ્રેશન અને એકાઉન્ટ્સ ઓફિસર શ્રીમતી પ્રીતિ પ્રકાશ એ મેહમાનો ના આભાર વિધિ કર્યા હતા.

### IHM અમદાવાદ વિશે

૧૯૭૨માં સ્થાપિત, IHM અમદાવાદ (ગાંધીનગર) પર્યટન મંત્રાલય, ભારત સરકાર હેઠળ કાર્યરત છે અને આતિથ્ય અને રસોઈ શિક્ષણમાં આગેવાન છે. આ સંસ્થાએ વિદ્યાર્થીઓને વ્યવસાયિક કુશળતા માટે શ્રેષ્ઠ મંચ પૂરો પાડ્યો છે. અભ્યાસ પૂર્ણ કર્યા પછી, વિદ્યાર્થીઓ માટે દેશ-વિદેશમાં ઉત્તમ કારકિર્દી બનાવવા માટે અનેક તકો ઊભી થાય છે.

## ગુજરાત વિધાનસભાનું કેલેન્ડર જાહેર
## બજેટ સત્રમાં ૨૭ બેઠકો યોજાશે, ૨૦મી ફેબ્રુઆરીએ રજૂ કરાશે બજેટ

। ગાંધીનગર, તા.૨૨ ।

૨૭ બેઠકો માટે ચાલનાર આ સત્ર તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૨૮ માર્ચ ૨૦૨૫ સુધી ચાલશે. આ સત્ર દરમિયાન પ્રથમ દિવસે રાજ્યપાલનું સંબોધન- આભાર પ્રસ્તાવ હશે, શોક દર્શક ઉલ્લેખ અને સરકારી વિધેયક રજૂ કરવામાં આવશે. બજેટ સત્ર હોવાથી ૨૦મી ફેબ્રુઆરીએ બજેટ રજૂ થશે. જેમાં વર્ષ- ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત, વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત અને વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત, અંદાજપત્ર - બજેટ પર ચર્ચા, સરકારી સંકલ્પો, માંગણીઓ પર ચર્ચાઓ અને સરકારી-બિન સરકારી વિધેયકો પણ રજૂ કરવામાં આવશે. ગુજરાતમાં અગાઉ નગર પાલિકાઓમાં અને મહા નગરપાલિકામાં ભરતીમાં ગેરરીતિઓ બહાર આવી હતી. નડીયાદ નગરપાલિકામાં ભરતીમાં લાંબુ લિસ્ટ છેક રિજનલ કમિશનર સુધી પહોંચ્યું હતું. જેમાં ભરતીમાં ગેરરીતિનો આક્ષેપ થયો હતો. વર્ગ ૧ અને વર્ગ ૨ જેવી જગ્યાઓ પર ભરતીમાં ભ્રષ્ટાચાર અટકે અને ગુણવત્તા યુક્ત ઉમેદવારોની ભરતી થઈ શકે તે માટે GPSC જેવી સંસ્થાને કામગીરી સરકાર દ્વારા સોંપવામાં આવે છે. GPSC પાસે ભરતી પ્રક્રિયાની એક સ્ટાન્ડર્ડ પ્લેટફોર્મ હોય, ભરતી પ્રક્રિયા ટ્રાન્સપેરેન્ટ અને ઝડપી બને છે. આ ઉપરાંત હજુ મહા નગરપાલિકાઓ વચ્ચે કર્મચારીઓ - અધિકારીઓની બદલી ન થતી હોવાથી હવે નવી બનેલી મહા નગરપાલિકાઓમાં અનુભવી સ્ટાફની અછત રહેશે. મહાનગર પાલિકાના અધિકારીઓ ઈચ્છા ધરાવે છે કે સરકાર બદલાના નિયમોમાં ફેરફાર કરે, જેથી મહા નગરપાલિકાઓ વચ્ચે પણ અધિકારીઓની બદલી થઈ શકે.

આ મહત્ત્વપૂર્ણ સત્રમાં નાણામંત્રી કનુ દેસાઈ રાજ્ય બજેટ રજૂ કરશે, જેમાં આગામી વર્ષ માટે સરકારની નાણાકીય યોજનાઓ અને વિકાસ પહેલની રૂપરેખા આપવામાં આવશે. સત્રની શરુઆત રાજ્ય બજેટ રજૂ કરવા સાથે થશે, જેમાં માળખાગત સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રો માટે મુખ્ય ફાળવણીઓ જાહેર થવાની અપેક્ષા છે.

## ભાજપના યુવા મોરચાના પ્રમુખ પર હુમલાથી ચકચાર

। મહીસાગર, તા.૨૨ ।

લુણાવાડા ભાજપના યુવા મોરચાના પ્રમુખ પર હુમલો થયો હતો. અંગત અદાવતમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. લુણાવાડા ભાજપના યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત રાણાને કાન-માથાના ભાગે ઈજા પહોંચતા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાના પગલે લુણાવાડામાં ભારે તંગદિલી સર્જાઈ હતી. પોલીસે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. લુણાવાડા પોલીસે ફરિયાદ નોંધીને હુમલા મુદ્દે વધુ તપાસ હાથ ધરી હતી.

મહીસાગર જિલ્લામાં કોટેજ ચોકડી પાસે કેટલાક ઈસમો દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં તેને કાન અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમને વધુ સારવાર અર્થે જનરલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. લુણાવાડા ભાજપના યુવા મોરચાના પ્રમુખ પર હુમલો થયાના સમાચાર મળતાં જ હૉસ્પિટલમાં સ્થાનિક નેતાઓ, કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા.

હુમલાને લઈ લુણાવાડા પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને ગાળની કાર્યવાહી કરી હતી.

પ્રશાંત રાણા પર હુમલો કેમ કરવામાં આવ્યો અને કયા કારણો જવાબદાર છે તેની પોલીસે તપાસ હાથ ધરી હતી. આ ઘટનાને લઈ તંગદિલી વ્યાપી ગઈ હતી.

## અમદાવાદ-મુંબઈ વચ્ચે વધુ ત્રણ જોડી સ્પેશ્યલ ટ્રેનોનું સંચાલન

। અમદાવાદ, તા.૨૨ ।

રેલ પ્રસાસન દ્વારા મુસાફરોની સુવિધા અને મુસાફરોની વધારાની ભીડ ને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને મુંબઈ સેન્ટ્રલ, અમદાવાદ-લોકમાન્ય તિલક ટર્મિનસ (મુંબઈ) અને અમદાવાદ-દાદર (મધ્ય રેલ્વે) ની વચ્ચે ત્રણ જોડી સ્પેશ્યલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

**૧. ટ્રેન નં. ૦૯૦૦૯/૦૯૦૧૦ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશ્યલ (બે ટ્રિપ)**

ટ્રેન નંબર ૦૯૦૦૯ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશ્યલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૦૮:૨૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૪:૨૫ વાગ્યે અમદાવાદ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશ્યલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ અમદાવાદથી ૧૫:૧૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૨૧:૪૫ વાગ્યે સેન્ટ્રલ પહોંચશે.

માર્ગ માં, બંને દિશાઓ માં આ ટ્રેન બોરીવલી, વાપી, ઉધના, ભરૂચ અને વડોદરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં અનુભૂતિ ક્લાસ, એક્ઝિક્યુટિવ ચેર કાર, એસી ચેર કાર અને વિસ્ટાડોમ એસી કોચ હશે.

**૨. ટ્રેન નં. ૦૧૧૫૫/૦૧૧૫૬ લોકમાન્ય તિલક ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશ્યલ (બે ટ્રિપ)**

ટ્રેન નંબર ૦૧૧૫૫ લોકમાન્ય તિલક ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશ્યલ ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ (શનિવાર) ના રોજ લોકમાન્ય તિલક ટર્મિનસથી ૦૦:૫૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૧.૦૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૧૧૫૬ અમદાવાદ-લોકમાન્ય તિલક ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશ્યલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ અમદાવાદથી ૦૨:૦૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૧:૪૫ વાગ્યે લોકમાન્ય તિલક ટર્મિનસ પહોંચશે. માર્ગ માં, બંને દિશાઓ માં આ ટ્રેન થાણે, ભિવંડી રોડ, વસઈ રોડ, વાપી, ઉધના અને વડોદરા સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી-I ટાયર, એસી-૨ ટાયર અને એસી-૩ ટાયર કેટેગરીના કોચ રેહશે.

**3 ટ્રેન નં. ૦૧૧૫૭/૦૧૧૫૮ દાદર (સેન્ટ્રલ)-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ (બે ટ્રિપ)**

ટ્રેન નંબર ૦૧૧૫૭ દાદર-અમદાવાદ સુપર ફાસ્ટ સ્પેશ્યલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ દાદર (સેન્ટ્રલ) થી ૦૦:૩૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૧.૦૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૧૧૫૮ - અમદાવાદ-દાદર સુપરફાસ્ટ સ્પેશ્યલ ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ (સોમવાર) ના રોજ અમદાવાદથી ૦૨:૦૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૨:૫૫ વાગ્યે દાદર પહોંચશે. માર્ગ માં, બંને દિશાઓ માં આ ટ્રેન થાણે, ભિવંડી રોડ, વસઈ રોડ, વાપી, ઉધના અને વડોદરા સ્ટેશનો પર ઉભી રહેશે.આ ટ્રેનમાં AC-I ટાયર, AC-2 ટાયર અને AC 3 ટાયર કેટેગરીના કોચ રેહશે. ટ્રેન નંબર ૦૯૦૦૯, ૦૯૦૧૦, ૦૧૧૫૬ અને ૦૧૧૫૮ માટે બુકિંગ ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.